વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-
વર્ષ : ૪૪મું
માર્ચ - ૨૦૧૯
અંક : ૪૯૦
મંગલ મંદિર ● માર્ચ-૨૦૧૯ ● ૧
(કુલ પાના : ૭૬)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




## શહીદ થયેલા સેનાના વીર જવાનોને શત્ શત્ નમન



: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kjssmangalmandir@gmail.com • website : www.kuthijainahd.org


A NAVNEET PRODUCT
HQ
A Range of Office Stationery
Wiro Bound
Which Color suits your personality
Case Bound
High Quality Paper
Unique Casebound Notebooks
Available in A5

DEEP Industries Limited

Oil & Gas Exploration
Production & Services



- EXPLORATION AND PRODUCTION OF OIL AND GAS BLOCKS
- EXPLORATION AND PRODUCTION OF COAL BED METHANE
- NATURAL GAS COMPRESSION SERVICES
- OIL & GAS PROCESSING EQUIPMENT
- WORK OVER AND DRILLING RIGS
- HIGH PRESSURE MOBILE AIR COMPRESSION
- NATURAL GAS BASED POWER GENERATION
- GAS DEHYDRATION UNIT

• CONTACT DETAILS •

**Deep Industries Limited**

**Address :** 12A & 14, Abhi Shree Corporate Park,
Ambli Bopal Road, Ambli, Ahmedabad-380 058, Gujarat, INDIA.
**Phone # :** +91-2717-298510 **Fax # :** +91-2717-298520
**Website :** www.deepindustries.com **E-mail :** info@deepindustries.com

# જીવનને વિચાર-સમૃદ્ધ કરનારાં વૈવિધ્યપૂર્ણ પુસ્તકો

## ૨૦૧૮-૧૯નું પુનર્મુદ્રિત બાળ-કિશોર સાહિત્ય

- **હાન્સ એન્ડરસન પરીકથાવલિ (પુ. 5)** (મોજભરી કિશોરકથાઓ), લે. રમણલાલ સોની, રૂ. 325
- **ગિજુભાઈની બાળવાર્તા (પુ. 5)** (પ્રેરક બાળકથાઓ), લે. ગિજુભાઈ બધેકા, રૂ. 400
- **બાળનાટ્યગ્રંથાવલિ (પુ. 5)** (ભજવી શકાય તેવાં બાળનાટકો), લે. રમણલાલ સોની, રૂ. 325
- **વિક્રમ અને વૈતાલ (પુ. 5)** (રોમાંચક અને પ્રેરક બાળવાર્તાઓ), લે. રમણલાલ સોની, રૂ. 250
- **બાળજોડકણાં ગ્રંથાવલિ (પુ. 5)** (ગાઈ શકાય તેવાં પ્રેરક જોડકણાં), લે. રમણલાલ સોની, રૂ. 325
- **દેશદેશની વીરકથાઓ (પુ. 5)** (વિવિધ દેશોની વીરકથાઓ), લે. રમણલાલ ના. શાહ, રૂ. 250
- **બાલકાવ્ય ગ્રંથાવલિ (પુ. 5)** (જ્ઞાન-ગમ્મતથી રસ-છલોછલ બાળકાવ્યો), લે. રમણલાલ સોની, રૂ. 350
- **બીરબલ એટલે બીરબલ (પુ. 5)** (ચતુરાઈભરી બાળવાર્તાઓ), લે. મધુસૂદન પારેખ, રૂ. 200
- **છેલભાઈ શૌર્યકથામાળા (પુ. 5)** (છેલભાઈના વીરરસની કિશોરકથાઓ), લે. દોલત ભટ્ટ, રૂ. 300
- **ગુજરાત ઇતિહાસ કથામાળા (પુ. 12)** (અમર ઐતિહાસિક વિભૂતિઓનાં જીવનચરિત્રો), લે. કનૈયાલાલ જોશી, રૂ. 480
- **અંડેરી-ગંડેરી (પુ. 5)** (પુરસ્કૃત બાળવાર્તાઓ) લે. રતિલાલ સાં. નાયક, રૂ. 350
- **ડ્રાઉં... ડ્રાઉં... દાબેલી પાઉં !** (બાળવાર્તાઓ), લે. ગિરા પિનાકીન ભટ્ટ, રૂ. 80
- **હાક્છી... ધાક્છી ને મજા... મજા...** (બાળવાર્તાઓ), લે. ગિરા પિનાકીન ભટ્ટ, રૂ. 90
- **દાદાનો ડંગોરો** (મોજભર્યાં બાળકાવ્યો-જોડકણાં), લે. ભાવેશ પંડ્યા, રૂ. 75

### કુમારપાળ દેસાઈ લિખિત

**પરમનો સ્પર્શ** 250

કેટલીક આધ્યાત્મિક પ્રતિભાઓના જીવંત સંપર્કને પરિણામે આત્મસાત કરેલા અનુભવો અને ચિંતનનો અનેરો સંગમ આ પુસ્તકમાં છે. જીવનપ્રેરક વાતો ઉપરાંત ચેતનાના ઊર્ધ્વારોહણ માટેની ભરપૂર સામગ્રી આ પુસ્તકમાંથી મળે છે.

### રોહિત શાહ લિખિત

**(1) મિચ્છા મિ દુક્કડમ્ (જૈન ધર્મ વિષયક લેખો), (2) Kids અપગ્રેડ (બાળ-ઘડતર માટે પૅરન્ટ્સને ગાઈડન્સ આપતા લેખો), (3) થોટ્સએપ (સાંપ્રત ચિંતનના લેખો), (4) ફેક-બૂક (રાજકારણ વિષયક લેખો), (5) ઍન્ટિ-વાયરસ (ધર્મના ક્ષેત્રે પ્રદૂષણના વાયરસથી અલર્ટ રહેવાનું ગાઈડન્સ આપતા લેખો)** દરેકના 50

વિવિધ વિષયો પર નિર્દંભ-નીડર ચિંતનની યાત્રા કરાવતાં આ પાંચ પુસ્તકો સ્વજનો-મિત્રોને ભેટ આપવા જેવાં છે.

### સ્વામી સચ્ચિદાનંદ લિખિત

**ખોટા ઉપદેશોનાં ખોટા પરિણામ** 70

અધ્યાત્મના નામે ગુમરાહ કરનારા ઉપદેશો સામે ચેતવણી આપતું તાજું-માર્મિક ચિંતન

### દર્શના ધોળકિયા લિખિત

**શ્વાસમાં વાગે શંખ** 225

ધર્મની વિવિધ વિભાવનાઓની સંગત કરાવતું જ્ઞાન અને અધ્યાત્મના સંગમ જેવું પુસ્તક

### કાંતિલાલ કાલાણી લિખિત

**યથાર્થતાની ઉપાસના** 100

યથાર્થની સમજણ દ્વારા તેની ઉપાસનાનો માર્ગ બતાવતું વાસ્તવલક્ષી પુસ્તક

### મૃદુલા મારફતિયા લિખિત

**છાંદોગ્ય ઉપનિષદ** 350

હિન્દુધર્મનો જ્ઞાનખજાનો એટલે ઉપનિષદ. એ ખજાનાની ચાવી આપતું અનોખું પુસ્તક

### જીના વીરેન્દ્ર શેઠ સંપાદિત

**ગુજરાતી કથાગીતો** 130

ગુજરાતી-હિન્દી ભાષાનાં જાણીતાં અને લોકપ્રિય કથાકાવ્યો

### ડૉ. આશિષ ચોકસી લિખિત

**જીવન અને પોઝિટિવિટી** 60

નકારાત્મક ચિંતન જીવનને ડહોળી નાખે છે, હકારાત્મક ચિંતન જીવનની ગમે તેવી ગંભીર સમસ્યાનું પણ સમાધાન આપે છે. વિવિધ ઉદાહરણો સહિત વ્યક્તિત્વ-વિકાસનું માર્ગદર્શન આપતું આ પુસ્તક છે.

### ગોવિંદ શાહ લિખિત

**20 પ્રેરણાત્મક પ્રસંગો** 60

જીવનને સાચી દિશા બતાવે અને મૂંઝવણના તિમિરમાં માર્ગદર્શનનાં અજવાળાં બિછાવે તેવા આ જીવનપ્રેરક પ્રસંગો માત્ર વાંચવા જેવા જ નહિ, સમજવા જેવા પણ છે.

### પ્રતાપ ત્રિવેદી લિખિત

**ગાંધીજીની ગરિમા** 80

આ પુસ્તિકામાં ગાંધીજીના અઢાર પાવન પ્રસંગોનું સંવાદીકરણ (નાટ્ય-રૂપાંતર) છે.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઈમેલ : gurjarprakashan@gmail.com

છેલ્લા ૪૩ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

પ્રતાપ નારાણજી દંડ

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- સવર્ણોને ૧૦ ટકા અનામતનો લાભ ........ ૭
- અગત્યના દિન : રાષ્ટ્રીય અને વિશ્વ ........ ૮
- આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૯
- જય હિન્દ : અય મેરે વતનકે લોગોં ........ ૯
- વિણેલા મોતી : હાલને ભેરુ ........ **ભરત મકવાણા** ........ ૯

**YOUTH CLUB**

- How to start your career after graduation ........ *Devashish Chakravarty* ........ ૧૦

**લેખ વિભાગ**

**કચ્છ**

- વધારાના પાણી પ્રશ્ને કચ્છને અન્યાય ........ **અશોક મહેતા** .... ૧૧
- ભદ્રેશ્વર - કચ્છ ........ **ડૉ. મિહિર એમ. વોરા** .... ૧૩

**કચ્છ કોર્નર (સંકલિત)**

- ૧૮મી સદીમાં કચ્છના નાવિકે કપડા પર બનાવેલ દરિયાઇ નકશો ........ ૧૪
- 'ચિનૂક' હેલિકોપ્ટરનું મુંદ્રા પોર્ટમાં આગમન ........ ૧૪
- 'ચરગબાજ' પ્રથમ વખત કચ્છમાં દેખાયું ........ ૧૫
- કચ્છમાં દેશી ખારેકના ફળ ........ ૧૬
- કચ્છમાં રવિ પાકનું વાવેતર ........ ૧૬

**શ્રદ્ધા**

- અંધકારને ભેદવા પ્રકાશનું કિરણ જોઈએ ........ **ડૉ. કાન્તિ ગોર 'કારણ'** .... ૧૭

**વિચારમંચ**

- ભૂતકાળ અને ભવિષ્યકાળનાં અવનવા ગણિત ........ **ડૉ. યાસીન દલાલ** .... ૧૯

**અંતર આત્મા**

- ગિલ્ટ દૂર કરવા શું કરશો? ........ **પાર્થ દવે, ફ્રીલાન્સ પત્રકાર** .... ૨૧

**નાતો**

- સંબંધ : સામાજિક સમરસતાનો પાયો ........ **ચંદ્રકાંત પટેલ 'સરલ'** .... ૨૩

**કારકિર્દી**

- સ્ટાફ સિલેક્શનની પરીક્ષા દ્વારા અઢળક તકો ........ **હીરેન દવે** .... ૨૫

**પાણી સમસ્યા**

- ગુજરાતના ડેમોમાં પાણીનો જથ્થો ઓછો કેમ રહે છે? ........ **કિરણ ચાંપાનેરી 'સેતુ'** ..... ૨૬
  **ફ્રીલાન્સ પત્રકાર**

**શિક્ષણ જગત**

- ઋણ સ્વીકાર ........ **એમ. ડી. સોલંકી** .... ૨૮

**પ્રવાસન**

- પર્યટન ક્ષેત્રે નૂતન ક્ષિતિજ 'ઈકો ટૂરિઝમ' ........ **ભરત'કુમાર' પ્રા. ઠાકર** .... ૩૨

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**સહમંત્રી**
શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
ઘર : ૨૬૬૧૨૦૮૯
મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## લક્ષ્ય


- લોહીનું બ્લડગ્રુપ કોઈપણ હોય, દિલો દિમાગમાં હંમેશાં 'બી–પોઝિટિવ' હોવું જોઈએ .......... **ભોલાભાઈ ગોલીબાર** .... ૩૪


## આરોગ્ય


- માનસિક સ્ટ્રેસની શરીર પર અસર (સારવાર)-૫ .... **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક** .... ૩૫
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**
- માનવ શરીર માટે ખૂબ જરૂરી વિટામિન બી-૧૨ .......... **મુકુંદ મહેતા** .... ૩૭


## જીવનમંત્ર


- મુશ્કેલીઓ ટાળવા આત્મહત્યા એ માર્ગ નથી .......... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .... ૩૯


## વાર્તા


- મારું ઘર .......... **સુનિતા એ. શાહ** .... ૪૦


## ધારાવાહિક નવલકથા


- છોરાંવછોઈ – (૨૯) : કિશોરને અકસ્માત .......... **હંસરાજ સાંખલા** .... ૪૨


## વૈવિધ્ય


- આંજો કાગર .......... ૪૯
- કેટલા રૂપિયાદાર છો એ મહત્ત્વનું નથી, – આબરૂદાર કેટલા છો એ મહત્ત્વનું છે .......... **પી. એમ. પરમાર** ..... ૪૯
- ઘર ઉપયોગી વાતો - ટિપ્સ .......... **નજમા ગોલીબાર** .... ૫૦
- સોશિયલ મીડિયા એક સમસ્યા – માતૃભાષામાં શિક્ષણ .......... ૫૧
- જૈન દર્શનના પ્રચાર પ્રસારનું કાર્ય કરનાર ભારતીયનું સન્માન .......... ૫૧
- અમદાવાદના પ્રાચીન જિનાલયો - ૫ ..... **પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)** .... ૫૨
- જાણકારી :
  વેસ્ટ ગ્લાસને રિસાઈકલ કરીને કોંક્રિટ તૈયાર કરાશે .......... ૫૩
  બોઈંગ-૭૪૭ ક્રાંતિકારી 'જમ્બો જેટ'ની અડધી સદી .......... ૫૩
  ફેસબુકનાં ૧૫ વર્ષ – પરિવર્તનનો પવન .......... ૫૪
- ભુજના લોકો .......... **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** ..... ૫૬
- યાદ છે! .......... **મહેન્દ્ર એચ. મહેતા** ..... ૫૬


## નિયમિત વિભાગો


- બાલુડેં જ્યું ગાલિયું .......... **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** .... ૫૭
- જ્ઞાન ગમ્મત .......... **સંકલન : શ્રીમતી કિરણબેન પી. ઠક્કર** .... ૫૮
- *Nano Nine* શબ્દ રમત-૧૫૦ ● *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૧૦૭) **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૬૧
- જાણવા જેવું .......... **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૬૪
- વલોવતન .......... **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** ...... ૬૫
- સમાજ દર્પણ .......... ૬૯
- સંસ્થા સમાચાર .......... ૬૯
- ઊડતી નજરે .......... ૭૨


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# સવર્ણોને ૧૦ ટકા અનામતનો લાભ

સમગ્ર દેશમાં દાયકાઓથી સવર્ણ સમાજમાં આવતી જ્ઞાતિઓના હજારો તેજસ્વી, હોંશિયાર અને મહેનતુ યુવાન - યુવતીઓને અનામતનો લાભ નહીં મળવાના કારણે સરકારી નોકરીઓમાં તથા શૈક્ષણિક સંસ્થાઓમાં યોગ્ય પ્રમાણમાં તકો મળતી ન હતી. આ કારણે સામાજિક ક્ષેત્રે એક પ્રકારનો અજંપો છવાયેલો હતો. આ કારણે તાજેતરમાં ૧૦ ટકા અનામતની જાહેરાત કેન્દ્ર સરકાર તરફથી થોડા સમય અગાઉ થઈ છે. ગુજરાતમાં પણ આર્થિક રીતે નબળા વર્ગને શિક્ષણ, સરકારી નોકરીઓમાં ૧૦ ટકા ઈબીસી અનામતનો લાભ હવે મળી શકશે. જેમાં ૪૫થી વધુ જ્ઞાતિઓને લાભ થશે. ગુજરાત સરકારે તાજેતરમાં સવર્ણોને ૧૦ ટકા અનામત આપવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો હતો. ૧૪મી જાન્યુઆરી, ૨૦૧૯ બાદ લેવાયેલ તમામ સરકારી ભરતીઓમાં હવે સવર્ણોને ૧૦ ટકા ઈબીસી અનામતનો લાભ પ્રાપ્ત થશે.

## કોને ઇબીસી અનામતનો લાભ મળશે?

★ વાર્ષિક રૂા. ૮ લાખ કરતા ઓછી આવક હોય.

★ પાંચ એકર કરતાં ઓછી ખેતી લાયક જમીન હોય.

★ એક હજાર ચો.ફૂટ કરતાં ઓછા રહેણાકનો પ્લોટ હોય.

★ શહેરી વિસ્તારમાં ૧૦૯ ચો.મી. કરતાં નાનો રહેણાંકનો પ્લોટ હોય.

★ શહેરી વિસ્તારની બહાર ૨૦૯ ચો.મી. કરતાં નાનો રહેણાંકનો પ્લોટ હોય.

અત્રે ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્રમાં મરાઠા, ગુજરાતમાં પાટીદારો અને રાજસ્થાનમાં જાટ છેલ્લા કેટલાય સમયથી અનામત આંદોલન ચલાવી રહ્યા છે. આ સંજોગોમાં ગુજરાતમાં ઈબીસી અનામતનો મુખ્યત્વે પાટીદાર, રાજપૂત, જૈન સહિત બ્રાહ્મણ જેવી સવર્ણ જાતિઓને ઈબીસી અનામતનો લાભ મળશે. ગુજરાતમાં માત્ર હિંદુ જ નહીં મુસ્લિમ, પારસી, ખ્રિસ્તી ઉપરાંત યહૂદીઓને પણ આર્થિક અનામતથી ફાયદો થશે. ૧૪મી જાન્યુઆરી, ૨૦૧૯ બાદ ગુજરાતમાં શૈક્ષણિક પ્રવેશ અથવા તો સરકારી નોકરીની જાહેરાત થઈ હશે પરંતુ ભરતી પ્રક્રિયા શરૂ થઈ નહીં હોય તે ભરતીમાં પણ ઈબીસી અનામતનો લાભ પ્રાપ્ત થશે.

સવર્ણોને ૧૦ ટકા ઈબીસી અનામતનો લાભ આપવાની જાહેરાત તો થઈ છે પરંતુ તેનાં સંબંધિત કાયદાઓ પણ થવા જોઈએ. કેન્દ્ર સરકારે પણ ઈબીસી અનામત લાગુ કરવાના જરૂરી કાયદાઓ ઘડવા પડશે. જ્યાં સુધી આ પ્રકારના કાયદાઓ ઉપલબ્ધ ન હોય ત્યાં સુધી અનામતનો લાભ આપવાનું શક્ય બનશે ખરું? તે ઉપરાંત, અનામતનો લાભ લેવા માટે કયા દસ્તાવેજો રજૂ કરવાના રહેશે તે પણ સ્પષ્ટ થવું જોઈએ. આ રીતે ૧૦ ટકા અનામતનો લાભ આપવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારે હજુ આગળની પ્રક્રિયા કરવાની રહે છે. ગુજરાત સરકાર દેશમાં ઈબીસી અનામત લાગુ કરવામાં અગ્રેસર તો રહ્યું છે પરંતુ આગળ જણાવ્યું છે તે મુજબ લાભાર્થીઓને લાભ આપવા માટે જરૂરી કાયદાઓ સાથે તેના સંદર્ભમાં કાનૂની કાર્યવાહી સંપૂર્ણ સ્વરૂપે કરવી પડશે. તે ઉપરાંત, આ માટે આગળની જરૂરી કામગીરી ત્વરીત થશે તો જ આ પ્રકારની જાહેરાતનો મતલબ બળવાન થઈ શકશે.

આ આખી પ્રક્રિયાને સંપૂર્ણ રીતે જોઈએ તો કેન્દ્ર સરકાર દ્વારા શિક્ષણ અને નોકરીમાં લાગુ કરાયેલા ૧૦ ટકા આર્થિક અનામતને લઈને નોટિફિકેશન બાદ હજુ સુધી રાજ્ય સરકાર દ્વારા ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશને લઈને બેઠક - રોસ્ટર પોઈન્ટની ગણતરી માટેનો વિગતવાર નોટિફિકેશન કરવામાં આવ્યા નથી. ૧૦ ટકા આર્થિક અનામતના બેઠકો માટેની ગણતરી માટે પણ કોઈ સ્પષ્ટતા થઈ નથી. આર્થિક અનામત લાગુ થયા બાદ ઉચ્ચ શિક્ષણમાં સૌપ્રથમ પીજી મેડિકલની પ્રવેશ પ્રક્રિયા થશે અને જેમાં ૧૦ ટકા આર્થિક અનામત પ્રમાણે પ્રવેશની કામગીરી થશે.

હાલ ૨૭ ટકા ઓબીસી, ૧૫ ટકા એસસી અને ૭ ટકા એસસી કેટેગરી અનામત બાદ હવે ૧૦ ટકા આર્થિક અનામત પણ ઉમેરવાની છે. હાલ ત્રણેય અનામત કેટેગરી માટે શિક્ષણમાં પ્રવેશ માટે બેઠકોની ગણતરી તેમજ નોકરીમાં ભરતી માટેની ગણતરીમાં રોસ્ટર પદ્ધતિ અમલમાં છે. જેમાં ૫૧ પોઈન્ટ ઓપન કેટેગરીના છે અને બાકીના ૪૯ પોઈન્ટ અનામત કેટેગરી છે. હવે ૧૦ ટકા આર્થિક અનામત લાગુ તો થઈ છે ત્યારે આ ૧૦ ટકા ક્વોટાને રોસ્ટર પોઈન્ટ પદ્ધતિમાં કયા પોઈન્ટ પર મૂકવો તેને લઈને સ્પષ્ટતા થઈ નથી. અનામતને ૪૯ ટકાથી વધારી શકાય તેમ નથી ત્યારે રોસ્ટર પદ્ધતિ કદાચ નવેસરથી તૈયાર કરવી પડશે. સરકાર દ્વારા ૧૦ ટકા આર્થિક અનામત કોને મળી શકે અને તેનો લાભ લેવા માટે રજૂ કરવાના પ્રમાણપત્રો વગેરે સંબંધી એક નોટિફિકેશન ઉપરોક્ત જાહેરાત બાદ બહાર પડ્યું છે. પરંતુ ઉપર જણાવ્યું તેમ રોસ્ટર પોઈન્ટની ગણતરી માટેની સ્પષ્ટતા અનામતના સંદર્ભમાં કરવી ખૂબ જરૂરી છે. આ બધી વિગતોના આધારે સંબંધિત જ્ઞાતિના પ્રજાજનો અનામતનો લાભ મેળવી શકે છે. ■

## ભારત : અગત્યના રાષ્ટ્રીય દિન

**માસ : માર્ચ**

૦૧ આર્મી પોસ્ટલ સર્વિસ દિન
૦૪ રાષ્ટ્રીય સુરક્ષા દિન
૧૨ દાંડીકૂચ દિન
૨૩ શહીદ ભગતસિંહ પુણ્યતિથિ

**માસ : એપ્રિલ**

૦૧ એપ્રિલફૂલ દિન, વાયુ સેના દિન
૦૪ સાગર દિન
૦૫ નેશનલ મેરીટાઈમ-ડે
૧૩ જલિયાંવાલા બાગ હત્યાકાંડ દિન
૧૪ ડૉ. આંબેડકર જયંતિ, અગ્નિશમન સેવા દિન
૨૨ પૃથ્વી દિન
૩૦ બાળમજૂરી વિરોધી દિન

## લટકતા થાંભલા - લેપાક્ષી મંદિર

આંધ્ર પ્રદેશના લેપાક્ષી મંદિરના સત્તર થાંભલામાંથી એક થાંભલો લટકતો છે. માન્યતા એવી છે કે આ થાંભલાની નીચેથી સામાન કાઢવાથી તે સામાન સાથે જોડાયેલ વ્યક્તિને સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે.

## વિશ્વ : અગત્યના દિન

**માસ : માર્ચ**

૦૮ વિશ્વ મહિલા દિન
૧૫ વિશ્વ ગ્રાહક દિન
૧૬ વિશ્વ રસીકરણ દિન
૨૦ વિશ્વ ચકલી દિન
૨૧ વિશ્વ વન દિન, વિશ્વ રંગભેદની નીતિ સમાપ્તિ દિન
૨૨ વિશ્વ જળ દિન
૨૩ વિશ્વ મોસમ વિજ્ઞાન દિન, વિશ્વ શાળા દિન, વિશ્વ વાયુશાસ્ત્ર દિન
૨૪ વિશ્વ ક્ષય દિન
૨૭ વિશ્વ રંગભૂમિ દિન

**માસ : એપ્રિલ**

૦૧ એપ્રિલફૂલ દિન
૦૭ વિશ્વ આરોગ્ય દિન
૧૨ વિશ્વ ઉડ્ડયન અને અવકાશી દિન
૧૮ વિશ્વ વારસા દિન
૨૨ પૃથ્વી દિન
૨૩ વિશ્વ પુસ્તક દિન

*તસવીરમાં નહીં પણ તકલીફમાં સાથે દેખાય એ જ આપણા.*

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● તા. ૩૧-૦૩-૨૦૧૯થી તા. ૦૬-૦૪-૨૦૧૯ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | જે વિદ્યાર્થીઓ આ વર્ષે (માર્ચ-૨૦૧૯માં) કોઈપણ બોર્ડમાં, કોઈપણ માધ્યમમાં ધોરણ-૧૦ની પરીક્ષા આપી રહ્યા છે તેવા વિદ્યાર્થીઓ માટે કેરિયર ગાઈડન્સ વર્કશોપ. |
| ● ગુરુવાર, તા. ૨૧-૩-૨૦૧૯ સવારે ૧૦.૦૦થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | યુવા વિકાસ સમિતિ | ધૂળેટીનો કાર્યક્રમ (વધુ વિગત : જુઓ પાના નં.-૬૬) |
| ● દર મહિનાના બીજા રવિવારે સવારે ૯ થી ૧૨ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | કરિયર કાઉન્સેલર પ્રો. જયરાજ પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી કરિયર કાઉન્સેલિંગ |

*નોંધ : ઉપરોક્ત કાર્યક્રમોની વિગતવાર માહિતી સંસ્થા સમાચાર વિભાગમાં જે તે સમિતિના અહેવાલમાં ઉપલબ્ધ છે.*

## અય મેરે વતનકે લોગોં

અય મેરે વતન કે લોગોં, તુમ ખૂબ લગાઓ નારા;
યે શુભ દિન હૈ હમ સબ કા, લહરાઓ તિરંગા પ્યારા.
પર મત ભૂલો સીમા પર, વીરોં ને હૈં પ્રાણ ગંવાયે;
કુછ યાદ ઉન્હેં ભી કર લો, કુછ યાદ ઉન્હેં ભી કર લો...
જો લૌટ કે ઘર ન આયે, જો લૌટ કે ઘર ન આયે....

અય મેરે વતન કે લોગોં, જરા આંખમેં ભર લો પાની
જો શહીદ હુએ હૈ ઉનકી, જરા યાદ કરો કુરબાની
તુમ ભૂલ ન જાઓ ઉનકો, ઈસલિયે કહી યે કહાની
જો શહીદ હુએ હૈ ઉનકી, જરા યાદ કરો કુરબાની.

જબ ઘાયલ હુઆ હિમાલય, ખતરે મેં પડી આઝાદી
જબ તક થી સાંસ લડે વો (૨)
ફિર અપની લાશ બિછા દી
સંગીન પર ધર કર માથા
સો ગયે અમર બલિદાની
જો શહીદ હુએ હૈં ઉનકી, જરા યાદ કરો કુરબાની.

જબ દેશમેં થી દિવાલી, વો ખેલ રહે થે હોલી
જબ હમ બૈઠે થે ઘરોંમેં (૨)
વો ઝેલ રહે થે ગોલી
હૈ ધન્ય જવાન વો અપને
થી ધન્ય વો ઉનકી જવાની
જો શહીદ હુએ હૈં ઉનકી, જરા યાદ કરો કુરબાની.

કોઈ શીખ કોઈ જાટ મરાઠા (૨)
કોઈ ગુરખા કોઈ મદ્રાસી (૨)
સરહદ પર મરનેવાલા (૨)
હર વીર થા ભારતવાસી (૨)
જો ખૂન ગીરા પરબત પર, વો ખૂન થા હિન્દુસ્તાની
જો શહીદ હુએ હૈં ઉનકી, જરા યાદ કરો કુરબાની

થી ખૂન સે લથપથ કાયા, ફિર ભી બંદૂક ઉઠાઈ
દસ દસ કો એકને મારા
ફિર ગીર ગયે હોશ ગંવા કે
જબ અંત સમય આયા તો (૨)
કહ ગયે હૈ હમ ચલતે હૈં
ખુશ રહેના દેશ કે પ્યારો (૨)
અબ હમ તો સફર કરતે હૈ
અબ... હમ... તો... સફર... કરતે હૈ... જય હિન્દ... જય હિન્દ....

## હાલને ભેરુ

દોસ્તી એટલે એવા ખભાનું સરનામું
જ્યાં વગર ટિકિટે ટપાલ પોસ્ટ થઈ શકે.

★ 'મિત્ર' એક એવો શબ્દ કે જેના નશામાં ડૂબવાનું મન થાય. દુનિયાનો કોઈપણ માણસ એવો નહીં હોય કે જેને એક સાચા મિત્રની ખોટ ના સાલતી હોય.

★ 'જે હસે અને દિલ તમારું ભીંજાય એ છે સાચો મિત્ર જે રડે અને મન તમારું આળું થાય એ છે સાચો મિત્ર.'

★ જો મિત્રતા તમારી નબળાઈ હોય તો સમજજો કે તમે દુનિયાના સૌથી મજબૂત વ્યક્તિ છો.

★ એક સારું પુસ્તક હજારો મિત્રોની બરાબર છે, પરંતુ એક સાચો મિત્ર આખા પુસ્તકાલય બરાબર છે.

★ આફતના વાદળો વરસે ત્યારે એક જ બ્રાન્ડની છત્રી કાગડો નહીં થાય... આ બ્રાન્ડ છે – "મિત્ર."

*– ભરત મકવાણા*

# YOUTH CLUB

## How to start your career after graduation

***Think beyond campus placements to make the most of career opportunities, Says Devashish Chakravarty***

Are you graduating this year or the next and planning to start a career? Do yourself a favour. Take responsibility for your career instead of relying on your college or anyone else.

**Campus isn't enough :** Campus placements restrict you to a limited number of opportunities. Off campus not only opens you to the world of diverse opportunities but also makes you self-reliant. As you apply off-campus, you get free interview practice and enhance your knowledge and confidence levels.

**Basic steps :** First, get your resume and certificates ready. Next, list your favourite companies to target even if they are scheduled to meet you on campus. Find like-minded friends and look for placement drives and job fairs.

**Did you get a PPO? :** Internships strengthen your resume. Apart from campus-driven internships, look for off-campus opportunities. You are likely to learn more and may even get a **PPO (Pre-Placement Offer).**

**Branded is better :** If you are debating between the cool five-person startup and a big company, choose the branded company for your first job unless you have entrepreneurial ambitions. Large companies have structured processes to help you learn basic professional skills. Also, a big brand on your resume works wonders for the future.

**Beyond 3 cities :** Though a large segment of the fresher jobs will be clustered around Mumbai, Bengaluru and NCR, there are tons of jobs in other cities that are lesser advertised. They are great opportunities to explore because the competition is lesser.

**Publish thoughts :** Start writing professional blogs as a student. Do you feel strongly about a sector or a company where business or customer experience can be better? Research thoroughly, write about it on your profiles, tweet it and mark the intended recipients. Invest in a few well researched ideas and quality output. You will increase your chances of being offered an interview.

**Stay connected :** When you have worked with people during your internship or during an event, stay connected. Keep them updated about your progress, graduation. This is the beginning of your professional network.

**Power up social media :** Do serious homework on the Internet and social media before meeting anyone in a professional capacity or a job interview. Know about their background, achievements, areas of interests to understand the individual.

**Stay clueless :** Are you unsure about your dreams in life? Lack of clarity early can be a strength if it leaves you open to new and different kinds of learning in your initial years. Make this the time to discover what work you enjoy and what are you good at.

**Where's the party? :** Don't miss out on fun while on your first job. Meet up with friends, continue with night-outs, plan last moment trips. Prioritising yourself helps maintain a balance and keeps it real.

### હવામાં આપમેળે ઉછળતો પથ્થર

પૂના પાસે શિવપુરીમાં હજરત કમર અલી દરવેશની જગ્યા છે. અહીં એક ૮૦૦ વર્ષ જૂનો ભારે ચમત્કારિક પથ્થર છે કે જેને લોકો પોતાની આંગળીઓ પર ઉઠાવી શકે છે.

કચ્છ

# વધારાના પાણી પ્રશ્ને કચ્છને અન્યાય



અશોક મહેતા

શ્રી ધરમશીભાઈ મહેશ્વરી દ્વારા ભુજ - કચ્છથી 'કચ્છ કોલિંગ' (Kutch Calling) નામનું અંગ્રેજીમાં એક મુખપત્ર બહાર પાડવામાં આવે છે. તેના ૬ જાન્યુઆરી, ૨૦૧૯ના અંકમાં કચ્છ માટે એક આઘાતજનક સમાચાર પ્રસારિત કરવામાં આવેલ છે. આ સમાચાર મુજબ તેઓશ્રીએ વિશ્વાસપાત્ર અધિકારીને ટાંકીને જણાવેલ છે કે કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીના કાર્યો કાયમ માટે સ્થગિત કરી દેવાના, જળસિંચાઇ વિભાગની લાગતી વળગતી ઓફિસને સુચના આપી દેવામાં આવેલ છે. આ સમાચારને એક મહિનાથી વધુ સમય થઈ ગયેલ હોવા છતાં ભુજમાંથી કે કચ્છમાંથી કોઈ પણ ખૂણેથી સળવળાટ થયાનું જાણવામાં આવેલ નથી. મૂળ આયોજન પ્રમાણે ૧.૦૦ એમ.એ.એફ. વધારાના પાણીથી કચ્છમાં ૧૦ લાખ એકર જમીનમાં સિંચાઇ કરવાના આયોજન હતા. આજના ધોરણે ઓછામાં ઓછા નફાવાળા પાકથી પણ ખેડૂતને બધા ખર્ચા બાદ કરતાં રૂા. ૧૫,૦૦૦/-નો એક એકરે નફો થાય. આ હિસાબે ૧૦ લાખ એકરની સિંચાઇ દ્વારા કચ્છના ગામડાંના ખેડૂતોને દર વર્ષે રૂા. ૧૫૦૦ કરોડની કમાણી થાય કે જે ઉપરોક્ત નિર્ણય દ્વારા આ ખેડૂતોને અન્યાય કરી તેમની કમાણી પર તરાપ મારવામાં આવી છે. અને તેમ છતાં પણ કચ્છના કોઈ પણ જાહેર સેવકે આ બાબત હરફ સુધ્ધાં ઉચ્ચારેલ નથી. કચ્છ કિસાન સંઘ પણ મૌન ધારણ કરીને બેઠું છે.

આ સમાચાર જાણવા મળતા તેની વિગતોના ઉંડાણમાં ઉતરવાનું થયું. જે-તે અધિકારી તરફથી કારણ એ દર્શાવવામાં આવ્યા કે જ્યાં લગી નિયમિત પાણી વહન કરવા માટેની કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો પૂર્ણ ન થાય ત્યાં લગી વધારાના પાણીના કાર્યો માટેની લિંક કેનાલ બનાવી, તેનો ખર્ચ કરવાથી કોઈ હેતુ સંધાતો નથી. (આ અધિકારીશ્રીને કોણ સમજાવશે કે સરદાર સરોવર ડેમનું કામ પૂર્ણ થાય એ અગાઉ ડેમની સાઇટથી રાજસ્થાન સુધીની ૪૯૬ કિ.મી. લાંબી મુખ્ય કેનાલનું કામ આ જ સરકારના આયોજનથી પરિપૂર્ણ કરી દેવામાં આવેલ હતું.) આ અધિકારીશ્રીઓ દ્વારા એ દલીલ પણ કરવામાં આવી કે નર્મદા નદીનું વધારાનું પાણી ૩ એમ.એ.એફ. છે જ નહીં. તેથી કચ્છને કેટલું પાણી ફાળવી શકાશે તે અત્યારે કહેવું મુશ્કેલ છે. તેથી આ કાર્યો પાછળ ખર્ચ કરવાનો અત્યારે કોઈ જ મતલબ નથી. એક તરફ વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણી માટે ઉત્તર ગુજરાતના કાર્યો રૂા. ૪,૦૦૦ કરોડના ખર્ચથી સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૦માં પરિપૂર્ણ કરી દેવામાં આવેલ છે. બીજી તરફ સૌરાષ્ટ્રને ફાળવવામાં આવેલ વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીના આજના અંદાજ મુજબ રૂા. ૨૦,૦૦૦ કરોડના ખર્ચની સામે "સૌની" યોજના અંતર્ગત રૂા. ૧૨,૦૦૦ કરોડ જેટલી રકમ ખર્ચાઇ ગયેલ છે અને આજે પણ એ કામો પૂરબહારમાં ચાલી રહેલ છે. જ્યારે કચ્છને ફાળવવામાં આવેલ ૧.૦૦ એમ.એ.એફ. પાણી માટે આજના આયોજન મુજબ રૂા. ૧૦,૦૦૦ કરોડના અંદાજિત ખર્ચ સામે છેલ્લા બે વર્ષના ગુજરાત સરકારના બજેટમાં રૂા. ૭૨ કરોડ અને રૂા. ૧૫ કરોડ જેટલી નજીવી રકમ માત્ર ફાળવવામાં આવેલ છે અને તે સામે આર.ટી.આઈ. દ્વારા મેળવેલ જવાબ મુજબ માત્ર રૂા. ૩ કરોડ જ વપરાયેલ છે. ગુજરાત રાજ્યમાં કચ્છ પ્રત્યે ભેદભાવ રાખી તેને આ હળહળતો અન્યાય કરવામાં આવી રહેલ છે, કે જે જોઈને કચ્છની પ્રજા સમસમી ના ઉઠે તો જ નવાઈ લાગે.

ઉપરોક્ત સમાચાર મળતા ભુજ ખાતે બિરાજમાન જળસિંચાઇ વિભાગના સુપ્રિન્ટેન્ડિંગ એન્જિનિયર શ્રી કોટવાલનો, આ લેખ લખનારે ફોન પર સંપર્ક સાધતા તેમણે ઉડાઉ જવાબ આપતા જણાવેલ કે નર્મદા નદીના નિયમિત પાણીના કમાન્ડ વિસ્તારના કામો એટલે કે વાંઢિયા બ્રાંચ કેનાલ, ગાગોદર બ્રાંચ કેનાલ અને દૂધઇ બ્રાંચ કેનાલના કામો કચ્છમાં બરાબર ચાલે છે. આ એકદમ ઉડાઉ જવાબ હતો. તેઓશ્રીએ જે જવાબ આપ્યો તે નર્મદા નિગમના નિયમિત પાણી અંગેનો અને સરદાર સરોવર નર્મદા નિગમના ડિપાર્ટમેન્ટને લગતો જવાબ હતો. આ જવાબને વધારાના પાણીના કાર્યો, કે જે જળસિંચાઇ વિભાગના આ કોટવાલની અંડરમાં આવે તેની સાથે કોઈ લેવાદેવા જ ન હતી. તેઓ એમ સમજતા હતા કે હું કચ્છની પ્રજાને સારી રીતે ઊંઠા ભણાવી શકીશ. જ્યારે તેમની યોગ્ય રાહે કાનપટ્ટી પકડવામાં આવી ત્યારે તેમણે કબૂલ્યું કે હા, હાલ પૂરતા કચ્છના વધારાના પાણીના કાર્યો મોકૂફ રાખવાના હુકમો આવેલ છે.

ત્યારબાદ જળસિંચાઇ વિભાગની ગાંધીનગર ઓફિસના ચીફ એન્જિનિયર શ્રી કાનાણીને, જ્યારે આ લેખ લખનારે ફોન કર્યો ત્યારે તેમની અનુપસ્થિતિમાં અન્ય ઓફિસરને લાઇન આપવામાં આવી અને તે ઓફિસરે જે જવાબ આપ્યો તે સાંભળીને જ દિગ્મુઢ થઈ જવાયું. તેઓએ જણાવ્યું કે તમારા કચ્છના

રાજકારણીઓમાં દમ ના હોય ત્યારે આવું જ થવાનું છે. તમારા કચ્છના રાજકારણીઓનું અહીં કંઇ ઉપજતું જ નથી. સૌરાષ્ટ્રના અને ઉત્તર ગુજરાતના ધારાસભ્યો અહીં આવી પોતાના કામો કઢાવી જાય છે જ્યારે તમારા રાજકીય કાર્યકરોની અહીં કોઇ કિંમત જ નથી અને તેઓને અહીં કોઇ દાદ આપતું પણ નથી. તેઓમાં પોતાના પ્રદેશને થતા અન્યાયની સામે લડવાની તાકાત જ નથી. આ પ્રશ્ન હવે રાજકીય બની ગયેલ છે અને રાજકીય રાહે કચ્છના વધારાના પાણીના કાર્યોમાં આગળ ન વધવાની અમને હાલ પૂરતી સુચના આપવામાં આવેલ છે કે જે ભવિષ્યમાં કદાચ કાયમી પણ બની શકે. ઉપરોક્ત જવાબ સાંભળીને કોઈ પણ કચ્છીને અનહદ આઘાત લાગે તે સ્વાભાવિક છે.

કચ્છની નર્મદા નિગમની ભચાઉ ઓફિસનો, જ્યારે આ લેખ લખનારે સંપર્ક સાધ્યો ત્યારે ત્યાંના એક વિશ્વાસપાત્ર અધિકારી તરફથી આ સમાચારમાં તથ્ય હોવાનું જણાવવામાં આવ્યું.

ઉપરોક્ત જવાબો કચ્છના કોઈ પણ પક્ષના ધારાસભ્યોની અને કચ્છના રાજકીય કાર્યકરોની આંખ ઉઘાડી નાખે તેવા છે. કચ્છના બધા જ પક્ષના રાજકીય કાર્યકરો સંગઠિત બની આ પ્રશ્ન હાથ પર નહીં લે અને માત્ર પોતાની ખુરશી કે પોતાનો હોદ્દો સાચવવામાં પડ્યા રહેશે તો કચ્છ માટે આવતા દિવસો ખૂબ જ અંધકારજનક હશે તેમાં બે મત નથી.

જે જિલ્લામાં સદીઓથી, દર ૧૦ વર્ષે ૭ વર્ષ દુષ્કાળના આવતા હોય, જે જિલ્લાની પ્રજા રોજીરોટી માટે વર્ષોથી સ્થળાંતર કરી અન્યત્ર વસવાટ કરતી હોય, જે જિલ્લાની પ્રજા ચાલુ વર્ષે પણ સખત દુષ્કાળની ભીંસમાંથી પસાર થઈ રહેલ હોય, જે જિલ્લાના પશુપાલકો આજે પણ પોતાના પશુઓને લઇને ગુજરાતના અન્ય જિલ્લાઓમાં સ્થળાંતર કરી પોતાના પશુઓને જીવિત રાખવાની મથામણમાં પરેશાન થતા હોય, એ જિલ્લાના રાજકીય કાર્યકરો માટે સરકારી અધિકારીશ્રીઓ દ્વારા ઉચ્ચારાયેલ ઉપરોક્ત વિધાનો ખૂબ જ આઘાતજનક કહેવાય. અગર કચ્છના બધા જ પક્ષના રાજકીય કાર્યકરોથી પોતાના હોદ્દા કે ખુરશીનો મોહ ના છૂટી શકતો હોય, તો કચ્છની આમ પ્રજાએ આ અન્યાય સામે લડત આદરવી જોઈએ તે હિચકિચાટ વગરની વાત છે.

વર્ષો અગાઉ નર્મદા નદીના પાણીના વિતરણ અંગે જ્યારે સંબંધિત રાજ્યો વચ્ચે અસહમતિ હતી ત્યારે વર્ષ ૧૯૬૯માં ભારત સરકાર તરફથી જળપંચ (સેન્ટ્રલ ટ્રીબ્યુનલ)ની રચના કરવામાં આવેલ હતી. વર્ષ ૧૯૭૯માં આ જળપંચનો ચુકાદો આવેલ હતો કે નર્મદા નદીના ૨૮ એમ.એ.એફ. નિયમિત પાણીમાંથી ગુજરાતને ૯ એમ.એ.એફ. પાણી ફાળવવામાં આવે અને પૂરના વધારાના પાણી તથા પાવર હાઉસમાંથી વીજળી ઉત્પન્ન થયા પછી બહાર નીકળતું છલતીનું પાણી કે જે એ વખતના અંદાજ મુજબ ૩.૦૦ એમ.એ.એફ.ની ગણના કરવામાં આવેલ હતી તે પણ ગુજરાતને ફાળવવાનો ચુકાદો આપવામાં આવેલ હતો.

શ્રી નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાત સરકારે નિર્ણય લીધેલ હતો કે વધારાના અંદાજિત ૩ એમ.એ.એફ. પાણીમાંથી ૧/૩ પાણી કચ્છને, ૧/૩ પાણી સૌરાષ્ટ્રને અને ૧/૩ પાણી ઉત્તર ગુજરાતને ફાળવવામાં આવે છે. મતલબ એ હતો કે ૧.૦૦ એમ.એ.એફ. પાણી કચ્છને, ૧.૦૦ એમ.એ.એફ. પાણી સૌરાષ્ટ્રને અને ૧.૦૦ એમ.એ.એફ. પાણી ઉત્તર ગુજરાતને ફાળવણી કરવાનો નિર્ણય લેવામાં આવેલ હતો.

આ નિર્ણય મુજબ ઉત્તર ગુજરાતના વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીના કાર્યો સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૬માં શરૂ કરવામાં આવેલ હતા અને વર્ષ ૨૦૧૦માં પરિપૂર્ણ કરી દેવામાં આવેલ હતા. સૌરાષ્ટ્રના વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીના કાર્યો ૫૦ ટકા જેટલા પરિપૂર્ણ કરી દેવામાં આવેલ છે અને બાકીના કાર્યો કોઈ પણ જાતના હિચકિચાટ વગર પૂરબહારમાં ચાલી રહેલ છે. જ્યારે કચ્છને ફાળવાયેલ વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીના કાર્યો માટે ગુજરાત સરકારશ્રીના અધિકારીશ્રીઓ દ્વારા (તેઓના મંત્રીશ્રીની સુચના પ્રમાણે) ઠાગાઠૈયા કરવામાં આવે છે. કચ્છને છેવાડાનો પ્રદેશ ગણી, હાલની સરકાર તેને ખૂબ જ અન્યાય કરી રહેલ છે. આ અન્યાય સામે કચ્છની બધા જ પક્ષની રાજકીય નેતાગીરીએ એકસંપ થઈ, પ્રશ્નના ઉંડાણમાં જઈ, કચ્છને થતા અન્યાયની સામે લડત આદરવી ખૂબ જ જરૂરી છે. અગર ગુજરાત સરકાર તેમનું ના સાંભળે અને પોતાની મનમાની કરે તો કચ્છના બધા જ ધારાસભ્યો, સંસદસભ્ય, જે - તે રાજકીય પક્ષના હોદ્દા ઉપરના કાર્યકરોએ એકજૂટ થઈ રાજીનામા ધરી દેવા જોઈએ. અગર કચ્છની આ રાજકીય નેતાગીરી એકસંપ થઈ માભોમ કચ્છને થતા અન્યાય સામે લડત ના આદરે તો કચ્છની પ્રજાએ સમજવું જોઈએ કે આ નેતાશ્રીઓને કચ્છના હિત માટે કોઈ જ ચિંતા નથી. તેઓ માત્ર પોતાની ખુરશી કે હોદ્દાના સ્વાર્થમાં કચ્છને છેહ દઈ રહ્યા છે. તેવા કિસ્સામાં પ્રજાએ જાતે આગળ આવી આ લડત આદરવી જોઈએ.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં,*
*જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

**નોંધ :**


૧. ***લાગતા વળગતા અધિકારીશ્રીઓ તરફથી એવી દલીલ કરવામાં આવે છે કે સરદાર સરોવર ડૅમમાં પાણી નથી. તેમને પૂછવાનું મન થાય છે કે અમદાવાદની રીવર ફ્રન્ટની યોજનામાં અને સી પ્લેઈન ઉડાડવામાં પાણી ક્યાંથી આવે છે? કચ્છના ભાગનું પાણી અહીં વપરાય છે?***

૨. ***પાવર હાઉસમાં વીજળી ઉત્પન્ન કરવાના વપરાશ પછી જે છલતીનું પાણી નીકળે છે તેને થોડા અંતરે એક નાનો બંધ બાંધી રોકવાનું હતું કે જે આજ દિવસ સુધી બંધાયેલ નથી અને આ પાણીની ગણના ૩ એમ.એ.એફ.માં લીધેલ હોવા છતાં તેને દરિયામાં વહેવડાવી દેવામાં આવે છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ — એમ કોના ભાગમાંથી આ પાણી કપાય છે?***

કચ્છ

# ભદ્રેશ્વર - કચ્છ

## જગડુશાહે ભદ્રેશ્વર (મુંદ્રા-કચ્છ)માં અનેક દેરાસરો બંધાવ્યા હતા



ડૉ. મિહિર એમ. વોરા

કચ્છના વહાણવટી જગડુશાહની વાતો વિશે બહુ જાણવા મળ્યું નથી પણ લેખક મકરંદ મહેતાએ 'ગુજરાત સમાચાર'માં તેની ઈતિહાસની કોલમમાં બહુ સરસ રીતે આ વાતને ખૂબ ઐતિહાસિક રીતે રજૂ કરી છે. આ માટે તેમનો ખૂબ આભાર. આવો જાણીએ અને માણીએ.

કદાચ ગુણવંત આચાર્યની દરિયાની નવલકથાઓમાં આનો ઉલ્લેખ છે તેવું લાગે છે. જગડુશાહ (ઇ.સ. ૧૨૧૦-૧૨૭૫) અને કાનજી માલમ (ઇ.સ. ૧૪૪૨-૧૫૧૬) જેવા કચ્છી વેપારીઓ અને વહાણવટીઓના વૃત્તાંતો બતાવે છે કે તેમણે માત્ર કચ્છની જ નહીં, ગુજરાત અને સમગ્ર ભારતવર્ષની અસ્મિતાને વિશ્વભરમાં દષ્ટિગોચર કરી હતી. ૧૮મા સૈકામાં થઈ ગયેલા **દાદા મેકરણ** નામના સંતે નીચેના કચ્છી કાવ્ય દ્વારા કચ્છની અસ્મિતા આબેહૂબ રીતે વ્યક્ત કરી છે :

*ઊંડા ઊંડા સાંયર બંબજલ ભરેલા,*
*તેમાં મચ્છ વસે બહુ મોટા*
*વહાણને વીશ રખે ખરાબે*
*ચડાવો માલમ થશે સર્વે ખોટા*
*કેના કેના બેડલાં પેલે તડ પોતા*
*વણજુ કરી ઘરે વસેલા*
*મરજીવા હોઈ મહાસમુદ્રમાં પેઠા*
*હીરા બોરી વહાણ ભરેલા.*

ભદ્રેશ્વર બંદર મુંદ્રા તાલુકામાં આવેલું પ્રસિદ્ધ જૈન તીર્થધામ છે. જગડુશાહે વિદેશ વ્યાપાર દ્વારા ખૂબ લક્ષ્મી પ્રાપ્ત કરીને ભદ્રેશ્વરમાં અનેક દેરાસરો બંધાવ્યા હતા. ભદ્રેશ્વર બંદરનો પૂરેપૂરો લાભ લઈને તેણે હિંદી મહાસાગરના દેશોમાં વ્યાપારી સામ્રાજ્ય બિછાવ્યું હતું. જગડુશાહ અનેક વહાણોનો માલીક હતો. તેનાં વહાણવટી શરાફો, આંગડિયાઓ અને દલાલો જાવા, સુમાત્રા, અચીન, સુંદા અને સુલવેસી જેવા અગ્નિ એશિયાના બંદરો અને ટાપુઓ ઉપરાંત ઇસ્ફહાન, મસ્ક, સોકોત્રા, એડન, મોખા, જીદ્દા અને છેક એલેકઝાંડ્રિયા સુધી પહોંચી જતા. તેના સમયમાં ગુજરાત અત્યંત ફળદ્રુપ પ્રદેશ હતો અને ગુજરાતનાં નગરો તથા ગામડાંઓ બંદરો સાથે સંકળાયેલા હતા. જગડુશાહ પટોળા સહિત વિવિધ જાતના કાપડ, ઝવેરાત, હાથીદાંતની અને અકીક પથ્થરની બનાવટો ઉપરાંત પૂર્વ આફ્રિકા અને મસાલાના ટાપુઓમાંથી ખરીદેલા લવિંગ, મરી, એલચી, પીપર, જાયફળ, જાવંત્રી જેવા મસાલા આરબ દેશોમાં મોકલતો. ગુજરાતની કૃષિ પેદાશોની ઘણા આરબ, તુર્ત અને પર્શિયન મુસાફરો અને વેપારીઓએ પ્રશંસા કરી છે.

જગડુના સમયમાં સમગ્ર વિશ્વ કૃષિપ્રધાન હતું. જગડુ ગુજરાતની ખેત પેદાશોની નિકાસ કરતો. જગડુ અનેક ચીજોની પુનઃ આયાત - નિકાસ કરતો મલ્ટી લેટરલ વેપારી હતો. અગ્નિ એશિયાનાં મસાલાના ટાપુઓમાંથી ખરીદેલા મરી - મસાલા, ગુજરાતનું કાપડ, ઝવેરાત, ગળી, કપાસ અને ખાદ્ય પદાર્થો ઈરાન અને અરબસ્તાનમાં ઠાલવતો. સર્વાનંદસૂરિએ ત્યાંના ચલણ દીનારનો ઉલ્લેખ કરીને લખ્યું છે કે જગડુના વિશ્વાસુ કર્મચારી જયંતસિંહે એક પ્રસંગે ઍડન બંદરમાં (આજના યમન દેશનું બંદર) આરબ અને તુર્ક વેપારીઓ સાથે સ્પર્ધા કરીને મણનાં મણ મીણ કેવી રીતે ખરીદ્યું હતું. જગડુની વખારમાં આ મીણ ઓગાળતાં તેમાંથી સોનાની પાટો પ્રાપ્ત થઈ હતી. સર્વાનંદસૂરિની આ વાતમાં જરૂર અતિશયોક્તિ છે. તેમ છતાં તેમાંથી સાર તારવી શકાય છે. ભારતવર્ષના સર્જનાત્મક કાળ 'સોલંકીયુગ'ના ઉત્તુંગ શિખર સમાન હતો "જગડુશાહ." માણસ તેની જીભ વડે નહીં પણ તેના હાથ, પગ અને બાવડાનાં શ્રમ દ્વારા લોકપ્રિય બને છે. **જગડુશાહ જેટલો ધનિક હતો તેટલો જ તે દાનવીર હતો.** તેણે પીવા, નહાવા-ધોવાના અને ખેતીકામ માટે જે કૂવા, વાવ, તળાવો અને સિંચાઇઓ બંધાવ્યા તેના ઉલ્લેખો તે સમયનાં અને ત્યાર પછીના સમયનાં સ્રોતોમાંથી પ્રાપ્ત થાય છે. તેણે ૧૨૫૬-૫૭ના મહાવિનાશક દુકાળ વખતે કચ્છ ઉપરાંત સૌરાષ્ટ્ર, તળ ગુજરાત અને સિંધમાં સ્થાપેલા અન્ન ક્ષેત્રોની વિગતો પણ પ્રાપ્ત થાય છે. તેનાં દુકાળ અંગેનાં રાહત કાર્યો સૈકાઓ સુધી મૌખિક લોકપરંપરામાં એવા તો જીવંત રહ્યા કે ૧૮૧૮માં કચ્છના અંગ્રેજ પોલિટિકલ એજન્ટને કચ્છનાં વિદ્વાનો ઉપરાંત જૈન, ભાટિયા, લોહાણા અને ખોજા વેપારીઓ તથા સામાન્ય લોકોએ કહ્યું કે કચ્છમાં જગડુશાહ નામનો મોટો

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૪ ઉપર)

કચ્છ કોર્નર

# કચ્છ કોર્નર

## મુંબઇના ૧૦૭ વર્ષ જૂના મરીન મ્યુઝિયમમાં ૧૮મી સદીમાં કચ્છના નાવિકે કપડા પર બનાવેલ દરિયાઇ નકશો સચવાયેલો છે

ભારતમાં સૌથી જૂનું મરીન મ્યુઝિયમ મુંબઇમાં ૧૯૧૨માં બન્યું હતું. મ્યુઝિયમના ક્યુરેટર પૃથ્વી રંગાનેકરે જણાવ્યું કે, મરીન મ્યુઝિયમમાં ૧૮૩૫માં કચ્છના નાવિકે બ્રિટીશરો માટે હાથવણાટના મોટા કપડા પર 'અરેબિયન કોસ્ટ અને રેડ સી'નો નકશો બનાવ્યો હતો. **૧૩ ફૂટ કપડામાં બનેલો આ નકશો આજે પણ સચવાયેલો છે.**

એમ.એસ. યુનિ.ના ફાઇન આર્ટસ ફેકલ્ટીના મ્યુઝિઓલોજી ડિપાર્ટમેન્ટમાં વિદ્યાર્થીઓને મરીન મ્યુઝિયમ વિશે જાણકારી મળે તે હેતુથી યોજાયેલા સેમિનારમાં ડિપાર્ટમેન્ટના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હાલમાં મુંબઇના મરીન મ્યુઝિયમમાં ક્યુરેટર તરીકે ફરજ બજાવી રહેલા પૃથ્વી રંગાનકરે જણાવ્યું કે ભારતમાં ફક્ત ઓડિસા (૨૦૧૩), કોલકત્તા (૨૦૧૭) અને મુંબઈ (૧૯૧૨)માં જ મરીન મ્યુઝિયમ છે. જેમાં સૌથી જૂનું મુંબઈનું મ્યુઝિયમ છે. અગાઉના સમયમાં સૌથી વધારે વેપારી ગુજરાતના દરિયા કિનારેથી થતો હતો. ગુજરાતના કાપડના વેપારીઓ આફ્રિકા, સાઉથ એશિયા, ગ્રીક અને રોમન સાથે દરિયાઈ માર્ગે વેપાર કરતા હતા. **જેને લઇને ગુજરાતમાં પણ મરીન મ્યુઝિયમ બનવું જોઈએ.**

૧૦૭ વર્ષ જૂના મરીન મ્યુઝિયમમાં ભારતની પ્રથમ સ્ટીમ એન્જિન ધરાવતું જહાજ 'વીજળી'નું મોડલ પણ રાખવામાં આવ્યું છે. આ જહાજ ૮૦૦ મુસાફરો સાથે ૧૮૮૫માં ગુજરાતના દરિયા કિનારેથી પસાર થઈ રહ્યું હતું ત્યારે દરિયાઇ તોફાનમાં તમામ લોકો સાથે ડૂબી ગયું હતું. 'વીજળી' ટાઇટેનિક ડૂબ્યાના ૨૪ વર્ષ પહેલાં ૮૦૦ લોકો સાથે ડૂબ્યું હતું. આ મ્યુઝિયમમાં ૪૦૦૦ વર્ષ પહેલાના ચોલા, મુઘલ, બ્રિટીશ યુગના ચિત્રોનું પ્રદર્શન પણ મૂકવામાં આવ્યું છે એમ તેમણે જણાવ્યું હતું.

*ગૂગલે જી-મેઈલની શરૂઆત ૧ એપ્રિલ, ૨૦૦૪થી કરેલ છે.*

## ભારતીય એરફોર્સ માટે અમેરિકાના લડાકુ 'ચિનૂક' હેલિકોપ્ટરનું મુંદ્રા પોર્ટમાં આગમન

વિશ્વના સૌથી સારા લડાકુ હેલિકોપ્ટરમાં ગણના કરવામાં આવે છે તે અમેરિકાના 'ચિનૂક' હેલિકોપ્ટરના પાર્ટસની પ્રથમ બેચ તાજેતરમાં કચ્છના મુંદ્રા પોર્ટ ખાતે આવી પહોંચી હતી. આ હેલિકોપ્ટર ભારતીય ઍરફોર્સના કાફલામાં ટૂંક સમયમાં જોડાઈ જશે. ભારત સાથેના કરાર અનુસાર અલગ અલગ બેચમાં કુલ ૧૫ ચિનૂક હેલિકોપ્ટરને મોકલવામાં આવશે. ભારતે ૨૦૧૫માં અમેરિકન વિમાનની ઉત્પાદક કંપની બોઇંગ પાસેથી ૧૫ ચિનૂક હેલિકોપ્ટર ખરીદવાનો સોદો કર્યો હતો. ૨.૫ અરબ ડોલરના આ સોદામાં ૨૨ અપાચે હેલિકોપ્ટર પણ સામેલ છે.

ચિનૂકનું નિર્માણ કરતી બોઇંગ કંપનીએ જણાવ્યું હતું કે 'CH47F(I) ચિનૂકને મુંદ્રાથી ચંદીગઢ લઈ જવામાં આવશે. જ્યાં તે આ વર્ષે જ ભારતીય ઍરફોર્સમાં સામેલ થઈ જશે.'

**ચિનૂકની વિશિષ્ટતા એ છે કે તે ભારે સામાનના પણ ઘણી ઊંચાઇએ સરળતાથી પહોંચાડી શકે છે.** અમેરિકન સેના લાંબા સમયથી અપાચે અને ચિનૂકનો ઉપયોગ કરી રહી છે. ભારતીય ઍરફોર્સ હજુ સુધી મોટા પ્રમાણમાં રશિયન MI-17 જેવા મધ્યમ વર્ગના લિફ્ટ હેલિકોપ્ટર પર આધારિત હતું. હવે ચિનૂક અને અપાચેના આગમનથી મજબૂતી વધશે. અમેરિકન સંરક્ષણ મંત્રી પદથી જેમ્સ મેટિસનની વિદાય બાદ આ ડીલ સામે પ્રશ્નાર્થ સર્જાયો હતો. પરંતુ તેમના સ્થાને આવેલા પેટ્રિક શેનોએ પણ ભારત સાથેની આ ડીલમાં રસ દર્શાવ્યો અને તુરંત જ મંજૂરી આપી હતી.

### ચિનૂકથી હવાઈ દળની મજબૂતી વધી

હાલમાં ભારતીય વાયુદળ પાસે જૂના હેલિકોપ્ટરથી કામગીરી ચલાવવી પડી રહી છે. ભારતીય વાયુસેના હજુ સુધી મોટા પ્રમાણમાં રશિયાના MI-17 જેવા મધ્યમ વર્ગના લિફ્ટ હેલિકોપ્ટર પર આધારિત હતી. ચિનૂકનાં આવવાથી મજબૂતી વધશે. ભારત અપાચેનો

ઉપયોગ કરનારો ૧૪મો અને ચિનૂકનો ઉપયોગ કરનારો ૧૯મો દેશ હશે. બોઇંગે ૨૦૧૮માં વાયુસેનાનાં પાઇલટ્સ અને ફ્લાઇટ એન્જિનિયરને ચિનૂક હેલિકોપ્ટર ઉડાડવાની ટ્રેનિંગ આપી હતી.

## ચિનૂક હેલિકોપ્ટરને ચંદીગઢમાં તૈનાત કરાશે

ભારતીય હવાઇદળમાં ચિનૂક હેલિકોપ્ટરને ચંદીગઢના તૈનાત કરાય તેવી શક્યતાઓ છે. જેનો ઉપયોગ સિયાચીન અને લદાખ જેવા ક્ષેત્રોમાં કરવામાં આવશે. આ હવાઈ જહાજની તૈનાતીથી પાકિસ્તાન અને ચીન સામે નવી સંરક્ષણ શક્તિ મળશે.

## ચિનૂક હેલિકોપ્ટરની ખાસિયતો

**ભારતના હવાઇદળ માટે ખાસ મહત્ત્વના કહી શકાય તેવા ચિનૂક હેલિકોપ્ટર ઊંચાઇ ધરાવતા સ્થળે સૈનિકોને સરળતાથી પહોંચાડી શકે છે.** ભારે પવન અને વરસાદમાં પણ તે સંપૂર્ણ ક્ષમતા સાથે ઉડાન ભરી શકે છે. આ હેલિકોપ્ટરની લંબાઇ ૯૮.૧૦ ફૂટ (૩૦.૧૪ મીટર) અને ઊંચાઈ ૧૮.૭ ફૂટ (૫.૬૮ મીટર). ઇંધણ ક્ષમતા ૪૫,૦૦૦ આઈ.બી. (૨૦,૪૧૧ કિ.ગ્રા.) ક્લાસ અને ૮૧,૦૦૦ આઈ.બી. (૩૬,૭૦૦ કિ.ગ્રા.) મેક્સિમમ ગ્રોસ છે. સ્પીડ ૩૦૨ કિ.મી. પ્રતિ કલાક અને વજન ૨૨,૬૮૦ કિ.ગ્રા. છે.

## હરણનો પણ શિકાર કરતું 'ચરગ બાજ' પ્રથમ વખત કચ્છમાં દેખાયું

### હવામાંથી ૩૦૦ કિ.મી.થી વધારે ઝડપે શિકાર પર તરાપ મારે છે.

ભૂતકાળમાં શિકાર કરવા માટે પ્રાણીઓ પાળતાં હોવાની વાત તો બધાએ સાંભળી હશે, પરંતુ પક્ષીઓ પાળીને તેની પાસે શિકાર કરાવાતો હોય તેવી વાત સાંભળીને આજના પ્રાણી સંરક્ષણના યુગમાં નવાઇ લાગે! એકાદ સૈકા પહેલા આવી રીતે શિકાર કરવા માટે પાળવામાં આવતું અને સ્થાનિક ભાષામાં 'ચરગ બાજ' તરીકે ઓળખાતું રશિયન 'સેકર ફાલ્કન' પ્રથમ વખત ગુજરાતના કચ્છમાં તાજેતરમાં દેખાયું છે. સેકર ફાલ્કન મૂળભૂત રીતે રશિયાના ઘાસિયા પ્રદેશનું વતની છે. આજ સુધી એ ગુજરાતમાં ક્યારેય જોવા મળ્યું નથી.

કચ્છના બેટ જેવા વિસ્તારોમાં દર વર્ષે **સુરખાબ, કુંજ** સહિતના હજારો **યાયાવર** પક્ષીઓ આવે છે. જેમાં આ વખતે એક વિશિષ્ટ નજરાણું ઉમેરાયું છે. અંગ્રેજીમાં જેને સેકર ફાલ્કન તરીકે ઓળખવામાં આવે છે. **છારીઢંઢ**માં તાજેતરમાં આ બાજ કેમેરામાં કેદ થયું છે. અત્યાર સુધીમાં બે-ત્રણ વખત આ બાજ દેખાયું હોવાના દાવા થયા છે, પરંતુ તેને કચકડે કંડારી શકાયું નથી. આ અંગે વધુ વિગતો આપતા પક્ષીવિદ નવીન બાપટ અને વિક્રમસિંહ સોઢા જણાવે છે કે, આ પક્ષી સામાન્ય રીતે અફઘાનિસ્તાન અને પાકિસ્તાનની બોર્ડર વિસ્તારમાં જોવા મળે છે. કચ્છ અને ગુજરાતમાં આમ તો બાજ અને ગરૂડ સહિતના શિકારી પક્ષીઓની ૨૯ જાતિઓ નિયમિત જોવા મળતી હોય છે. તેમાં ગુજરાતમાં ક્યારેય બાજની આ પ્રજાતિ આવતી નથી.

૪૭થી ૫૫ સે.મી.ની લંબાઇ અને ૧૦૫થી ૧૨૯ સે.મી. પાંખોની પહોળાઈ ધરાવતું ચરગ બાજ ઉંદર કે સસલા જેવા નાના પ્રાણીઓ તો ઠીક ચિંકારા (હરણ) જેવા મોટા પ્રાણીઓનો પણ શિકાર કરી શકે છે. હરણના માથા પર બેસીને ચાંચ મારીને હરણને બેભાન કર્યા બાદ પંજાથી તેનું ગળું પકડી લે છે. એક વખત શિકાર પકડાયા બાદ શિકાર માટે તેના પંજામાંથી છૂટવું મુશ્કેલ છે. એટલે જ ભૂતકાળમાં રાજાઓ શિકારી પક્ષી તરીકે ચરગ બાજને પાળીને તેની પાસે શિકાર કરાવતા હતા. બાજની તમામ પ્રજાતિઓમાં શેકર ફાલ્કન સર્વોત્તમ શિકારી માનવામાં આવે છે.

આકાશમાં ઊંચે ઉડતું બાજ તેની તેજ આંખોથી જમીન પર સતત શિકાર શોધતું રહે છે. સસલાં કે હરણ કે એવું બીજું કોઈ પ્રાણી તેના ધ્યાનમાં આવે ત્યારે એ કલાકના ત્રણસો - સવા ત્રણસો કિ.મી.ની ઝડપે ડાઈવ મારે છે. એ પછી જમીન પર રહેલા સજીવ માટે બાજની પકડમાંથી બચવું અશક્ય થઈ પડે છે. આ પક્ષી ૪૭૦૦ મીટર ઊંચે ઉડી શકે છે.

ભારતમાં અરબના શેખોને 'બાજદારી' માટે આમંત્રણ અપાતું

ભારતમાં રજવાડાઓ દ્વારા 'બાજદારી' કરાતી હોવાની વાત જાણીતી છે. પરંતુ આઝાદી બાદ પણ ભારતમાં આરબના શેખોને બાજદારી માટે આમંત્રણ આપવામાં આવતું હતું. બાજદારી એટલે બાજ પક્ષીઓ દ્વારા અન્ય નાના પ્રાણીઓનો શિકાર કરાવવામાં આવે છે. રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાં આ માટેના ખાસ આયોજન થતા હતા. સરકારમાંથી તેની સત્તાવાર પરમિશન પણ લેવામાં આવતી હતી. ૧૯૭૦માં કેન્દ્ર સરકારને આ બાબત વ્યાજબી ન લાગતા પરમિશન આપવાનું બંધ કરી તેના પર પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો.

## કચ્છમાં મિશ્ર વાતાવરણથી દેશી ખારેકના ફળ ૨૦ દિવસ મોડા લાગતાં નુકસાન

### મોડે મોડે હથોલા ફુટવાનો પ્રારંભ થતાં બાગાયતકારો ચિંતિત બન્યાં

કચ્છમાં દિવસો દિવસ પાણીના તળ ઊંડા જઈ રહ્યા છે. દરિયાઈ પટ્ટી આસપાસના ગામોમાં જમીનમાં પણ ક્ષારનું પ્રમાણ વધી રહ્યું છે. જેના કારણે પાણીના ટી.ડી.એસ. ઊંચા જતા હવે રોકડિયા પાકો કરવા શક્ય નથી. જેથી અનેક ખેડૂતો ખાસ બાગાયતી પાકો તરફ વળ્યા છે. **હાલમાં કચ્છમાં સૌથી વધુ ખારેક, દાડમ, આંબા સહિતના બાગાયતી પાકો**ની વાવણી થઈ છે. હાલમાં ખારેકની સીઝન શરૂ થવાનો સમય છે. અત્યારના સમયગાળામાં ફળ લાગવાની શરૂઆત થાય પણ હજુ સુધી માંડ હથોલા પણ નીકળી રહ્યા છે. આમ, સતત મિશ્ર હવામાનના કારણે ખારેકના ઝાડમાં હથોલા ૨૦ દિવસ જેટલા મોડા લાગી રહ્યા છે. જેથી વરસાદ સમયે ફળ તૈયાર થતાં વરસાદથી પલળવાને કારણે ભારે નુકસાન જશે. હાલમાં દુષ્કાળના ડાકલા વચ્ચે વધુ એક સીઝનનો ફટકો લાગવાથી ખેડૂતોની હાલત દયનીય બનશે.

મળતી વિગતો મુજબ, કચ્છમાં ભૂકંપ બાદ અનેક વિસ્તારના પાણીની મીઠાશ ઓછી થઈ ગઈ છે. જેના કારણે ખેતીમાં રોકડિયા પાકો લઈ શકાતા નથી. જેથી ભૂકંપના પગલે પેટાળમાં અનેક પરિવર્તન થતા પાણીના વેણની દિશાઓ બદલાઈ જવાથી પાણીમાં ટી.ડી.એસ.નું પ્રમાણ વધી ગયું છે. ત્યારે હવે અનેક કિસાનો બાગાયતી પાકો તરફ વળ્યા છે. જમીન ખાલી મૂકી દેવાને બદલે આયોજનબધ્ધ ખેતી કરી ચારે સીઝનમાં આવક થતી રહે તે હેતુથી દાડમ, ખારેક અને આંબાનું વાવેતર કરતા હોય છે. હાલમાં ખારેકને નરી તૈયાર થઈ જતી હોય છે. પણ હજુ તો માંડ હથોલા નીકળવાનો પ્રારંભ થયો છે. સમગ્ર ખેતરો ખુંદયા બાદ માંડ એકાદ ઝાડમાં નાના હથોલા જોવા મળી રહ્યા છે.

હથોલા મોડા લાગવા પાછળ સતત ઠંડીનો પારો ચડ-ઉતર થતો હોવાના કારણે ઝાડને પૂરતા પ્રમાણમાં ગરમી ન મળવાને કારણે આ સ્થિતિ ઊભી થઈ છે. જો હજુ પણ ઠંડીનો કહેર જારી રહેશે તો તેની અસર ફળ પર થાય તેવી શક્યતાઓ છે. ચોમાસુ વહેલું બેસશે તો ફળ પલળવાથી નુકસાન થાય તેવી શક્યતાઓ છે.

આ અંગે કિસાન ધનજીભાઈ ગોરસીયાએ જણાવ્યું હતું કે, કચ્છમાં દિવસો-દિવસ બાગાયતી પાકોનું વાવેતર વધી રહ્યું છે. સાથોસાથ સતત મિશ્ર હવામાનની પણ તમામ પાકો પર અસર જોવા મળી રહી છે. આ વખતે દુષ્કાળ પડ્યો છે. તો શિયાળાની સીઝન પણ લંબાઈ છે. સતત ઠંડીમાં વધ-ઘટથી દેશી ખારેકને પણ તેની સીધી અસર વરતાઈ રહી છે. હજુ સુધી ઝાડમાં હથોલા પણ નીકળ્યા ન હોવાથી સીઝન ૨૦ દિવસ મોડી ચાલી રહી છે. ફળ મોડા લાગવાથી સીઝન લાંબી ચાલશે. ઝાડમાં ફળ લાગેલા હશે ત્યારે વરસાદ શરૂ થવાથી બાગાયતકારોને ભારે અસર કરશે.

## કચ્છમાં અછત વચ્ચે ૧.૨૪ લાખ હેક્ટરમાં રવિ પાકનું વાવેતર થયું!

### વાવેતર ભલે થયું પરંતુ ખારા પાણીના કારણે ઉત્પાદનમાં ઘટાડો થશે

કચ્છમાં વરસાદના અભાવે અછતની સ્થિતિ વચ્ચે પણ ૧.૨૪ લાખ હેક્ટરમાં શિયાળુ પાકનું વાવેતર થયું હોવાનું ખેતીવાડી વિભાગના ચોપડે નોંધાયું છે. અલબત્ત, કૃષિ તજજ્ઞોના જણાવ્યા અનુસાર વાવેતર કદાચ ભલે વધારે વિસ્તારમાં થયું હોય, પરંતુ તેના પ્રમાણમાં ઉત્પાદન આવશે નહીં. પાણીની ખારાશના કારણે ઉત્પાદનમાં મોટો ઘટાડો થશે.

કચ્છમાં આ વખતે ચોમાસામાં નામ માત્રનો વરસાદ વરસ્યો છે. ચોમાસુ પાક પણ નિષ્ફળ ગયો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી. સીમ વિસ્તારમાં સર્વત્ર પાણીનો પોકાર થઈ રહ્યો છે. તેવી સ્થિતિ વચ્ચે પણ કચ્છમાં ૧,૨૪,૧૦૦ હેક્ટરમાં શિયાળુ પાકનું વાવેતર થયું છે. સામાન્ય વરસોમાં કચ્છમાં થતા શિયાળુ પાકના વાવેતર અને ચાલુ વર્ષના વાવેતરમાં કોઈ મોટો તફાવત રહ્યો નથી.

ખાસ કરીને દરિયાઈ પટ્ટી વિસ્તારમાં વરસાદ થોડો વધારે વરસ્યો હતો. આ ઉપરાંત બોર-કૂવા દ્વારા પીયતની વ્યવસ્થા હોય તેવા ખેડૂતોએ રવિ પાક લીધો છે. **કચ્છમાં સૌથી વધુ ૪૫ હજાર હેક્ટરમાં જીરૂ અને ત્યારબાદ ૨૨ હજાર હેક્ટરમાં ઘઉં વવાયા છે.** પશુઓ માટે અત્યારે જેની સૌથી વધુ જરૂર છે તેવા ચારાનું વાવેતર વધીને ૩૭ હજાર હેક્ટર થયું છે. આગામી એકાદ પખવાડિયામાં રવિ પાકની કાપણીનો દોર શરૂ થશે. આ માટે ધરતીપુત્રો દ્વારા તૈયારી પણ આદરી દેવામાં આવી છે. જો કે વધુ થયેલા વાવેતરથી ખાસ હરખાવા જેવું નથી. કારણકે કૃષિ નિષ્ણાતોના મતે ચોમાસામાં વરસાદ સારો વરસ્યો હોય તો તળમાં મીઠા પાણીનું પ્રમાણ વધારે હોય છે. તેવા સમયે પૂરતો પાક મળે છે. આ વરસે પૂરતો વરસાદ વરસ્યો નથી. મીઠું પાણી જમીનમાં ઉતર્યું નથી. માટે જમીનમાંથી આવતા પાણીમાં ખારાશનું પ્રમાણ વધારે છે. જેના કારણે ઉત્પાદન સરેરાશ કરતા ઘણું ઓછું આવી શકે છે.

શ્રદ્ધા

# અંધકારને ભેદવા પ્રકાશનું કિરણ જોઈએ



ડૉ. કાંતિ ગોર 'કારણ'

અવારનવાર અંધશ્રદ્ધાને ઉત્તેજન આપતા સમાચાર સાંભળવા અને વાંચવા મળે છે. ક્યાંક દવા કે શલ્યક્રિયા વગર પથરી મટાડી દેવાની જાહેરાત, ક્યાંક અંધત્વ દૂર કરી દેવાની જાહેરાત, ક્યાંક મધુપ્રમેહ મટાડી દેવાની વાત, ક્યાંક કેન્સર મટાડી દેવાની વાત – આ બધી વાતોમાં ક્યારેક કાગડાનું બેસવું અને ડાળનું પડવુંની જેમ કોઈકને સારું થઈ જાય અને એનો પ્રચાર-પ્રસાર એટલો જોરશોરથી કરવામાં આવે કે પછી તો અફવાની દુકાન ચાલી નીકળે અને સ્વાર્થી ગ્રાહકોની કતારો લાગે.

જે હોય તે, ખરેખર શું બન્યું હોય છે તે તો અનુભવીઓ જ જાણે. પણ અંધશ્રદ્ધા અને સ્વાર્થ માટે ચારે તરફ ભટકતા લોકોના આવા સમાચાર તો અવારનવાર આવ્યા કરે છે. પણ આ વાંચતાં જે વિચાર આવ્યા, તે આ લેખનું કારણ બન્યા છે. **માણસ હંમેશાં કેટલાક શબ્દો વચ્ચે અટવાતો રહ્યો છે. આ શબ્દો છે અંધકાર, અંધવિશ્વાસ, અંધશ્રદ્ધા અને અનુકરણ.**

'તમસો મા જ્યોતિર્ગમય' બૃહદારણ્યક ઉપનિષદનું આ વાક્ય બહુ જાણીતું છે. કવિ નાનાલાલે 'ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈજા' એવો અનુવાદ એમની એક જાણીતી પ્રાર્થનામાં કર્યો છે. આ અજ્ઞાનરૂપી અંધારું માણસને સતાવતું રહ્યું છે.

સામાન્ય માણસ ક્યારેક માહિતીના અભાવે તો ક્યારેક જ્ઞાનના અભાવે પરેશાન થતો રહ્યો છે. વર્ષો સુધી પૃથ્વી સપાટ છે તેમ માનવામાં આવ્યું અને જ્યારે ગેલેલિયો જેવાએ સત્ય શોધ્યું ત્યારે તેને સહન કરવું પડ્યું કારણકે બહુમતિ અંધારામાં હતી.

ક્યારેક માણસને અંધારામાં રહેવું ગમે છે. સત્યનો સામનો કરવાની તાકાત એ ખોઇ બેઠો હોય છે. અંધકાર કે અજ્ઞાનના બળે પોતાનું સામ્રાજ્ય જમાવનારાઓ લોકોમાં જ્ઞાન વધશે તો જાગૃતિ વધશે એ ચિંતામાં અંધારાને સાચવીને બેઠા છે અને દુનિયામાં અંધારું ઘેરું બન્યું છે. અનેક કહેવાતા ધર્મગુરુઓ, ભુવાઓ, ડાકલિયાઓ અને જાદુથી લોકોના દર્દ દૂર કરનારાઓનું વર્ચસ્વ વત્તે ઓછે અંશે હંમેશાં રહ્યું છે. એનો ભોગ બનનારા પહેલા પણ હતા અને આજે પણ છે.

આ અંધકાર પણ ક્યારેક એટલો બધો ઘેરો બને છે કે સદીઓ સુધી તેને દૂર કરવો મુશ્કેલ બને છે. જયશંકર પ્રસાદ જેવા સમર્થ કવિએ પણ કહેવું પડ્યું કે –

*ઈતના અનંત થા શૂન્ય સાર,*
*દીખતા ન જીસકે પરે પાર*

*(કામાયની, દર્શન સર્ગ)*

ભારતનો ઘણો સમય આવા અંધકારમાં વીત્યો છે. ખાસ કરીને અંધકારયુગનો સમય, જેને ઇતિહાસવિદો મધ્યકાલીન યુગ કહે છે. આ સમયમાં પણ કબીર તુલસીદાસ વગેરે સંતોએ પ્રકાશનું કિરણ રેલાવ્યું જ છે.

સૂરજ ઉગે છે ત્યારે બહારનું અંધારું તો ભાગી જાય છે પણ અંદરના અંધકારનું શું? કવિ દિનકરજીની કલ્પના માણવા જેવી છે.

*ધૂપ કા ઐસા તના વિતાન,*
*અંધેરા કઠિનાઈમેં ફંસા,*
*ભાગને કો ન મિલી જબ રાહ,*
*આદમી કે ભીતર જા બસા.*

સૂરજ બહારનું અંધારું તો દૂર કરી આપે, પણ અંદરના અંધારાનું શું? આ અંદરનું અંધારું વધારે ભયંકર છે અને એમાં સ્વરૂપ વૈવિધ્ય પણ ખૂબ છે. અણસમજ કે ગેરસમજનું અંધારું, અજ્ઞાનનું અંધારું, પીડા અને નફરતનું અંધારું, અદેખાઇનું અંધારું, અહમથી એકઠાં થયેલા મમત્વનું અંધારું – આ અને આવા અનેક અંધારાથી આપણે ઘેરાયેલા છીએ.

ક્યારેક બહુ થાક્યા હોઈએ ત્યારે, કોઈ સાથે વાત ન કરવી હોય અને જાત સાથે સંવાદ કરવો હોય ત્યારે અંધારું બહુ ઉપયોગી થાય છે, પણ બહાર અંધારું હોય અને ચિત્તમાં જો વિચારનું તેજ ચમકતું હોય તો જ એ બહારનું અંધારું ચિત્તને ઉજાગર કરવામાં ઉપયોગી થાય. એમાં પણ રાતના અંધારા કરતાં ઉષઃકાલીન અંધકાર શાંતિકારક લાગે છે, જ્યારે રાતનો અંધકાર પીડાદાયી લાગે છે.

બહાર તો સૂરજનો પ્રકાશ મળે, પણ અંદર ક્યાંથી અજવાળું લાવવું? અંદર પણ આત્મજ્યોત જલે છે પણ એનું અજવાળું દુનિયાની માયાના આટાપાટામાં પ્રબળ થઈ જાય તો એ જ્યોતનું અજવાળું જોવા ન મળે અને આત્માનો અવાજ પણ ન સંભળાય.

અંદરનાં અજવાળાની વાત થોડી અઘરી લાગે તેમ છે, પણ આપણે જે ઘટનાથી શરૂઆત કરી હતી તેની સાથે સંબંધિત શબ્દ અંધવિશ્વાસને તપાસીએ. **કોઈ કહે કે આની પાસે જવાથી પથરી મટી જશે કે કેન્સર મટી જશે અને કશું વિચાર્યા વિના એને અનુસરવું તે અંધવિશ્વાસ છે.** અંધવિશ્વાસ એ નબળા મનની નિશાની છે અને આ દુનિયામાં નબળા મનના માણસને ઠગવાના વિવિધ પ્રકારના ઉદ્યોગો ખૂબ જ ચાલે છે. માત્ર ભારત નહીં પણ દુનિયાના અનેક દેશોમાં આવા ઠગશ્રેષ્ઠીઓનો તોટો નથી. નેવું ટકા લોકોને સસ્તામાં મળી જતું હોય તે જોઈએ છે. તકલીફ મટી જતી હોય તો ઉટપટાંગ ઉપાયો કરવામાં બુદ્ધિનો ઉપયોગ કરવાની કોઇને જરૂર લાગતી નથી. બુદ્ધિમાનોમાં શ્રેષ્ઠ હનુમાનજી મહારાજને એક નાળિયેર કે એક ચમચી તેલ ધરાવીને બદલામાં કરોડો રૂપિયા માગનારાઓ પોતાની બુદ્ધિને ગીરવે મૂકીને વર્તતા હોય છે. **અંધશ્રદ્ધા અને અંધ અનુકરણ પણ મોટાભાગના ભારતીયોને ફાવતા શબ્દો છે.** અને આ શબ્દોને વિચારીને આપણા મનમાં એનું અંધારું કેટલું ઊંડું ઉતરેલું છે તે વિચારવા જેવું છે.

*એક શ્લોક યાદ આવે છે :*

*એકઃસૂર્યઃ ધ્વાન્તરાશિઃ નિહન્તિ*
*વ્યાઘ્રશ્ચૈકો હન્તિ મેષાન્ સહસ્રમ્ ।*
*વિદ્વાનેકો મૂર્ખલક્ષસ્ય જેતા*
*હન્તિ એકો વીરઃઅરિસંઘમ્ ॥*

એક જ સૂર્ય અંધકારના સમૂહને હણે છે. એક વાઘ હજારો ઘેટાંઓને હણે છે. એક વિદ્વાન હજારો મૂર્ખાઓને જીતી લે છે. એક યોદ્ધો હજારો શત્રુઓના સમૂહને હણે છે.

દુનિયામાં શ્રદ્ધા ફળે છે પણ અંધશ્રદ્ધા તો પાયમાલીનું કારણ બને છે. માણસ બુદ્ધિગમ્ય ઉપાયો વિચારીને અનેક મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢી શકે છે પણ માત્ર ટૂંકા ફાયદા માટે એવા ઉપાયો તરફ વળે છે, કે જેમાં અંતે તો નિરાશા જ મળે છે. દેવદેવીઓની કથામાં અનેકવાર તપ કરીને દેવને પ્રસન્ન કર્યા એવી વાત આવે છે. આ તપ એટલે પુરુષાર્થ, મહેનત, જેનાથી માણસને સફળતા મળે, વિદ્યાર્થી પરીક્ષાનાં દિવસોમાં મંદિરમાં જઇને બેસી જાય અને પરીક્ષા ન આપે તો પાસ ન થાય. એણે વાંચવું પડે, અભ્યાસ કરવો પડે, પરીક્ષાઓ આપવી પડે. **આપણે જેટલી મહેનત કરીએ એટલું નસીબ સાથ આપે. તેથી ભગવાનની સાથે પોતાની જાતમાં પણ શ્રદ્ધા રાખીને પુરુષાર્થ કરવો જોઇએ.** ચારેબાજુ વ્યાપ્ત અંધકારમાં જ્ઞાનનું કિરણ જ માર્ગ દર્શાવી શકે છે.

*સુદર્શન, ૯૨, શ્રીજી નગર,*
*એન.આર.આઈ. કોલોની,*
*માધાપર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૨૦.*

# જીવન એટલે શું?

મહાત્મા ટોલ્સ્ટોય પાસે એક માણસે આવીને સવાલ પૂછ્યો : 'જીવન એટલે શું?'

થોડીવાર શાંત રહીને મહાત્મા ટોલ્સ્ટોય બોલ્યા : "એક વખત એક માણસ જંગલમાંથી પસાર થતો હતો. એવામાં એક જંગલી હાથીની નજર તેના ઉપર પડી અને એ હાથી તેને પકડવા દોડ્યો.

પેલો માણસ તો આવી પડેલા આ સંકટને જોઈને ગભરાઈ ગયો. શું કરવું અને શું નહીં, એની તેને સમજ પડી નહીં. ઝાડ પર પણ શી રીતે ચડી શકાય? હાથી તો ખૂબ નજીક આવી ગયો હતો! તેણે હિંમતભેર ખૂબ ઝડપથી દોડવા માંડ્યું. પાછળ હાથી પણ દોડતો આવી રહ્યો હતો.

એટલામાં રસ્તા પર એક કૂવો નજરે પડ્યો. હાથીના સકંજામાંથી બચવાનો બીજો કોઈ માર્ગ ન હોવાથી તે માણસે કૂવામાં ઝંપલાવ્યું!

કૂવામાં વડલાના કેટલા મૂળિયા બહાર નીકળતા હતા. એમાં એક મૂળિયાની જડ તેના હાથમાં અચાનક આવી ગઈ. એટલે તેણે એ પકડી લીધી.

થોડીવાર પછી તે માણસે કૂવામાં ડોકિયું કર્યું, તો એ પુરાણા કૂવાના પાણીમાંથી કેટલાક મગરમચ્છ બહાર નીકળીને મોં ફાડીને ઊભા હતા! ક્યારે એ માણસ નીચે પડે અને ગળી જાઉં, એની જ તે રાહ જોતા હતા.

ઉપરની બાજુએ પેલો જંગલી માતેલો હાથી એ માણસ ક્યારે બહાર નીકળે એની રાહ જોતો ઊભો હતો.

હવે જે જગ્યાએ પેલો માણસ લટક્યો હતો એની ઉપરની બાજુએ મધપૂડો હતો અને તેમાંથી મધ ટપક્યા કરતું હતું. એ મધના ટીપા પોતાના મોંમાં ઝીલી લઈને પેલો માણસ નભી રહ્યો હતો.

પરંતુ આ શું? જે મૂળિયાને પકડીને તે લટકી રહ્યો હતો, એને એક કાળો અને એક સફેદ ઉંદર નિરંતર કાપી રહ્યા હતા!"

આટલું કહીને મહાત્મા ટોલ્સ્ટોય જરા અટક્યા અને પછી બોલ્યા : "પેલો હાથી એ કાળ હતો; મગર એ મૃત્યુ હતું; મધ એ જીવન-રસ હતો અને કાળો તથા સફેદ ઉંદર એ રાત-દિવસ હતા. બસ, આ બધું મળીને જે થાય એનું નામ જીવન!"

***સંકલન : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

*જાણ્યા કરતાં સમજવું એ ઘણું મહત્ત્વનું છે. તમને જાણતા તો અનેક લોકો હશે પણ તમને સમજતા કેટલા હશે?*

વિચાર મંચ

# ભૂતકાળ અને ભવિષ્યકાળના અવનવા ગણિત



ડૉ. યાસીન દલાલ

હમણાં બેંગ્લોરમાં ભારતીય વિજ્ઞાન કોંગ્રેસ મળી ગઈ. એમાં એક વક્તા એવું બોલ્યા કે રામાયણ અને મહાભારત કાળથી આપણે ત્યાં વૈજ્ઞાનિક શોધખોળો હતી જ. આપણે ત્યાં વિમાન પણ હતા. પહાડ ઉપર જે ગુફાઓ જોવા મળે છે એ વિમાનને રાખવાના હેંગર હતા. ઉપરાંત વીજળી પણ હતી અને બીજી અનેક શોધખોળો હતી જ. અત્યારે આપણને આ વિધાન તરંગી વધારે લાગે છે. દરેક પ્રજા અને દરેક દેશને પોતાના વખાણ કરવાની ટેવ હોય જ છે પણ આ વખાણમાં બણગા વધારે લાગે છે એ વાતનો સ્વીકાર થવો જોઈએ. હજી આપણે ત્યાં લાખો ગામડામાં વીજળી પહોંચી નથી તેમ લાખો ગામડાઓમાં પીવાનું પાણી પણ નથી. એ જ રીતે લાખો ગામડામાં રસ્તા પણ નથી.

પશ્ચિમની પ્રજા જ્યારે ટોફલર, સુમાકર, ઈવાન અને પીટર ડ્રકર જેવા વિચારકોની પ્રખર બુદ્ધિયુક્ત વિચારધારાઓના આસ્વાદ માણી રહી છે અને વૈજ્ઞાનિક શોધખોળ તેમજ ટેકનોલોજીના ઉપયોગ વડે માનવજીવનને વધુ ને વધુ સમૃદ્ધ બનાવી રહી છે, ત્યારે **આપણે હજી મંત્રતંત્ર, ચમત્કાર, દૈવીશક્તિ, અનુષ્ઠાન, યજ્ઞ અને ક્રિયાકાંડોમાં રચ્યાપચ્યા રહીએ છીએ.**

તમે તાળી પાડો અને આપોઆપ ચાલવા માંડે એવા રમકડાં હવે બજારમાં મળે છે, અને છતાં વિજ્ઞાનના ચમત્કારને નજરે જોયા પછી પણ આપણે હવામાં હાથ હલાવીને મંગળસૂત્ર કાઢી આપે તેવા ઢોંગ અને છેતરપીંડીને સાચા માનીએ છીએ અને એવા ઢોંગી બાબાઓને પગે લાગીએ છીએ. તમે આરામ ખુરશીમાં બેઠાં બેઠાં બટન દબાવો અને રીમોટ કન્ટ્રોલથી ટી.વી.ની ચેનલો બદલાઈ જાય, એ ચમત્કારને સ્વીકારવાને બદલે ફૂંક મારીને રોગ મટાડી દે એવા હવાઈ તુક્કાને સ્વીકારીએ છીએ.

આપણી આ મનોદશાએ આપણને પરાધીન બનાવ્યા છે અને **આપણી બુદ્ધિ, મહેનત કે પુરુષાર્થમાં વિશ્વાસ રાખવાને બદલે ગ્રહો, કુંડળીઓ, મંત્રતંત્ર અને ચમત્કારોમાં વિશ્વાસ રાખતા કરી મૂક્યા છે.** આવો માણસ કામ ન કરે અને 'મારા ગ્રહ સુધરશે ત્યારે આપોઆપ મારો ઉદ્ધાર થઈ જશે' એમ માનીને આપણે આળસુ બનીને બેઠા રહીએ એમાં શી નવાઈ!

આપણે સ્વતંત્ર થયા હોવાના દાવા ગમે તેટલા કરીએ તો પણ એ પોકળ છે. આપણી માનસિક ગુલામી યથાવત છે. હજી પણ આપણને કહેવામાં આવે છે કે ફલાણા ગુરુમાં શ્રદ્ધા રાખો, ફલાણા ગ્રંથના ઉપદેશને જ સર્વોપરી ગણો. સંશય નહીં કરો!

આપણે એમને એટલું જ પૂછીએ કે **ગેલેલિયો, કોપરનિક્સ, ન્યૂટન, સ્ટીવન્સન – એ બધા જો ધર્મગ્રંથોમાં શ્રદ્ધા રાખીને, હાથ જોડીને બેસી રહ્યા હોત તો આગગાડી કે વિમાન, રોકેટ, ટેલિફોન, મોટરકાર, સ્કૂટર, સાઇકલ, રેડિયો, ટેલિવિઝન – આ બધાની શોધ થઈ હોત ખરી?** મિલ્ટન, ન્યૂટન, આદમ સ્મિથ અને સાહિત્યકારો, અર્થશાસ્ત્રીઓ અને વૈજ્ઞાનિકોએ પ્રથમવાર કહ્યું કે મનુષ્યનું દિમાગ, એની બુદ્ધિ, એની વિચારધારાઓ, એની વિવેકશક્તિઓ અપ્રતિમ, અદ્‌ભુત અને ગજબનાક શક્તિ ધરાવનારી છે અને આથી એને પૂરી વિકસવા દેવી જોઈએ.

**ધર્મના પણ મુખ્ય બે પ્રવાહ હોય છે : એક પ્રવાહ પાયાનાં માનવીય મૂલ્યો શીખવે છે,** જેમાં નાગરિક ધર્મ, કરુણા, દયા, પ્રેમ વગેરે પર ભાર મૂકાય છે. જૂઠું બોલવું નહીં, ચોરી કરવી નહીં, કોઈનો અધિકાર છીનવી લેવો નહીં, ગુંડાગીરી કરવી નહીં – આ બધા સિદ્ધાંતો એવા છે જે શાશ્વત છે. દુનિયાના બધા ધર્મો, બધી પ્રજાએ સ્વીકારેલા છે. એની સામે કોઈને કશો વાંધો ન હોય, પણ **ધર્મનું એક બીજું પાસું વિધિવિધાનો, રૂઢીઓ, ક્રિયાકાંડો છે,** જેમાં વ્રત કરવા, પૂજાપાઠ કરવા, ધાર્મિક વિધિઓ કરવી, ધર્મસ્થાનો ઊભાં કરવા, મૂર્તિઓ સ્થાપવી એ બધાનો સમાવેશ થાય છે. એના એક ફાંટા રૂપે મનુષ્યમાં ચમત્કારો, વહેમો વગેરેનું ચલણ શરૂ થયું છે.

ત્યાર પછી આજ સુધીમાં જબરદસ્ત શોધખોળ અને ટેકનોલોજીની પરંપરા ચાલી. આ બધામાં વહેમો, રૂઢીઓ, ક્રિયાકાંડો, પરંપરાઓ નકામા બની ગયા. હવે માત્ર પાયાનાં નૈતિક મૂલ્યોનું જ મહત્ત્વ રહ્યું છે. આ પૃથ્વી પર મનુષ્યો તો લાખો વરસોથી જીવે છે, પણ જેને આપણે માનવસભ્યતા અને માનવસંસ્કૃતિ કહીએ છીએ, એ તો માંડ છેલ્લા પાંચેક હજાર વર્ષથી ઉદ્‌ભવી છે.

માણસે ભાષા વિકસાવી અને એ લખતો થયો, ત્યારથી

જ વિકાસની ખરી યાત્રા શરૂ થઇ અને ધર્મોનો વિકાસ પણ ત્યારથી જ થયો. ભાષા ન હોય, મુદ્રણના સાધનો ન હોય, છાપકામ ન હોય તો ધર્મના સિદ્ધાંતો પણ ક્યાંથી પ્રસરે? **ભાષા ન હોય તો ધર્મ શું છે એ કોણ અને કેવી રીતે સમજાવે?**

એમાં મુદ્રણની ટેકનોલોજી આવ્યા પછી તો જ્ઞાન વિજ્ઞાનનો આખો ધોરી માર્ગ ખુલ્લો થયો અને ત્યાર પછી કોમ્યુનિકેશનમાં જે નવા નવા માધ્યમો આવ્યા એની મદદથી જ આપણે એસ.ટી.ડી.થી માંડીને ફેક્સ અને કેબલ ટી.વી. સુધી પહોંચ્યા છીએ. મતલબ કે **મનુષ્ય જીવનમાં કોઈ ચીજ સર્વોપરી હોય તો વિજ્ઞાન અને ટેક્નોલોજી છે,** નહીં કે અધ્યાત્મ અને સદીઓ જૂના ધાર્મિક ઉપદેશો.

માણસ ઈશ્વરમાં માને કે એને સદ્‌બુદ્ધિ મળે એ ખાતર પ્રાર્થના કરે, એમાં કોઈ વાંધો ન હોય. **પણ પ્રાર્થના કે પૂજાપાઠ કરીને પછી માણસ બેઠો રહે અને ચમત્કારની આશા રાખે તો એનો ઉધ્ધાર થવાનો નથી. એ પોતાની બુદ્ધિ અને પોતાની શારીરિક, માનસિક તાકાતનો પૂરો ઉપયોગ ન કરે અને પુરુષાર્થ પણ ન કરે તો કોઇ દૈવીશક્તિ એનો ઉદ્ધાર કરી દેવાની નથી.** આપણે ત્યાં કોઈ પ્રદેશમાં વરસાદ ન પડે તો એનો ઉકેલ વરસાદ માટે પ્રાર્થના કરવામાં છે, પણ અમેરિકાની જેમ વરસાદના પાણીના એક એક ટીપાનો સંગ્રહ અને સદુપયોગ થાય, એવી વ્યવસ્થા ઊભી કરતા નથી.

અમેરિકામાં છ ટકા લોકો ખેતીના વ્યવસાયમાં છે, છતાં ત્યાં ફેંકી દેવું પડે એટલું અનાજ થાય છે અને આપણે ત્યાં સિત્તેર ટકા લોકો ખેતીમાં હોવા છતાં હજી વિદેશથી તેલીબિયાં એન કઠોળની આયાત કરવી પડે છે. જો યજ્ઞો અને ક્રિયાકાંડોથી સમૃદ્ધિ આવતી હોત તો આપણે ત્યાં હજુ પણ ઓરિસ્સા, બિહારમાં ભૂખમરાથી લોકોએ મરવું ન પડત.

આપણે ચમત્કાર રૂપે ભૂતપ્રેત, પુનર્જન્મ, આત્મા-પરમાત્મા અને મંત્રતંત્ર જેવાં અર્થહીન ક્રિયાકાંડોમાંથી બહાર નીકળીને આધુનિક ટેકનોલોજી અપનાવીશું નહીં અને જીવનના પાયાના વ્યવહારોમાં વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવાનું બુદ્ધિવાદી વલણ નહીં અપનાવીએ ત્યાં સુધી આપણી પ્રજા પ્રારબ્ધવાદી, અકર્મણ્યવાદી, આકાશ તરફ મીટ માંડનારી અને પ્રમાદી જ બની રહેવાની.

**આ જગત મિથ્યા નથી, પણ સત્ય છે એમ સ્વીકારીને આપણા જીવનને બુદ્ધિપૂર્વકના આયોજનથી સુખી અને સમૃદ્ધ બનાવવાના કામમાં લાગી જવું જોઈએ.**

"આપણે હવે આકાશ તરફ મીટ માંડવાની કશી જરૂર નથી. એને બદલે આપણો પોતાનો જ પુરુષાર્થ એ વસ્તુ સિદ્ધ કરી શકે તેમ છે."

આજના બધા વિધિ ધર્મો, સંગઠિત ધર્મો, જ્યારે ઉદ્‌ભવ્યા ત્યારે એમના મોટાભાગના નિયમો અને આદેશો પાછળ શુભ ભાવના હતી. આ બધા જ ધર્મો પોતપોતાના સમય અને સ્થળના સંજોગોમાંથી જન્મેલા હતા. એ સંજોગો બદલાય એટલે કેટલાક નિયમો આપોઆપ જ 'આઉટ ઓફ ડેઇટ' થઈ જાય. બજારમાંથી મળતી બધી જ દવાઓ ઉપર 'એક્સપાયરી-ડેઇટ' લખેલી હોય છે. સદીઓ પહેલાં ઘડાયેલા સંખ્યાબંધ આદર્શો ઉપર આવી 'એક્સપાયરી-ડેઇટ' લખવાની જરૂર હતી, પણ આવી તારીખ છાપેલી ન હોય એટલે એ આપોઆપ શાશ્વત બની જતા નથી. આપણે આ મહાન ભૂલ કરી અને પરિણામે મહાન ગૂંચવાડાઓના ચક્રવ્યૂહમાં સરી પડ્યા. જે વૈજ્ઞાનિકોએ પહેલીવાર જાહેર કર્યું કે પૃથ્વી ગોળ છે અને સૂર્યની આસપાસ ફરે છે, એમને એ સમયના ધર્મચક્ર પરિવર્તકોએ આકરી સજા કરી હતી.

પોપ પોલે સદીઓ પછી એ વાતનો સ્વીકાર કર્યો કે વૈજ્ઞાનિકોને એ સમયના ધર્માચાર્યોએ કરેલી સજા એ મોટી ભૂલ હતી! પણ ક્યારેક ચા કરતા કીટલી વધુ ગરમ હોય છે. પોપ પોલના હજારો અનુયાયીઓને હજી આમાં ભૂલ નહીં દેખાતી હોય! **ગાંધી ખુલ્લા મનના હોય, પણ ગાંધીવાદી તો જડ જ હોય. વૈચારિક જડતા જેવા અસાધ્ય કોઈ રોગ નથી અને માનસિક ગુલામી જેવી બુરી કોઈ ગુલામી નથી.** એસ્પ્રો ખાવાથી માથું ઊતરી જાય, પણ મિથ્યા આદર્શોની આધાશીશી ઊતારવા માટેની કોઈ ગોળી બજારમાં મળતી નથી.

આપણા હાથમાં શું ખરેખર જ કંઈ નથી? અને ઉપરવાળો, શું માણસને પાણી કે અનાજ મળે એવી સીધીસાદી, અસ્તિત્વ ટકાવનારી વાતમાં પણ પોતાની મંજૂરી આપવામાં હિચકિચાટ કરશે? શા માટે? માણસને ભૂખે મારવામાં ઉપરવાળાને શો રસ હોય?

આપણે ભૂલવું ન જોઈએ કે અત્યારે આપણે જે સુખસગવડો ભોગવીએ છીએ અને જે વૈજ્ઞાનિક શોધખોળોનો આનંદ માણીએ છીએ એ બધું પશ્ચિમી પ્રજાના પ્રચંડ પુરુષાર્થનું પરિણામ છે. આપણે માત્ર અવારનવાર કોઈને કોઈ નિમિત્તે શોભાયાત્રા કાઢીએ છીએ. શોભાયાત્રા કાઢવામાં વાંધો નહીં પણ જો પુરુષાર્થના ભોગે અને વૈજ્ઞાનિક શોધખોળોના ભોગે આમ કરીએ તો માથે હાથ દેવાનો વારો જ આવે. આપણે ૨૧મી સદીના નાગરિક છીએ. પણ વાસ્તવિક્તા જોતા એવું લાગે છે કે **હજી આપણે અણુયુગને બદલે છાણયુગમાં જ જીવીએ છીએ. આટલી હદે પ્રારબ્ધવાદ સારો નહીં. પુરુષાર્થ હંમેશાં પ્રારબ્ધથી આગળ રહેવો જોઈએ.** આપણે ત્યાં હજુ ૨૫થી ૩૦% જમીનમાં જ સિંચાઈ થાય છે. મહદ્ અંશે આપણે આકાશી ખેતી ઉપર નભીએ છીએ. એને બદલે વૈજ્ઞાનિકતા તરફ વળશું તો ખેતી અને ઉદ્યોગ બંનેને લાભ થશે.

*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૦૦૧. ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

અંતરઆત્મા

# ગિલ્ટ દૂર કરવા શું કરશો?



પાર્થ દવે, ફ્રીલાન્સ પત્રકાર

***માણસ-મન બહુ વિચિત્ર છે. તેનાથી કંઈ ખરાબ - ખોટું - અરુચિકર - વિકૃત - ન કરવા જેવું થઈ જાય પછી પોતે જ અફસોસ કરે. જે-તે ક્ષણે તેનામાં વિવેકબુદ્ધિ નામનું ડિપાર્ટમેન્ટ બંધ થઈ ગયું હોય. એ જાગે એટલે ભેગું ગિલ્ટ પણ આવે!***

અંગ્રેજી ભાષામાં એક શબ્દ છે ‘ગિલ્ટ.’ જેનો ગુજરાતી લેક્સિકોન મુજબ સામાન્ય અર્થ થાય ‘ગુનો’, ‘દોષ’, ‘અપરાધ’ અને ‘પાપ કર્યાની લાગણી!’ આમાંથી સૌથી નજીકનો અર્થ ‘પાપ કર્યાની લાગણી’ કરી શકાય. પણ તેનો એક્ચ્યુઅલ અર્થ એથી કંઈક ઊંડો, એનાથી કંઇક વધુ થાય. ગિલ્ટ જે અનુભવે તે પણ કદાચ તેનો એક્ઝેક્ટ અર્થ કહી ન શકે! કોઈને વઢી લીધા પચી કે કોઈ સાથે ઝઘડો કરી લીધા પછી થતું ગિલ્ટ કે પછી કોઈને શારીરિક નુકસાન પહોંચાડ્યા પછી થતું ગિલ્ટ તમે અનુભવ્યું હશે. કોઈ વસ્તુ ચોરી લીધા પછી કે પોતાનો સમય પોતે જ બરબાદ કર્યા પછી કે વધુ પડતી શોપિંગ કર્યા પછી કે વજન વધી ગયા પછી કે વધુ ખાઈ લીધા પછી કે કોઈનું કામ જાણીજોઈને ન કર્યા પછી કે કોઈને છેતર્યા પછી, નજીકનાનો જ વિશ્વાસ તોડ્યા પછી થતી અલગ પ્રકારની - ન ગમે એવી લાગણી એટલે ગિલ્ટ.

કોઈ વસ્તુ કે હોદ્દો કે સત્તા કે પૈસા આપણને મળે અને આપણે તેટલા કાબેલ ન હોઈએ અને અંતરઆત્મા જાગતો હોય ને ત્યારે જે નેગેટિવ - દુઃખની લાગણી થાય તે ગિલ્ટ. જરૂરી નથી કે બધાને થાય. સંતાન જન્મથી જ અપંગ હોય ત્યારે તેના માતા-પિતાને ક્યારેક કોઈ ક્ષણે ગિલ્ટ થતું હશે. એમાં કોઈનો વાંક નથી પણ આ લાગણી છે. કોઈ મિત્ર સામે આવેશમાં આવીને વધુ બોલી જવાય પછી મગજ શાંત પડે ત્યારે અફસોસ થાય. પણ પછી તમારી સાથે એ મિત્ર બોલવાનું જ બંધ કરી દે એટલે તમારામાં ગિલ્ટ થવાની શરૂઆત થાય. ગિલ્ટ ઉતારવા માટે પણ માણસ નોખા-અનોખા રસ્તા અપનાવતો હોય છે! શોપિંગ વધુ થઈ જાય તોય ગિલ્ટ થાય અને ઘણી જગ્યાએ બિનજરૂરી શોપિંગ કરીને પણ માણસ પોતાના મનનો કંટાળો દૂર કરતો હોય છે! તરુણાવસ્થામાં વિજાતીય વ્યક્તિ વિશે વિચાર આવી જાય પછી પણ ઘણા બાળકોને ગિલ્ટની લાગણી થતી હોય છે. તેમને સમજાતું નથી કે આ શું થઈ રહ્યું છે!

મુંદ્રાના પ્રાગપર ખાતે આવેલા ‘અહિંસાધામ’ સાથે વર્ષોથી સંકળાયેલા ગિરીશભાઈ નાગડાએ એક રસપ્રદ કિસ્સો કહ્યો હતો. અહિંસાધામ ખાતે એક ટ્રક ડ્રાઈવર આવ્યો. બધું જોયું અને તેણે રૂા. ૧૫૦૦/- લખાવ્યા. ગીરીશભાઈએ તેની સાથે વાતો કરી. વાતવાતમાં ખબર પડી કે થોડા દિવસો પહેલા એક ગામડામાં તેની ટ્રક એક ગાય સાથે અથડાઈ હતી. આ અચાનક બન્યું અને ત્વરિત મનમાં વિચાર આવ્યો એ મુજબ – તે સહજવૃત્તિથી પ્રેરાઈને ત્યાંથી નીકળી ગયો. પછી તે ડ્રાઈવરને મનમાં મજા નહોતી આવતી. તે પ્રાગપર પાસેથી પહેલા પણ પસાર થતો, જમણી બાજુ નજર નાખતો પણ અંદર જતો નહીં. આ વખતે અંદર ગયો. બીમાર, ખોડખાંપણવાળી ગાયો જોઈ. તેણે તેમની સારવાર માટે પોતાની ઈચ્છા અને શક્તિ મુજબ પૈસા આપ્યા. તેને મનમાં શાંતિ વળી!

ટ્રક સાથે પેલી ગાય અથડાઈ, તે ભાગ્યો અને તેને મજા નહોતી આવતી. તે **‘મજા ન આવવાની’ લાગણી એટલે ગિલ્ટ!** તેણે ગિલ્ટ ઉતારવા આ કર્યું. માણસ વ્યક્તિગત કેવો છે, કોઈ આજુબાજુ નથી હોતું, માત્ર પોતાના સાથે હોય છે ત્યારે તે કેવો છે તેનો ખ્યાલ તેના ગિલ્ટ પરથી આવે!

માણસ-મન બહુ વિચિત્ર છે. તેનાથી કંઈ ખરાબ - ખોટું - અરુચિકર - વિકૃત - ન કરવા જેવું થઈ જાય પછી પોતે જ અફસોસ કરે. જે-તે ક્ષણે તેનામાં વિવેકબુદ્ધિ નામનું ડિપાર્ટમેન્ટ બંધ થઈ ગયું હોય. એ જાગે એટલે ભેગું પેલું ગિલ્ટ પણ આવે! ‘આ નહોતું કરવું મારે...’ આ લાગણી બહુ રંજાડે પછી.

★

આ બધું પ્રમાણમાં હોય તો સારું. ગિલ્ટ એ નૈતિકતાની નિશાની છે આમ તો. તે તમને હોકાયંત્રની જેમ કઇ દિશામાં

જઈ રહ્યા છો અને જવું જોઈએ તે દર્શાવતું રહે. પણ તે વધી જાય, રોજબરોજની જિંદગીમાં તમને નડવાનું ચાલું કરે તો ખરાબ. તેમના માટે 'અનસ્ટક' નામની વેબસાઈટે જિંદગીમાંથી ગિલ્ટ દૂર કરવા માટેના ઉપાયો સૂચવ્યા છે. આમ તો આ બધી લાગણીઓની રમત છે, પણ લાગણીઓનો કાબૂ મન પાસે છે. તો થોડું તેને કેળવીએ. વેબસાઈટ પર બહુબધી વાતો અને મુદ્દાઓ છે, અહીં ગારણીમાં ગાળીને કેટલાક રજૂ કર્યા છે.

**૧. ઉછીની લીધેલી માન્યતાઓને ફેંકી દો :**

તમને ઘણી વખત એવું લાગતું હશે કે હું આ જે કરી રહ્યો છું તે અયોગ્ય છે (ગિલ્ટ). તો વિચારો કે, તે અયોગ્ય કે ખોટું કોના માટે છે? સોસાયટી માટે, તમારા માતા-પિતા કે સગા-સંબંધીઓ માટે કે તમારા સ્કૂલ ટીચર કે મિત્રો માટે? તમે જેને ખોટું સમજો છો તે ખરેખર ખોટું છે કે પછી તમારી માન્યતા માત્ર છે? તમને શું લાગે છે? પોતાને અનુસરો, પોતાના જજમેન્ટનો આદર કરો, બીજાના નહીં.

**૨. પરિણામોને નજરમાં રાખો :**

**કોઈપણ કામ કરતા પહેલા કે તે કરવા માટેનો નિર્ણય લેતા પહેલા તેના પરિણામ વિશે વિચાર કરી લેવો.** તમે જે-તે કામમાં ભાગીદાર છો અને તે નિષ્ફળ જશે તો તમે શું કરશો? કોઈ પ્રકારનો વિરોધનો વંટોળ ઉઠશે કે પાસા પોબારા નહીં પડે તો તમે તે સ્થિતિને થાળે પાડવા શું કરશો? આ વિશે એકાદ-બે આઈડિયા આગોતરા સ્પેરમાં રાખવા. જેથી પરિસ્થિતિ વિપરીત સર્જાય તો બહુ મુંઝારો ન થાય અને મુંઝારા પછી ગિલ્ટભાઈ ન આવે! તમે આવનારા પરિણામ વિશેના વિચારને કાઉન્ટર બેલેન્સ પણ કરી શકો. જેમકે, ડાયેટિંગ પર છો પણ પાક્કા ભાઈબંધ કે બહેનપણીની બર્થડે પાર્ટીમાં કે કોઈ લગ્ન-સમારોહમાં નિયમ તોડીને બહુબધી કેક ખાઈ લીધી છે તો બીજા દિવસે સવારે ઉઠીને જીમ કે બગીચાના ટ્રેક પર પહોંચી જાવ. બધી કેલેરી બાળી નાખો!

આ બધી સામાન્ય બાબતો છે પણ આમ કરવાથી સૌથી આખરે આવતો ગિલ્ટ તમારા સુધી પહોંચશે જ નહીં. ઊઠતા પહેલા જ તેનો નિવેડો આવી જશે.

**૩. પોતાને માફ કરતા શીખો :**

સદીઓથી સાધુ-મહાત્મા-ઋષિમુનિઓ દ્વારા કહેવાતી રહેલી આ જબરદસ્ત અને અસરકારક બાબત છે. પણ અહીં તેનો સંદર્ભ જ-રા-ક જુદો છે. તમે કંઈક એવું કર્યું છે જેનો તમને આનંદ નથી. તમને સારું નથી લાગ્યું. તો વિચારો કે તમે 'માણસ' છો! એઝ એ હ્યુમન બીઈંગ તમારાથી ભૂલ થઈ શકે. તમારો ઈરાદો ખરાબ ન હતો. વેલ, આવી પરિસ્થિતિમાં મંદિર - મસ્જિદ સામે ઊભા રહીને પોતાને માફ કરવા સહેલા નથી. પણ જો તમારો પોતાના માટેનો જ પરસ્પેક્ટિવ બદલાશે તો કદાચ તમે તે કરી શકશો. પોતાના દોષ કે ગિલ્ટ વિશે બીજા સાથે વાત કરવાથી તમારા ગિલ્ટનો બોજ ઘટે છે. આ તમે અનુભવ્યું હશે. કેમકે, તમે એમ કહીને પોતાના વિશેનો નજરિયો બદલી રહ્યા છો. તમે પોતાની જે-તે ભૂલ બીજા સામે કબૂલો છો ત્યારે તમારી અંદરનું તમારા માટેનું જ ઝેર ઓછું થાય છે.

થોડી કોમ્પ્લિકેટેડ વાત છે પણ વિચારવા જેવી છે. 'ટુ સ્ટેટ્સ'માં ચેતન ભગતે પોતાના પિતાને થપ્પડ મારી હતી તે બનાવની માફી માંગતો કિસ્સો લખ્યો છે. કઈ રીતે ગિલ્ટ ઉતર્યું તેનું વર્ણન છે તેમાં, જોઈ જજો.

**૪. પોતાને પત્ર લખો :**

'અનસ્ટક' પર આ મુદ્દાની બદલે 'બ્રેક અપ વિથ યોર ગિલ્ટ' છે. પણ તેમાં વાત ગિલ્ટની લાગણી સાથે છેડો ફાડવા માટે પદ્ધતિની કરાઈ છે. બેસ્ટ પદ્ધતિ છે : 'પોતાને પત્ર લખવો.' પોતાનાથી બહુ મોટી ભૂલ થઈ ગઈ છે, તેનું ગિલ્ટ સતત કોરી ખાય છે, તે વ્યક્તિ કે બાબત વિશે હવે કશું થઈ શકે એમ નથી. રીવર્સમાં જઈ શકાય એમ નથી. તો કાગળ-પેન ઉપાડી પોતાને પત્ર લખો. ચર્ચમાં પાદરી સામે જેમ કન્ફેશન થાય તેમ પોતાના માંહ્યલા સામે ઉઘાડા થઈ જાવ. અથવા તો પોતાને જ મેઈલ કરો! એ તમામ વાતો, બનાવ-ઘટના ઠાલવી દો. તમને હળવું મહેસુસ થશે. ટ્રાય ઈટ!

**૫. કૂલ રહો, નિષ્ફળતા સ્વીકારો :**

તમે નોંધ્યું હશે કે અમુક વ્યક્તિઓના સ્વભાવ જ કૂલ હોય. તેઓ હરહંમેશ 'મજામાં' જ હોય. ક્યાંક જવામાં પોતાને મોડું થાય કે કોઈએ આપેલા સમય કરતાં તેઓ બહુ મોડા કે વહેલા આવી જાય પણ આ ભાઈ કૂલ જ રહે! તેમને કોઈમાં વાંધો ન હોય. આવી વ્યક્તિઓથી ગિલ્ટ જોજનો દૂર રહે. અને આ જ વ્યક્તિઓ નિષ્ફળતાને પોઝિટિવ-વે માં સ્વીકારી શકતી હોય છે.

બહુ ગંભીર અને ફોર્મેટમાં રહેનારા લોકો જ લાંબેગાળે ગિલ્ટ અને ડિપ્રેશન જેવી બીમારીઓના શિકાર બનતા હોય છે. **સો, નિષ્ફળતા મળી હોય તો તેમાંથી શીખીને વધુ બુદ્ધિશાળી, સ્માર્ટ અને દયાવાન થવાનું, નહીં કે તે નિષ્ફળતાને વાગોળ્યા કરવાની.**

● **જે બાત!**

*સુખ સમયમાં છકી ન જવું, દુઃખમાં ન હિંમત હારવી,*
*સુખ-દુઃખ સદા ટકતાં નથી, એ નીતિ ઉર ઉતારવી.*

*– કવિ કલાપી*

*સી/૮૦૪, ગાલા ગ્લોરી, ગાલા એરિયા સોલો સેન્ટરની પાસે,*
*સાઉથ બોપલ-૩૮૦ ૦૫૮. મો. ૯૯૧૩૦ ૫૬૧૧૧*

નાતો

# સંબંધ : સામાજિક સમરસતાનો પાયો

ચંદ્રકાંત પટેલ 'સરલ'

એક માનવીનું બીજા માનવી સાથે સંબદ્ધ (જોડાણ) થવું કે રહેવું એટલે સંબંધ. સરખું બંધન એટલે સંબંધ. સંબંધને સૌરાષ્ટ્રમાં નાતો પણ કહે છે. જિંદગીમાં સંબંધનું અધિક મૂલ્ય છે. મનુષ્યમાં તાદાત્મ્ય સાધનાર, સમદર્શી-ભાવના પ્રગટાવનાર તથા માનવોચિત ગુણોની પૂર્તિ કરનાર પરિબળ એટલે પરસ્પરનો સંબંધ, નાતો.

સંબંધમાં ધૈર્યતા, સહનશીલતા અને ગુમાવવાની કે જતું કરવાની ભાવના હોય તો જ સંબંધ લાંબો સમય ટકી શકે છે. **આજે માણસમાં ધૈર્યતા નથી, સહનશીલતા નથી, જતું કરવાની ભાવના તો બિલકુલ જ નથી.** પરિણામે સંબંધો લથડ્યા છે. સંબંધો લથડવાને કારણે માનવી લડખડ્યો છે અને તેના જીવનમાં અસ્થિરતાએ ધામા નાખ્યા છે.

સંબંધમાં અપેક્ષાઓ વધારે હોય છે. આ અપેક્ષાઓની પૂર્તિ જ્યાં સુધી થોડી - ઝાઝી થતી રહે છે ત્યાં સુધી સંબંધ ચાલ્યા કરે છે. અપેક્ષાઓમાં ઓટ આવતા માણસનું મન ઘવાય છે, અહમ્ ઉછળે છે અને પછી સંબંધની ચાદર ધીમે ધીમે જર્જરિત થવા માંડે છે.

ઘણા સંબંધો હૃદય સાથે બંધાયેલા હોય છે. તે રક્ત સંબંધો છે. જેમાં પરિવારના સભ્યો, માતા-પિતા, ભાઈ-બહેન, દાદા-દાદી વગેરે. ઘણા સંબંધો સ્વાર્થની પૂર્તિ કરવા માટે જ બંધાતા હોય છે. તેમાં સ્નેહ, લાગણી કે અંતરનું બંધન નથી હોતું. આવા સંબંધોનું આયુષ્ય અલ્પજીવી હોય છે. તે સ્વાર્થ સિધ્ધ થયા સુધી જ જીવે છે.

સ્વાર્થ કે અપેક્ષા વગરના નિર્મળ અને નિર્ભેળ સંબંધો જ સમષ્ટિ - સૃષ્ટિની સમરસતાને અને ઐક્યને સંવર્ધિત કરે છે. બિનસ્વાર્થી, દંભરહિત અને નિષ્કામ ને નૈષ્ઠિક સંબંધો બાંધતા માનવ શીખી જાય તો જગતમાં સર્વત્ર સુખનો જ વરસાદ વરસવા લાગે.

સત્ય સાથે સંલગ્ન, સ્નેહ સાથે વણાયેલા ને હૃદય સાથે સંબદ્ધ સંબંધોને વિખેરવાની કોઇનામાં શક્તિ નથી હોતી. આવા સંબંધોની ઇમારતના પાયા એટલા બધા મજબૂત હોય છે કે તેને કોઈ વાવાઝોડું કે તોફાન ડગમગાવી નથી શકતું. આવા નિર્મળ, વિરક્ત, ઉજ્જવળ અને આર્જવ સાથેના પવિત્ર સંબંધોનો પ્રવાહ આપણાં હૃદય, આત્મા, મન અને શરીરને સંતૃપ્તિના જળનો અભિષેક કરી તેને વિશુદ્ધ બનાવી દે છે અને આપણને કૃતકૃત્ય કરી દે છે.

સમાજની સામાજિક સમરસતાને આવા નિસ્પૃહી અને પવિત્ર સંબંધો જ અડીખમ રીતે જાળવી રાખી ઐક્યનું વાતાવરણ ઊભું કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. સંબંધમાં સમતાપણું કેમ જાળવવું તેનું જ્ઞાન આપણા શાસ્ત્ર-પુરાણો ને વેદોક્ત સાહિત્ય આપણને આપે છે. તેમાં કૌટુંબિક ભાવના, સમાજ ભાવના, માનવ-માનવ વચ્ચે સંવાદીપણું અને પરસ્પર કર્મ ભાવના વગેરેનાં દર્શન થાય છે. **જિંદગી જીવવાની સાચી દિશા આપણને પ્રખ્યાત ગ્રંથો આપે છે.**

ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે — 'હે અર્જુન! હે સવ્યસાચી! તું પોતાને એવી સ્થિતિમાં રાખ કે તારા દ્વારા એવું કોઇ વિકર્મ ન થઈ જાય, જેને કાલે બીજાઓ અપનાવી પોતાના વ્યવહારમાં મૂકે.'

આજે દરેક વ્યક્તિ શ્લાઘા ભૂખ્યો બની ગયો છે. તેને પોતાની પ્રશંસા વહાલી લાગે છે. પ્રશંસામાં જ આસક્ત રહીને સૌ જીવવા મથી રહ્યા છે. વ્યવહારો, સંબંધોમાં પણ સૌ આસક્ત જ છે. કોઇ અનાસક્ત નથી. કોઈ વખાણ કરે એટલે તે વ્યક્તિ સારી લાગવા માંડે છે. તેમની સાથે નવો સંબંધ બંધાય છે પણ તે વ્યક્તિ જ્યારે કોઈ દોષ તરફ અંગુલિ નિર્દેશ કરે છે ત્યારે માણસને નથી ગમતું. કાલ સુધી સારો લાગતો માણસ એકાએક નઠારો અને ખરાબ લાગવા માંડે છે. તેની સાથેનો સંબંધ પણ તોડી પડાય છે. માટે જ સંબંધને કાચની ઉપ્મા અપાઈ છે.

સંબંધ બાંધતા પહેલા વિચારવું જોઈએ. સંબંધ સુપાત્ર વ્યક્તિની જોડે બંધાય તો તેનાં મીઠાં ફળ અવશ્ય મળે છે. પણ જો ભૂલેચૂકેય કુપાત્રની જોડે સંબંધ બંધાઈ જાય તો પરિણામ માઠું આવે છે.

ભગવાન રામચંદ્રજીની સાથે સંબંધ બાંધી વિભીષણે લંકાની ગાદી તો મેળવી હતી, સાથે સાથે આત્મકલ્યાણ પણ કર્યું હતું. સુગ્રીવે રામને મદદ કરી સંબંધ વિસ્તાર્યો અને પોતાના આત્માનો ઉધ્ધાર કર્યો. વાલીનું રાજ્ય પણ મેળવ્યું અને પ્રજાને સુખી

કરવામાં તે નિમિત્ત બન્યો હતો.

પાંડવો સાથે સંબંધ બગાડી કૌરવોએ પોતાનો જ વિનાશ વહોર્યો હતો. શ્રીકૃષ્ણ સાથે સંબંધ બગાડી મામા કંસે મરણ સિવાય કંઈ મેળવ્યું ન હતું. આવા તો ઘણા પાત્રો આપણા ઈતિહાસમાં અને ગ્રંથોમાં પડ્યા છે.

**જીવન વિશે કહેવાયું છે કે - જીવનમાં સત્કર્મનો સરવાળો કરો, ગુણોનો ગુણાકાર કરો, બુરાઇઓની બાદબાકી કરો અને ભૂલોનો ભાગાકાર કરો. આ બધું કરતાં જે શીખી જશે તેમના સંબંધો સદીઓ સુધી અડીખમ વૃક્ષની પેઠે અડગ ઉન્નત બની અતૂટ રહેવાના.**

સંબંધમાં ગણિત ન હોય. ગણિત માંડનારા સંબંધ સાચવી ન શકે. ઘણા માણસો ગણિતને આગળ રાખીને વ્યવહારો કરતા હોય છે. સંબંધમાં પણ સરવાળા, ગુણાકાર, બાદબાકી અને ભાગાકારો જુએ છે. **પોતે કેટલું નમ્યો તે નથી જોવાતું, સામેવાળો નમે છે કે નહીં તે જ જોવાય છે.**

સંબંધમાં કોઈ દગો આપે, આપણો વિશ્વાસ તોડે છે ત્યારે ઘણું દુઃખ થાય છે. તેમાંય જયારે પોતાનું જ માણસ આવું પગલું ભરે ત્યારે તેની વેદના અસીમ હોય છે. વ્યથાનો દરિયો ઉભરાઈ પડે છે. **નવ નવ માસ ગર્ભમાં રાખી જનેતાએ વેઠેલી કારમી પીડા ભૂલીને દીકરો જ્યારે માતાની સાથે સંબંધ તોડે છે ત્યારે એ માતાનું કાળજું કકળી ઉઠે છે.** તેની હૈયાસગડી કોઈ કાળે ઠરતી નથી.

પડોશીઓને આપણે પહેલ સગો ગણ્યો છે. તે જાગતાનો હાકારો છે. આપત્તિ, વિપત્તિ, સંકટ સમયે પડોશી પ્રથમ દોડી આવે છે. પડોશી સાથે સંબંધ વણસાવવાથી એકાકી પડી જવાય છે. **પડોશીઓ સાથે હંમેશાં આત્મભાવ કેળવાય તેવું વર્તન અને વાણી રાખવા જરૂરી છે.**

**માણસની જેમ પ્રાણીઓ, પશુ, પંખીઓ વગેરેમાં પણ સંબંધો હોય છે,** પરસ્પર વ્યવહારો હોય છે. તે તેના ટોળાશાહી વલણમાં દેખાય છે. પ્રાણીઓ - પંખીઓને તમે ક્યારેય એકલા નહીં જુઓ. વન - વગડા કે બજારમાં તે ટોળારૂપે રખડતા જોવા મળે છે. પશુઓ પણ પરસ્પર સંબંધો બાંધી ઐક્યનું દર્શન કરાવે છે.

ગુરુની સાથે શિષ્યનો સંબંધ અને ભગવાન સાથે ભક્તનો સંબંધ શ્રેષ્ઠ સંબંધ છે. આમ સંબંધના ઘણા પ્રકાર અને વિભાગ હોય છે, પણ તેના મૂળમાં તો સમરસતાની ભાવના જ છુપાયેલી છે.

આપણા રોજિંદા વ્યવહારો સમાજ સાથે કાયમ રહ્યા છે ને રહેવાના. સમાજ સાથેના આ વ્યવહારોએ જ આપણને ઘણું શીખવ્યું છે. વ્યવહારુ અને તાલમેલ સાધતા કર્યા છે. તેમાં વિશ્વાસ અને શ્રદ્ધાનું પૂરક બળ આપણને સ્વયંસંચાલિત રાખી રહ્યું છે ને સંબંધોને પુષ્ટ કરી રહ્યું છે.

સંબંધનું કેટલું મોટું મૂલ્ય છે તે સમજવાની ખાસ જરૂર છે અને સમજ્યા પછી તેને જાળવી રાખવાની પણ એટલી જ આવશ્યક્તા છે. ઘણા લોકો તડને ફડ કરવામાં જ જિંદગી વિતાવતા દેખાય છે. તેમને સંબંધોની કોઈ જ કિંમત સમજાતી નથી. ગમે તેની સાથે વાતવાતમાં સંબંધ બગાડી નાખે છે. આવા અજ્ઞાની - અણસમજુ લોકોની પાછલી જિંદગી તો કષ્ટદાયક રહેવાની જ; પરંતુ વર્તમાન જીવન પણ ધૂંધળું અને અનિશ્ચિતતામાં જ ગુજરતું હોય છે.

આપણા લબ્ધપ્રતિષ્ઠિત કવિ-ગઝલકાર આદિલ મન્સૂરી સંબંધ વિશે લખે છે કે :

***"રડી લો આજ સંબંધોને વીંટળાઈ અહીં,***
***પછી કોઈને કોઈની કબર મળે ના મળે;***
***પરીચિતોને ધરાઈને જોઈ લેવા દો,***
***આ હસતા ચહેરા, આ મીઠી નજર મળે ના મળે."***

આપણે પણ કવિની જેમ આપણા પોતીકાઓને, મિત્રો, સ્નેહીઓ અને સંબંધીઓને એકવાર જોઈ લેવા જોઈએ. પોતીકા હોવાના હક્કદાવા કરનારાઓને ચકાસી લેવા જોઈએ કારણકે સંબંધ જે રીતે કાચ જેવો છે તે રીતે માણસ પણ કાચનો તો નથી ને?

***C/o. "સંસ્કૃતિ દર્શન" કાર્યાલય***
***રતનપરા શેરી નં.-૧, નીલકંઠ બંગલાની સામે,***
***બાગ દરવાજા, માણાવદર-૩૬૨ ૬૩૦. (જિ. જૂનાગઢ)***
***મો. ૮૭૩૫૯ ૦૨૪૨૪***

## લેખક / સંકલનકર્તાઓને વિનંતી

### પ્રત્યેક માસની તારીખ ૨૦ સુધી લેખન સામગ્રી મોકલાવવી જરૂરી છે.

★ 'મંગલ મંદિર'માં પ્રકાશિત કરવા માટે ખૂબ પ્રમાણમાં લેખન-સામગ્રીઓ મળતી રહે છે. એટલે 'મંગલ મંદિર'ને અનુરૂપ લેખન-સામગ્રી પ્રકાશિત કરવા માટે સ્વાભાવિક રીતે વિલંબની શક્યતા છે.

★ કોઈપણ પ્રકારની લેખન-સામગ્રી તથા નિયમિત વિભાગમાં પ્રકાશિત થતી સામગ્રી, પ્રત્યેક માસની તા. ૨૦ સુધી મોકલાવવી જરૂરી છે. ત્યારબાદ યોગ્ય જણાશે તો, તે પછીના કોઈ એક અંકમાં તેનો સમાવેશ થશે.

**સાથ સહકારની અપેક્ષા સાથે આભાર.....**

***– તંત્રી મંડળ***

કારકિર્દી

# સ્ટાફ સિલેક્શનની પરીક્ષા દ્વારા અઢળક તકો!

હીરેન દવે

સ્ટાફ સિલેક્શન કમિશન દ્વારા દર વર્ષે લેવામાં આવતી **સી.જી.એલ. (કમ્બાઇન્ડ ગ્રેજ્યુએટ લેવલ)** પરીક્ષામાં સમગ્ર દેશમાંથી લાખો ઉમેદવારો ભાગ લે છે. કેન્દ્ર સરકારમાં વર્ગ-૨ અને વર્ગ-૩ની સંયુક્ત ભરતી પરીક્ષાનું આયોજન તેમાં યોજાય છે. જોકે ગુજરાતમાં આ ભરતી માટેની જાગૃતિ ઓછી જોવા મળે છે. જેના લીધે ઉમદા કારકિર્દીની તકો પૂરી પાડતી આ ભરતીની એક ઝલક આપણે મેળવીએ.

આ પરીક્ષામાં સમાવવામાં આવેલ અનેક પદોને ડેસ્ક જોબ અને ફિલ્ડ જોબમાં વર્ગીકૃત કરવામાં આવે છે. જે તે સ્થાને કામગીરીના ભાગરૂપે અનેક સ્થાનોની મુલાકાત લેવાની થાય છે. જેથી તેને **ફિલ્ડ જોબ** કહી શકાય. બંને પ્રકારની નોકરીઓમાં કામગીરીનો પ્રકાર અલગ હોય છે. **ડેસ્કજોબ** પ્રકારની નોકરીઓમાં ઓફિસમાં બેસીને ફાઈલોનું કામકાજ હોય છે. કામકાજના કલાકો લગભગ નિશ્ચિત હોય છે. જોખમ જેવું ખાસ કંઈ હોતું નથી. કામનું ભારણ અને દબાણ મર્યાદિત હોય છે. જ્યારે ફિલ્ડ જોબ પ્રકારની નોકરીઓ સ્થળ પર કરવાની હોય છે. રવિવારે કે રજાનાં દિવસે પણ કામ માટે સજ્જ રહેવું પડે છે. કેટલાક ઉમેદવારોને આ પ્રકારના કામમાં એક પ્રકારની થ્રીલ કે નશો લાગે છે. તેમના માટે આ નોકરીઓ ઉત્તમ ગણી શકાય. **આમ દરેક ઉમેદવારે પોતાની અંગત પસંદગીને આધારે નોકરીઓને પ્રાધાન્ય આપવું જોઈએ.**

જે ઉમેદવાર મિત્રો ડેસ્ક જોબની પસંદગી કરવા માંગે તેમના માટે કેન્દ્રીય સચિવાલયમાં આસિસ્ટન્ટનું પદ ઉત્તમ ગણી શકાય. નવી દિલ્હી ખાતે આવેલ કેન્દ્ર સરકારના સચિવાલયમાં કામગીરી માટે આ સેવાનું નિર્માણ કરવામાં આવેલ છે. જેથી આ સેવામાં જીવનભર દેશની રાજધાની નવી દિલ્હીમાં રહેવાની તક મળે છે. અન્ય શહેરોમાં બદલી થતી નથી. સચિવાલયની તમામ કામગીરી આ સેવાના અધિકારીઓ કરે છે. આ જોતા આ ઉત્તમ સેવા ગણવામાં આવે છે.

જે ઉમેદવારોને વિદેશમાં પોસ્ટિંગ મેળવવાનો ક્રેઝ હોય તેમના માટે વિદેશ મંત્રાલયમાં આસિસ્ટન્ટની નોકરી ઉત્તમ ગણવામાં આવે છે. સી.જી.એલ. પરીક્ષા અંતર્ગત વિદેશ મંત્રાલયની બે સેવાઓ સમાવવામાં આવેલ છે. વિદેશ મંત્રાલયના આસિસ્ટન્ટ અને સાયફર આસિસ્ટન્ટ તરીકે ઓળખવામાં આવે છે. આસિસ્ટન્ટનું કાર્ય વિદેશ મંત્રાલયનું રોજિંદુ કામકાજ હોય છે. જેમાં ત્રણ વર્ષ દેશમાં સેવા બાદ ત્રણ વર્ષ વિદેશ સેવાની તક મળે છે. તેની સામે સાયફર આસિસ્ટન્ટનું કામકાજ મંત્રાલયના સંદેશાઓને કોઈ આંતરી ન શકે તે રીતે કોડિંગ અને ડીકોડિંગનું હોય છે. આ સેવામાં ૩ વર્ષ દેશમાં સેવા સામે ૬ વર્ષ વિદેશ સેવાની તક મળે છે. જોકે બઢતીની તકો જનરલ આસિસ્ટન્ટમાં વધુ રહેલી છે તથા જનરલ આસિસ્ટન્ટને કોઈ રાતપાળી હોતી નથી. જ્યારે સાયફર આસિસ્ટન્ટને રાતપાળી કરવાની હોય છે. મંત્રાલયો માટે આસિસ્ટન્ટના પદો હોય છે જેને પ્રત્યેક ઉમેદવારોએ પોતાની આગવી પસંદગી મુજબ પ્રાધાન્ય આપી શકે.

ડેસ્ક જોબમાં ડિવિઝનલ એકાઉન્ટન્ટનું પદ પણ ઉત્તમ ગણવામાં આવે છે. કેન્દ્ર સરકાર વતી તેમની નિમણૂંક કરવામાં આવે છે અને જે-તે રાજ્યના પબ્લિક વર્ગ વિભાગ સાથે કામ કરે છે. આથી કેન્દ્ર સરકારના પ્રતિનિધિ તરીકે તેને રાજ્યમાં વિશેષ જ્ઞાન મળે છે. જાહેર બાંધકામ વિભાગની કચેરીઓ દરેક જિલ્લામાં હોવાથી તેને ગમે ત્યાં પોસ્ટિંગ મળી શકે છે. પબ્લિક વર્ક વિભાગના દરેક ખર્ચને મંજૂર કરવા તેની મંજૂરી અત્યંત જરૂરી છે.

આમ, સી.જી.એલ. પરીક્ષા સરકારી ક્ષેત્રે ઘણી વૈવિધ્યપૂર્ણ કારકિર્દીની તક પૂરી પાડે છે અને જો યોગ્ય મહેનત સાથે પરીક્ષામાં સફળતા મેળવવામાં આવે તો અનેકવિધ ક્ષેત્રે કારકિર્દીના સોપાનો ચોક્કસપણે સર કરી શકાય!

---

**"કિડની વિશે જાણો"**


**સર્જકનું નામ**

★

"મંગલ મંદિર"ના ગતાંકમાં પ્રકાશિત થયેલ
ઉપરોક્ત લેખના સર્જકનું નામ
ડૉ. જય વસાવડાના સ્થાને
**ડૉ. જય શાહ** વાંચવું.

પાણી સમસ્યા

# ગુજરાતના ડેમમાં પાણીનો જથ્થો ઓછો કેમ રહે છે?



કિરણ ચાંપાનેરી 'સેતુ'
ફ્રીલાન્સ પત્રકાર

જળ એ જીવન છે. આ પૃથ્વી ઉપર કુદરતી જળાશયોની નજીકમાં માનવ વસાહતો વિકાસ પામી છે. માનવ સભ્યતા અને સંસ્કૃતિ નદીઓના કાંઠા વિસ્તારોમાં વિકસીને પાંગરી છે. કાળાંતરે ગામડાં અને નગર સંસ્કૃતિના વિકાસની સાથોસાથ વરસાદના પાણીનો સંગ્રહ તળાવો ખોદીને થવા લાગ્યો. તળાવો અને તે પછી કૂવાની શોધથી માનવી પાણીની જરૂરત પૂરી કરતો રહ્યો છે અને એ પછી તો **છેલ્લા બસ્સો વર્ષમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના આધારે નદીઓનાં વહી જતા પાણીને વિશાળ ડેમો બાંધીને સંગ્રહ કરવામાં આવી રહ્યું છે.** ડેમોમાં સંગ્રહિત પાણીનો ઉપયોગ ચોમાસા પછી પીવા અને ખેતીવાડીમાં સિંચાઈ માટે થાય છે.

આમ તો આપણે ત્યાં મેઘરાજાની મહેરથી પીવા અને ખેતીવાડીને પાણીની જરૂરત પૂરી થાય છે. ચોમાસા પછીના સમયમાં પાણી ગામના ગોંદરે આવેલ તળાવમાંથી મેળવાય છે અને નદીઓ પર બાંધેલ ડેમોમાંથી પાણીની જરૂરત પૂરી થાય છે. ગુજરાતમાં નર્મદા પર સરદાર સરોવર, તાપી પર ઉકાઈ, સાબરમતી પર ધરોઈ, કરજણ, વણાકબોરી, કડાણા વગેરે નાના મોટા બંધ - ડેમોમાં વરસાદના પાણીનો સંગ્રહ થઈ રહ્યો છે. સરદાર સરોવર તો ગુજરાતની જીવાદોરી સમાન છે! નર્મદાના નીર તો છેક કચ્છ સુધી પહોંચ્યા છે.

અજંતા અને ઓરેવા ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર **શ્રી જયસુખભાઈ ઓધવજીભાઈ પટેલ**ના પોતાના મોરબી અને કચ્છના સામખિયાળીના ઔદ્યોગિક એકમમાં અવારનવાર આવન જાવનના નિરીક્ષણોમાંથી વરસાદી પાણી અને ડેમોમાં સંગ્રહિત થતા પાણી અંગેના આપેલા મંતવ્યોનું અમલીકરણ કરવામાં આવે તો પાણી સંગ્રહ અને સુજલામ્ સુફલામ્ યોજના તથા અન્ય પાણી સંગ્રહની યોજનાઓ ફળદાયી નીવડે... ગુજરાતમાં પાણી સંગ્રહ માટેના ડેમો હોવા છતાં છેલ્લા પંદર-વીસ વર્ષોમાં ચોમાસા પછી પાણીની તંગીના પોકારો કેમ પડે છે? ખેતીવાડી માટે સમયસર પાણી કેમ મળતું નથી? અને ખેતરમાં તૈયાર થયેલ પાક ખેડૂતના હાથમાં આવેલો પાક નાશ પામે છે. પૂરતો વરસાદ અને ડેમો આખા ૧૦૦ ટકા ક્ષમતાથી ભરાઈ જાય તેવી પાણીની આવક હોવા છતાં પણ આપણાં ડેમો ખાલી રહે છે. સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર અને મધ્ય ગુજરાતની નદીઓ ટૂંકા અંતરની છે. તેથી વરસાદ બંધ થયા પછી ગુજરાતમાં ડેમો ભરાઈ જાય તેવો એક વખત તો સારો વરસાદ પડે જ છે. છેલ્લા પંદરેક વર્ષમાં ગુજરાતમાં ચેકડેમો, ખેત તલાવડી, વોકળા બંધ, તળાવો, બોરી બંધ વગેરે બંધાયા હોવાથી ડેમોમાં પાણીની આવક થોડીક ઓછી રહે છે. બીજું, છેલ્લા ત્રણ ચાર વર્ષથી વરસાદ ઓછો પડે છે પરંતુ ચોમાસાની સીઝન દરમિયાન એક વખત તો જોરદાર વરસાદ પડે છે અને તે પણ ડેમો છલકાઈ જાય તેવો પડે છે. ગુજરાતના ૮૫ ટકા વિસ્તારમાં એક વરસાદ તો એવો જોરદાર પડે છે કે તે વિસ્તારના ડેમો સો ટકા ભરાઈને છલકાઈ જાય.

**વરસાદ પૂરતો પડતો હોવા છતાં સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર અને મધ્ય ગુજરાતના ડેમો ખાલીખામ કેમ રહે છે? દર ઉનાળામાં પાણીની પોકાર કેમ પડે છે અને તંગી કેમ વરતાય છે? ગુજરાતના દરેક ડેમોમાં પાણીનો સંગ્રહ કરવા માટેના રૂલ્સ લેવલ નક્કી કરવામાં આવેલ છે. આ નિયમ પ્રમાણે પૂરતી પાણીની આવક હોવા છતાં પણ પાણીનો સંગ્રહ કરવામાં આવતો નથી અને નદીઓમાં વહેવડાવી દેવામાં આવે છે.** ગુજરાતમાં તમામ ડેમોના રૂલ્સ લેવલ જૂનથી ઓક્ટોબર સુધીના દર દસ દિવસે કેટલો પાણીનો જથ્થો ડેમમાં સંગ્રક કરવો તે નક્કી કરવામાં આવે છે. આ રૂલ્સ લેવલ મુજબ સપ્ટેમ્બર માસ પૂરો થાય ત્યાં સુધીમાં ફક્ત ૬૦ ટકાથી વધારે જથ્થો સંગ્રહ કરવામાં આવતો નથી અને ઓક્ટોબરના અંતમાં સો ટકાની કેપેસિટી પાણી સંગ્રહ કરવો એવો નિયમ છે પણ આ રૂલ્સ લેવલને પાળવામાં આવતા નથી.

ડેમોના આ રૂલ્સ લેવલના કારણે જો જુલાઈ, ઓગસ્ટ કે સપ્ટેમ્બરમાં સારો વરસાદ પડે અને ૧૦૦ ટકા ડેમો ભરાઈ જાય તેવી પાણીની આવક હોવા છતાં પણ પાણીનો સંગ્રહ કરવામાં આવતો નથી અને દરવાજા ખુલ્લા કરીને પાણી નદીઓ અને દરિયામાં વહેતું મૂકી દેવામાં આવે છે અને ચોમાસાની પાછળના માસમાં વરસાદ ન પડવાના કારણે ડેમોના તળિયા દેખાવા માંડે છે. ગુજરાતના ડેમોની દેખરેખ અને

સંભાળ રાખતા અધિકારીઓ કોઈપણ પ્રકારનું જોખમ કે જવાબદારીઓ લેવા માંગતા નથી. **અમુક અધિકારીઓ તો રૂલ્સ લેવલ કરતાં પણ ઓછું લેવલ રાખતા હોય છે. જેથી તેઓ કોઈ પણ ટેન્શન વગર આરામથી ઘરે કે ઓફિસમાં બેસી શકે.** આ કારણોસર ગુજરાતના ડેમોમાં પાણીનો સંગ્રહ કુલ ક્ષમતાના ૫૫ ટકાથી વધારે પાણીનો સંગ્રહ થતો નથી.

દેશમાં અને ગુજરાતમાં જે ડેમો અને કેનાલો છે તે ખેડૂતોની કિંમતી જમીનો સંપાદિત કરીને બનાવેલ છે. ડેમો અને કેનાલો બનાવવા પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરેલ છે. ગુજરાતમાં આ ડેમો અને કેનાલોના ઑપરેશન, મેઈન્ટેનન્સ, સિક્યોરિટી માટે પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. પ્રજાના પૈસામાંથી આ બધા ખર્ચાઓ નીકળે છે. **લોકોએ ભરેલા કરોડો રૂપિયાના ટેક્સમાંથી ડેમો અને કેનાલોની જાળવણી માટે ખર્ચાઓ કરવામાં આવે છે પણ અધિકારીઓની બિનજવાબદારી અને લાપરવાહીના કારણે ડેમોમાં પાણી સંગ્રિહત થતું નથી.** આપણે મોટા પ્રોજેક્ટો નિર્માણ કરીએ છીએ પરંતુ તેનો લોકોના હિત માટે સાચો ઉપયોગ ન થાય તો આવા પ્રોજેક્ટનો શો અર્થ?

ડેમોમાં પાણી સંગ્રહ માટે માત્ર ચાર માસ જ ધ્યાન રાખવાનું છે. એટલે કે ચોમાસાના જુલાઈ, ઓગસ્ટ, સપ્ટેમ્બર અને ઓક્ટોબર – આ ચાર માસ માટે બધા ડેમો ઉપર પાણી સંગ્રહ બાબતે ધ્યાન આપવામાં આવે તો ૨૦થી ૩૦ ટકા પાણી દર વરસે સ્ટોરેજ કેપેસિટીમાં વધારો કરી શકાય અને પાણીનો સૌથી વિકટ પ્રશ્ન છે તે હલ થઈ શકે અને ઉનાળામાં પાણીની તંગીની બૂમો ના પડે.

**ગુજરાતમાં આવેલ ડેમોના રૂલ્સ લેવલના નિયમો બદલવાની જરૂર છે કારણકે આ રૂલ્સ લેવલ મોરબી અને સુરતની પૂર હોનારતના કારણે બનાવવામાં આવેલ છે.** ગુજરાતના બધા ડેમોનો કેચમેન્ટ એરિયા, ૧૦૦ વર્ષના વરસાદના આંકડા અને તેના આધારે ડેમની ક્ષમતા અને તે મુજબ ડેમમાં દરવાજા વગેરે, તેની પાણીની આવક અને પાણીની જાવક પ્રમાણે ડેમની ડિઝાઈન, હાઈટ, કેપેસિટી વગેરે નક્કી કરવામાં આવેલ હોય છે. એટલે કે ડેમ બનાવવાનું જ્યારે પ્લાનિંગ કરવામાં આવે છે ત્યારે જ આ બધી બાબતોનો કાળજીપૂર્વક અભ્યાસ કરીને જ ડેમની ડિઝાઈન બને છે અને ડેમ નિર્માણ પામે છે. તેમ છતાં રૂલ્સ લેવલ મુજબ જ પાણીનો સંગ્રહ કરીએ તે કેટલું વ્યાજબી છે? જો ૫૦ વર્ષમાં માત્ર એકાદ બે બનાવના કારણે ડેમોની સંગ્રહ ક્ષમતાનો ફક્ત ૫૦ ટકા જ ઉપયોગ કરવામાં આવે અને પાણી સંગ્રહ ન કરીએ તો ડેમ અને કેનાલો બનાવવાનો શો અર્થ?

આપણે બધા જાણીએ છીએ કે રોડ ઉપર અકસ્માતો થાય છે. બ્રેક, લાઈટ, ક્લચ, ઍરબેગ વગેરે સલામતી માટેની બધા પ્રકારની સુવિધા કાર, ટ્રક, બસ વગેરેમાં હોય છે. તેમ છતાં અકસ્માતો થતા રહે છે. તેથી શું રોડ ઉપર ગાડી લઈને પસાર થવાનું બંધ કરી દઈશું? એટલે કરોડો રૂપિયાનો ખર્ચ કરી લાખો લોકોની સગવડતા, જરૂરિયાતને અવગણવામાં આવે તે કેટલું વ્યાજબી લેખાય? ગુજરાતના ડેમોની હાલત ૨૦ ટનની કેપેસિટીના ટ્રકમાં ૬ થી ૭ ટન વજન ફક્ત સલામતી ખાતર જ ભરીએ તેવી છે. આ ઈકોનોમિકલ, કોમર્શિયલ, ટેકનિકલી અને ફીજીબિલિટીની રીતે વ્યાજબી નથી. **ડેમોની સંગ્રહ ક્ષમતા કરતાં ઓછું પાણી સંગ્રહિત કરવામાં આવે તે નુકસાન જ છે ને?**

સાહસિક ઉદ્યોગપતિ શ્રી જયસુખભાઈ પટેલના સૂચન પ્રમાણે ગુજરાતના ડેમોના પાણી સંગ્રહની સમસ્યાના હલ માટે એક એવા અધિકારીની નિમણૂંક કરવી જોઈએ. આ અધિકારી સાહસિક, હિંમતબાજ, ડાયનેમિક, સકારાત્મક વલણ, જેને લોકો પ્રત્યે લાગણી હોય, સરકારને સમર્પિત, તત્કાલ નિર્ણય કરી શકે, હાર્ડવર્ક અને કંઈક સારું કરવાની ભાવના ધરાવતી હોવી જોઈએ. આ વ્યક્તિને સંપૂર્ણ સત્તા સાથે સ્પેશિયલ ઑફિસર તરીકે અલગ પોસ્ટિંગ, અલગ સ્ટાફ, ઑફિસ ડાયરેક્ટ ચીફ મિનિસ્ટરને રિપોર્ટિંગના પાવર હોય. આ અધિકારી ડે ટુ ડે – ૨૪ કલાક જૂનથી ઓક્ટોબર સુધી દરેક ડેમોના અધિકારીઓ સાથે સીધા સંપર્કમાં રહી 'રૂલ્સ લેવલ' કેટલો પાણીનો જથ્થો સંગ્રહ કરવો અને કેટલો પાણીનો જથ્થો છોડવો, કયા સમયે શો નિર્ણય લેવો તેની સંપૂર્ણ સત્તા તેને હોવી જોઈએ. આ અધિકારીનું લક્ષ્ય માત્ર અને માત્ર ગુજરાતના ડેમોમાં પાણીનો જથ્થો ૨૦થી ૩૦ ટકા કઈ રીતે વધારે સ્ટોર કરી શકાય તે હોવું જોઈએ.

**જો આમ, રૂલ્સ લેવલમાં થોડા ફેરફારો કરવામાં આવે અને સ્પેશિયલ ઓફિસરની નિમણૂંક જેવા થોડા પગલા લેવામાં આવે,** પરિવર્તન કરવામાં આવે તો ગુજરાતના સઘળા ડેમો બારેમાસ પાણીથી છલકાતા રહે અને ચોમાસા બાદ આ સંગ્રહિત પાણીનો ઉપયોગ કરી શકાય. ત્યારે જ ડેમો અને કેનાલો પાછળ કરવામાં આવેલ ખર્ચ સાર્થક લેખાય.

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર હા. સોસાયટી,*
*સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨ ૩૪૬.*
*મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*

*કોઈ તમારા સારા કાર્યો પર શક કરે તો કરવા દેજો કારણકે શંકા હંમેશાં સોનાની શુદ્ધતા પર થાય છે, કોલસાની કાળાશ પર નહીં.*

શિક્ષણ જગત

# ઋણ સ્વીકાર

એમ.ડી. સોલંકી

'એ...કાકા.... એ બાજુ ક્યાં જાઓ છો? કેસ કાઢવાની બારી તો બંધ થઈ ગઈ છે.

'પ...ણ... બેન...'

'બેન નહીં, મને સિસ્ટર કહો. સિ..સ્ટ..ર...'

'સિ..સ્ટ...ર...?'

'હા, સિ...સ્ટ...ર...'

'હા, તો સિસ્ટર બેન...'

'પાછું બેન કહ્યું? આ ગામડાના લોકોને શું કહેવું? કશીયે વાતે સમજે જ નહીં!'

'મને કહ્યું?'

'હા કાકા, તમને જ કહું છું. જુઓ, આજે તો સમય થઇ ગયો છે એટલે ઓપીડી બંધ થઈ ગઈ છે. આવતીકાલે રવિવારની રજા છે. એટલે તમે પરમ દિવસે સોમવારે આઠ વાગે આવજો.' સિસ્ટરે ચોખવટ કરતા કહ્યું.

'પરમ દિવસે? સોમવારે?' કાકાએ નવાઇ પામતા પૂછ્યું.

'હા, પરમ દિવસે, સોમવારે.'

'પણ... સિસ્ટર... હું છેક વહેલી સવારે વખતપરથી નીકળ્યો છું. છકડામાં માંડમાંડ અહીં સુધી પહોંચ્યો છું. મને જમણી આંખે ઓછું દેખાય છે એટલે હું મારી આંખની તપાસ કરાવવા આવ્યો છું. આજે મારી આંખની તપાસ થઈ જાય તો મારે સોમવારનો ધક્કો ના રહે.' કાકાએ વિનંતી કરતા કહ્યું.

'પણ હું શું કરું? ટાઈમ પૂરો થઈ ગયો છે અને આંખોની તપાસ કરનાર ડૉ. શાહ પણ એમની કેબિનમાંથી રવાના થઈ ગયા હશે. જાઓ, હવે મને મારું કામ કરવા દો.' સિસ્ટરે જાણે કે હાથ ઊંચા કરી નાખ્યા.

'સિસ્ટર, કામ તો થોડીવાર પછી પણ થશે. હજુ તમારી પાસે આખો દિવસ છે.' હોસ્પિટલની પરસાળમાંથી પસાર થતા સુપ્રિન્ટેન્ડન્ટ ઝાલાએ ચાલતા ચાલતા અચાનક ઊભા રહીને ક્હ્યું.

'પણ, સર... ઓપીડીનો સમય તો ક્યારનોય પૂરો થઈ ગયેલ છે. કેસ બારી પણ બંધ થઈ ગઈ છે અને આંખના સર્જન ડૉ. શાહ પણ અત્યારે તો...'

'આંખના સર્જન ડૉ. શાહ હજુ આપણી હોસ્પિટલના કેમ્પસમાં જ હશે. જા વિનુ, તું ડૉ. શાહને બોલાવી લાવ અને સિસ્ટર તમે કેસ કાઢી લાવો. હું ડૉ. શાહની કેબિનમાં જ બેઠો છું.' સુપ્રિ. ઝાલાએ કહ્યું.

'...સિસ્ટર... આ સરહદી તાલુકો છે. તાલુકાના વીસેક ગામ વચ્ચે સરકારે આ હોસ્પિટલ બનાવી છે. આ વિસ્તાર અંતરિયાળ છે તો અહીં વસતા માણસોય મોટેભાગે અભણ અને ગરીબ છે. એટલે એ સૌને સરકારી હોસ્પિટલનો જ આશરો હોય. હવે વાત રહી સમયની! આપણે સૌ સરકારી કર્મચારીઓ છીએ. **સરકાર તરફથી મળતા સારા પગાર અને અન્ય સવલતોને જોતાં, આપણે સમયના બંધનમાં બંધાવું ન જોઈએ. અને આમેય આપણું કામ તો સેવા કરવાનું જ છે ને?'** કાકાનો કેસ પેપર હાથમાં લેતા સુપ્રિ.ઝાલાએ કહ્યું.

આંખના સર્જન ડૉ. શાહે મણિલાલની આંખોની તપાસ કર્યા પછી કહ્યું, 'કાકા, તમારી જમણી આંખે મોતિયો આવ્યો છે. દવા અને આંખમાં નાખવાના ટીપા આપું છું. આવતી દસ તારીખે તમારી જમણી આંખમાં મોતિયાનું ઑપરેશન કરવાનું છે. એટલે સવારે દસ વાગે અહીં આવી જજો. સાથે તમારા કોઈ સંબંધીને પણ લેતા આવજો.'

'પણ સાહેબ... મારા સંબંધી...'

'ડૉ. શાહ, તમે મોતિયાના ઑપરેશનની તૈયારી રાખજો. એ સમયે એમની સાથે રહેનારની વ્યવસ્થા થઈ જશે. વિનુ, તું ડ્રાઇવરને કહી દે, દાદાને ગાડીમાં એમના ગામ મૂકી આવે. દસ તારીખે એમના ગામે જઇ સમયસર દાદાને લઇ આવવાના છે એવું પણ કહેજે.' સુપ્રિ. ઝાલાએ સૂચના આપતા કહ્યું.

'દાદા, તમારે કયા ગામ જવાનું છે?' ગાડી લઇને આવેલા ડ્રાઈવરે પૂછ્યું.

'વખતપર.'

'વખતપર? નાના ઝીંઝુંડા પાસેનું વખતપરને?'

'હા ભઈ, એ જ વખતપર.' કહેતાં મણિલાલ ગાડીમાં ગોઠવાયા. ગાડી વખતપરના મારગે આગળ વધતી હતી અને મણિલાલના મનમાં ગડમથલ ચાલતી હતી. આ ડૉક્ટર સાહેબ ખરા કહેવાય! આંખનીય ઓળખાણ મારે એમની સાથે ન હોવા

છતાંય મને મારા ગામે પહોંચાડવા ડ્રાઈવર સાથે ગાડી મોકલી!

મણિલાલ વિચારતા રહ્યા અને એકાદ કલાક પછી ગાડી વખતપરના પાદરે પહોંચી ગઈ.

'બસ ભઇ, તમે મને અહીં ઉતારી દો. હું મારા ઘેર જતો રહીશ.'

'દાદા, દસ તારીખ બરાબર યાદ રાખજો. તે દિવસે સવારે આઠ વાગે તમે અહીં આવી જજો. હું તમને લેવા ગાડી લઈને આવીશ. અને હા, મોતિયાના ઑપરેશન પછી તમારે એક અઠવાડિયું હોસ્પિટલમાં જ રોકાવાનું છે એવી વાત ઘેર કહીને આવજો.' ગાડી ચાલુ કરતા ડ્રાઈવરે કહ્યું.

નક્કી કરેલ તારીખે ડ્રાઇવર ગાડી લઇને વખતપર આવી મણિલાલને હોસ્પિટલ લઈ ગયો. મોતિયાના ઑપરેશન દરમિયાન વિનુ એમની સાથે રહ્યો. સુપ્રિ. ઝાલાની સૂચના મુજબ તેમના ક્વાર્ટરની બાજુમાં હવા-ઉજાશવાળા અને લાઇટની સગવડ ધરાવતા ક્વાર્ટરમાં પલંગ ઉપર મણિલાલને સુવડાવતા વિનુએ કહ્યું, 'દાદા, હવે તમારે એક અઠવાડિયું અહીં જ રોકાવાનું છે. તમારી તમામ વ્યવસ્થા અહીં થઈ જશે. તમે જરાય મુંઝાશો નહીં. હું તમારી જોડેના ક્વાર્ટરમાં જ રહું છું.'

વિનુ ગયો અને પલંગ ઉપર સૂતેલા મણિલાલ મનમાં વિચારતા રહ્યા. આ કયા ભવની લેણદેણ હશે? કશીય સમજણ પડતી નથી.

સાતમા દિવસની સાંજે વિનુએ મણિલાલને કહ્યું, 'દાદા, આવતીકાલે સવારે દસ વાગે આપણે આ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ ઝાલા સાહેબના ઘરે જવાનું છે. ત્યાં જમ્યા પછી ડ્રાઈવર ગાડીમાં તમને તમારા ગામ મૂકી જશે.'

બીજા દિવસે વિનુ અને મણિલાલ હોસ્પિટલના સુપ્રિ. ઝાલાના ઘેર ગયા. મણિલાલ જમ્યા પછી ડ્રોઈંગ રૂમમાં બેઠા હતા. ત્યાં આવીને સુપ્રિ. ઝાલાએ પૂછ્યું, 'સાહેબ, હવે ઑપરેશનવાળી આંખે કેવું દેખાય છે?'

'સાહેબ'ના સંબોધનવાળો સવાલ સાંભળી મણિલાલ થોડી મુંઝવણમાં મૂકાઈ ગયા. જવાબ આપતા એમણે કહ્યું, 'સાહેબ, હવે મને એ આંખે સારું દેખાય છે. પણ તમે મને 'સાહેબ' કહીને શરમમાં ન મૂકો. આ હોસ્પિટલના ઉપરી સાહેબ તો તમે પોતે જ છો. તમે મને સાહેબ કહો છો એ બરાબર ન કહેવાય.'

'ના સાહેબ, મારી વાત જરાય ખોટી નથી. તમે ખરેખર મારા સાહેબ જ છો.'

સુપ્રિ. ઝાલાની વાત સાંભળી મણિલાલ અસંમજસમાં મૂકાઈ ગયા. ઘણુંય વિચારવા છતાંય 'સાહેબ'વાળી વાતનો તાળો મળતો નહોતો. એમના મનની મૂંઝવણ વધતી જતી હતી. ત્યાં સુપ્રિ. ઝાલાએ કહ્યું, 'સાહેબ, તમે શિક્ષક તરીકેની નોકરી કરતા હતા?'

'હા, હું શિક્ષક તરીકેની નોકરી કર્યા પછી નિવૃત્ત થયો છું. પણ એ વાતનું શું? અને હું તો ગુજરાતી પ્રાથમિક શાળાનો શિક્ષક હતો. એમાં તમે મને સાહેબ કહીને બોલાવો એ વાત મને પોતાને પણ બરાબર લાગતી નથી.'

'વરસો પહેલાં તમે કોઈ સુરા નામના છોકરાને ભણાવેલો?' સુપ્રિ. ઝાલાએ પૂછ્યું.

'સુરા નામનો છોકરો?' મણિલાલ ઉતાવળે બોલી ગયા.

'હા, આમ તો એનું નામ સુરૂભા હતું. પણ ગામડાંગામની એ ગુજરાતી શાળામાં સુરૂભાને બદલે સુરો થઈ ગયેલું! અરે! કેટલાક તો એને સુરિયો કહીનેય બોલાવતા.' સુપ્રિ. ઝાલાએ ચોખવટ કરતાં કહ્યું.

'મારી શિક્ષક તરીકે નોકરીના શરૂઆતના વરસોમાં મેં સુરૂભા નામના છોકરાને ભણાવેલ એવું ઝાંખુ-ઝાંખુ યાદ છે.' એટલું બોલીને મણિલાલે અતીતના આઈનામાં ડોકિયું કર્યું અને એમની નજર સમક્ષ વીતી ગયેલો ભૂતકાળ જાણે કે સજીવન થઈ ગયો.

૧૯૬૫-૭૦ના દાયકાની વચ્ચેના સમયગાળામાં પી.ટી.સી.ની તાલીમ પછી શિક્ષક તરીકે મણિલાલની નિમણૂંક દૂરના જિલ્લાના અંતરિયાળ એવા ધરમપુર ગામે થઈ હતી. નિશાળના હેડમાસ્તરે મણિલાલને શરૂઆતમાં જ સાતમા ધોરણનો વર્ગ આપેલો. તેમના જ વર્ગમાં સુરૂભા ભણતા હતા. ગામના મુખી જુવાનસિંહનો એકનો એક દીકરો સુરો ભારે અળવીતરો! ભણવાની બાબતમાં સાવ રાંક!

ગુજરાતી નિશાળમાં શિક્ષક તરીકેની નોકરીના ત્રણેક મહિનામાં મણિલાલ તમે તમારા વર્ગમાં ભણતા સુરૂભાના અલ્લડપણાથી પૂરેપૂરા માહિતગાર થઈ ગયેલા. સાતમા ધોરણમાં બે-બે વખત નાપાસ થયેલા સુરૂભા અભ્યાસમાં સાવ બેફિકર રહેતા. ગામના મુખી જુવાનસિંહની ધાકના કારણે શાળાના શિક્ષકોએ પણ સુરૂભાના ભણતર પ્રત્યે આંખ આડા કાન કરેલા!

પી.ટી.સી.ની તાલીમ દરમિયાન શિક્ષણવિદ્ મગનકાકાના કહેલા એ શબ્દો મણિલાલ તમારા માનસપટ પર એ સમયે એકદમ તરોતાજા હતા. 'બે વર્ષની તાલીમના અંતે તમે જ્યારે શાળામાં ફરજ બજાવવા જાઓ ત્યારે તમારા વર્ગમાં ભણતા બાળકોના માનસિક વલણને પારખવાનો પ્રયત્ન કરજો. તમારા વર્ગખંડમાં તમારી સામે બેઠેલું એક-એક બાળક ભવિષ્યમાં હોનહાર થવાની ક્ષમતા ધરાવે છે અને એટલે જ એ બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને પિછાણી એને બહાર લાવવાનો પ્રયત્ન કરજો. તમારામાં રહેલા ટીચિંગ પાવરને તમે રતિભાર પણ ઓછો થવા ન દેતા. **આખરે દેશના ભાવિ નાગરિકો તૈયાર કરવાની જવાબદારી એક શિક્ષક તરીકે તમારી જ રહેવાની**

છે.

મણિલાલ, તમે સુરૂભાને ભણતર પ્રત્યે અભિમુખ કરવા થાય એટલાં પ્રયત્નો કર્યા. પણ વ્યર્થ! તમારા પ્રયત્નોનું ધાર્યું પરિણામ ન આવ્યું. સુરૂભાના વલણમાં જરાય ફરક ના પડ્યો. જાણે એ કપાસિયા એના એ! અને મણિલાલ, તમે એક દિવસ ધીરજ ગુમાવીને સુરૂભાને શિક્ષા કરી બેઠા!

વિવેકભાન ભૂલીને મણિલાલ તમે સુરૂભાને શિક્ષા કરી. જાણે શાંત પાણીના સરોવરમાં કોઈકે પથ્થર ફેંક્યો. જાણે અજાણ્યે તમે જુવાનસિંહ મુખીના દીકરા સુરૂભાને શિક્ષા કરી એનો પડઘો ભૂકંપની જેમ નિશાળ, શિક્ષકો અને ગામ આખામાં ફરી વળ્યો. 'મણિલાલ, મેં તમને વારંવાર ના પાડી હતી છતાંય આખરે તમે ભોરિંગના રાફડામાં જ હાથ નાખ્યો! તમારું તો જે થવાનું હશે તે થશે, પણ હવે મારું શું થશે? સૂકા ભેગું લીલુંય બળે એમ તમારી ભૂલના કારણે હેડમાસ્તર અને નિશાળના બધાય માસ્તરોનું હવે આવી બનશે! જુવાનસિંહ મુખીનો તાપ કોઈથીય નહીં જીરવાય. નિશાળના હેડમાસ્તર મણિલાલને વઢતા હતા.

એ દિવસનું દૃશ્ય કોઈ ચિત્રપટની જેમ અત્યારે પણ તમારી નજર સમક્ષ તરવર્યું. તમે જાણે મહા અપરાધ કરી નાખ્યો હોય એમ શાળાના અન્ય શિક્ષકો પણ મણિલાલ, તમારી તરફ કતરાતી નજરે જોતા હતા. 'હવે મણિલાલનું શું થશે?' એવો મનોમન પ્રશ્ન કરી જુવાનસિંહરૂપી વાવાઝોડું નિશાળમાં આવીને કેવી અને કેટલી તબાહી સર્જી નાખશે એની કલ્પના સૌ પોતપોતાની રીતે કરતા હતા.

મણિલાલના મનોપ્રદેશમાં ચાલતી એ વિચારધારાને અટકાવતા સુપ્રિ. ઝાલાએ કહ્યું, 'મણિલાલ સાહેબ, જે દિવસે તમે મને શિક્ષા કરેલી એ વાત પવનની પાંખે ચડીને, હું નિશાળમાંથી ઘેર પહોંચું તે પહેલા મારા ઘેર મારા બાપુ જુવાનસિંહ પાસે પહોંચી ગયેલી. સાંભળો...'

'...સાહેબ, તમે મને કરેલી શિક્ષાથી મારા બાપુ ભારે ખિન્ન થઈ ગયેલા. એમનો ગુસ્સો જાણે કે સાતમા આસમાને પહોંચી ગયેલો! બાપુના ગુસ્સાને શાંત કરવા મારા બા સમજુબાએ કહેલું, 'સાચું કહું તો આપણા સુરૂભા પણ ભારે ખેપાની અને ઉધમતિયા છે. માસ્તરે એમને શિક્ષા કરી એનું કાંક તો કારણ હશે ને?'

'કારણની વાત તમે કરોમા, સુરૂભાના બા, આજ લગી નિશાળના બધાય માસ્તરોએ આ જુવાનસિંહ મુખીની અદબ જાળવી છે. અને આ નવો માસ્તર? આપણા સુરૂભાને શિક્ષા કરે? એના માથામાં રાઈ ભરાઈ ગઈ લાગે છે. પણ એ માસ્તરને ખબર નહીં હોય કે સુરૂભા ધરમપુર ગામના મુખી જુવાનસિંહના દીકરા છે. ગમે તેમ થાય સુરૂભાને શિક્ષા કરનાર માસ્તરને કંઈક તો ડારો દેવો જ પડશે. હું જુવાનસિંહ, આ ગામનો મુખી છું.'

'સુરૂભાના બાપુ... તમે જે કાંઈ કરો તે પૂરા વિચાર કરીને કરજો.' સાલસ સ્વભાવના સમજુબાએ કહેલું.

મને કરેલી શિક્ષાની વાતનો અજંપો મારા બાપુના મનનો કેડો મૂકતો નહોતો. હા, એ આમન્યા જાળવીને કે પછી ગમે તે કારણોસર નિશાળમાં ત્યાં ન આવ્યા.

પાંચ દિવસ પછી રવિવારની રાતે વાળુ-પાણીથી પરવાર્યા પછી મને અને મારા બા સમજુબાને સામે બેસાડીને મારા બાપુએ કહેલું, 'આજે બપોરે હું ગામના ચોતરે બેઠો હતો. મારી પાસે બેસવાવાળા એક પછી એક ઘેર ગયા. હું એકલો જ બેસી રહ્યો હતો. મારા મનમાં મણિલાલ બાબતનો ઉકળાટ હતો. આ મણિલાલનું કંઈક કરવું પડશે. એવા વિચાર મારા મનમાં ઉઠ્યા કરતા હતા. ત્યાં જ અચાનક મને મણિલાલ દેખાયા! અત્યારે ખરા બપોરે મણિલાલ એકલા ક્યાં જતા હશે? આવો પ્રશ્ન મારા મનમાં ઉદ્‌ભવ્યો. જોઉં તો ખરો! એવું વિચારીને હું પણ બિલ્લીપગે મણિલાલ મને જોઈ ન જાય એની સાવચેતી રાખી એમની પાછળ પાછળ ચાલ્યો. મણિલાલ આપણા જૂના ગામને મારગે જતા હતા. ઉનાળાનો એ બળબળતો બપોર. રસ્તો સાવ સૂમસામ! ચકલુંય ફરકતું નહોતું. દોઢેક કિલોમીટરનું અંતર કાપી મણિલાલ જૂના ગામના મહાદેવના મંદિરમાં ગયા. જીર્ણ થઈ ગયેલા એ મહાદેવના મંદિરના બારણાં તો ખુલ્લા જ હતા. હું પણ ચૂપકિદીથી, મણિલાલને ખબર ના પડી જાય એ રીતે બારણાની બાજુમાં સંતાઈને ઊભો રહ્યો. મારા મનમાં જાતજાતના વિચારોના ઘોડા ગંઠાતા હતા. 'મણિલાલ મંદિરની બહાર નીકળે એટલી જ વાર! આજે લાકડી વડે ધબેડી જ નાખવા છે.' અને મેં મારા હાથમાં પકડેલી લાકડીના પક્કડને વધુ મજબૂત બનાવી. પણ ત્યાં તો મંદિરમાંથી મણિલાલનો બોલવાનો અવાજ સંભળાયો. મેં કાન સરવા કર્યા — 'હે દેવાધિદેવ મહાદેવ, તમે તો આ સૃષ્ટિના કણકણમાં વિદ્યમાન છો. મંદિર જૂનું હોય કે નવું કોઈ ફરક પડતો નથી. **સવાલ માત્ર માનવીની શ્રધ્ધાનો છે. સાચી શ્રધ્ધા પથ્થરમાં પણ પ્રાણ પ્રગટાવી શકે છે.** બસ, આવી જ શ્રધ્ધાથી પ્રેરાઈને હું તમારા દ્વારે આવ્યો છું. ગામના મુખી જુવાનસિંહના દીકરા સુરૂભાને મારા હાથે શિક્ષા થઈ ગઈ છે. એકના એક ધોરણમાં બે વરસથી નાપાસ થનાર સુરૂભા અભ્યાસમાં સાવ બેદરકાર છે. પણ એમનામાં હીર છે. જો એ અભ્યાસ પ્રત્યે જાગરૂક થાય તો ભવિષ્યમાં એ કંઈક બની શકે એમ છે. હીરો છે, પણ પહેલ પાડ્યા વિનાનો! પહેલ પાડ્યા પછી એ હીરાની કિંમત કરોડોમાં અંકાય છે. સુરૂભાનું પણ એવું જ છે. એટલે મેં વિચાર્યું કે થોડો ડારો દઉં તો એ ભણવામાં જરા ધ્યાન આપે. અને એમનું ભવિષ્ય ઉજળું બની જાય. સુરૂભાને શિક્ષા કરવાની ભૂલ મારા હાથે થઈ છે, એની

માફી માંગવા આવ્યો છું. તમારી નજરમાં મારી ભૂલ ગણાય તો મને માફ કરજો. અને હે ભોળિયા મહાદેવ! સુરૂભાને ભણતર પ્રત્યે ભૂખ જાગે અને એ સારું ભણતર ભણે એવા આશીર્વાદ એમને જરૂરથી આપજો. હે દયાળુદેવ! તમે મને માફી નહીં આપો તો ચાલશે પણ સુરૂભાને તમારા અંતરના આશીર્વાદ જરૂરથી આપજો. મને ગળા સુધી ભરોસો છે કે તમારા આશીર્વાદ મળશે તો પછી સુરૂભા ભણતરમાં ક્યાંય પાછા નહીં જ પડે.

'હું મણિલાલ માસ્તરની વાત સાંભળવામાં એટલો તલ્લીન બની ગયો હતો કે મેં મારા હાથમાં મજબૂત રીતે પકડેલી લાકડીની પક્કડ ક્યારે ઢીલી થઈ ગઈ એની મને પોતાને જ ખબર ના રહી! અને આખરે મારા હાથમાંથી લાકડી ફડાક કરતી નીચે પડી ગઈ. હું પોતે સ્તબ્ધ થઈ ગયો. મંદિરના બારણા આગળ લાકડી પડવાના અવાજથી બેધ્યાન થઈ ગયેલા મણિલાલે બારણાં તરફ પાછળ જોયું અને મને જોઈને જાણે કે એ શિયાંવિયાં થઈ ગયા! ઉતાવળે એ બોલી ગયા, 'મુખી તમે? અત્યારે, અહીં?'

'હા જુઓને માસ્તર, મારી રાતડી ગાય બે દિવસથી ખોવાઈ ગઈ છે એટલે એને ગોતવા આ બાજુ નીકળ્યો'તો. ત્યાં મંદિરમાં તમને જોયા એટલે વિચાર આવ્યો કે લાવ ત્યારે મણિલાલ માસ્તરને મળતો જાઉં અને સુરૂભાના ભણતરની ભલામણ કરતો જાઉં. માસ્તર, અમારા સુરૂભા ભણતરમાં ઝાઝુ ધ્યાન દેતા નથી. બે વરસથી નાપાસ થાય છે. એટલે ભણતરની બાબતમાં તમે એમને જરા ડારો દેતા રહેજો અને નિશાળમાં તમે નિરાંતજીવે તમને ઠીક લાગે એ રીતે છોકરાં ભણાવજો. ગામમાંથી કોઈ તમને ઠપકો આપવા નહીં આવે. લ્યો ત્યારે માસ્તર રામ રામ... હું ગાય ગોતવા જાઉં...'

'....વાતનું સમાપન કરતા મારા બાપુએ મને કહેલું, સુરૂભા, હવે તમે ભણવામાં બરાબર ધ્યાન આપજો. મણિલાલ માસ્તરે તમારા ભલા માટે જ તમને શિક્ષા કરેલી. એમનેય તમારા ભણતર માટે લાગણી છે. એમના કહેવા પ્રમામે તમે સારું ભણતર ભણી શકો એમ છો. મહેનત કરીને સારું ભણતર ભણશો તો જીવનમાં કંઈક મેળવી શકશો.'

મણિલાલ ઉત્સુકતાથી સુરૂભાની વાત સાંભળી રહ્યા હતા. જેમ જેમ વાત આગળ વધતી, તેમ તેમ એમના ચહેરા ઉપર આનંદની આછી આછી ઓકળિયું લીંપાતી જતી હતી.

'અને પછી સાહેબ, તમારા સુરૂભાના વર્તનમાં અણધાર્યો ફેરફાર તઈ ગયો. તમારી સારા ભણતર પ્રત્યેની લાગણી અને અમારા જૂના ગામના મહાદેવના આશીર્વાદ મળ્યા હોય તેમ ગુજરાતી શાળાનું ભણતર, હાઈસ્કૂલ અને પછી મેડિકલ કૉલેજના શિક્ષણના એક પછી એક પગથિયા હું ચડતો જ રહ્યો. તમારો સુરો ભણવામાં ક્યાંય પાછો જ ન પડ્યો અને આખરે હું એમ.બી.બી.એસ. અને એમ.ડી. બન્યો.'

'આજે તો મારા બાપુ હયાત નથી પણ એમના બોલેલા એ શબ્દો મને અક્ષરસઃ આજેય યાદ છે. 'સુરૂભા, ખોબા જેવડા આપણા આ ધરમપુર ગામમાં તમે સૌથી પહેલાં દાક્તર બન્યા છો એ વાત જ નવાઈ જેવી લાગે છે. તમે દાક્તર બન્યા છો એનો આનંદ આજે આખાય ગામને છે. આનંદના આ અવસરે આપણા ગામની નિશાળમાં વરસો પહેલાં છોકરાંઓને ભણાવી ગયેલા મણિલાલ માસ્તર અચૂક યાદ આવે છે. આજ સુધીના તમારા ભણતરમાં તમારી મહેનત તો છે જ પણ એની સાથે મણિલાલ માસ્તરની તમારા ભણતર પ્રત્યેની લાગણી પણ જોડાયેલી છે. એમનું એ ઋણ આપણા માથે છે. સમયના વહેતા વહેણમાં આટઆટલા વરસો પછી એ માસ્તર અત્યારે ક્યાં હશે એની કોઈ જાણકારી આપણને નથી. પરંતુ જિંદગીના પડાવમાં તમને ક્યારેક મણિલાલ માસ્તરનો ભેટો થઈ જાય તો સુરૂભા, તમે એમના આપણી પ્રત્યેના ઋણનો સ્વીકાર કરવાનું ભૂલશો નહીં.'

'સાહેબ, તમે આ હોસ્પિટલમાં તમારી આંખની તપાસ કરાવવા આવ્યા ત્યારે તમારા કેસ પેપરમાં તમારું 'મણિલાલ' નામ વાંચતા જ મારા મનમાં ઝબકારો થઈ ગયેલો! વરસોથી જેમની ભાળ મેળવવા હું મથતો હતો, એ મારા મણિલાલ સાહેબ આજે સામે ચાલીને આ હોસ્પિટલમાં આવ્યા છે. છેલ્લા ત્રણેક વરસથી હું આ સરકારી હોસ્પિટલમાં સુપ્રિન્ટેન્ડન્ટની ફરજ બજાવું છું. મારા જીવનમાં હું અહીં સુધી પહોંચ્યો એમાં બસ, તમારી મારા પ્રત્યેની લાગણી જોડાયેલી છે. આજે તમારા મારી પ્રત્યેના ઋણનો સ્વીકાર કરતાં મને પોતાને આનંદ થાય છે. સાહેબ, આજેય હું તો તમારો સુરો જ છું. ક્યારેય કંઈ પણ મુંઝવણ હોય તો વિના સંકોચે મને જાણ કરજો.

પતિની વાત ધ્યાનપૂર્વક સાંભળી રહેલા ઉપાસના બાને સુપ્રિ. ઝાલાએ કહ્યું, 'ઉપાસના બા, જે વાત વરસોથી મેં મારા અંતરમાં સંઘરી રાખી હતી, જે વાત તમને કહેવા હું યોગ્ય સમયની રાહ જોતો હતો એ મારા મણિલાલ સાહેબના ઋણ સ્વીકારની વાત આજે દિલ ખોલીને મેં તમારી સૌ સમક્ષ કરી. બસ, આજે મારું હૈયું હળવું થયું છે. મારા સાહેબ માટે લાવેલ બે જોડી કપડાં અને કવર એમને આપો. વિનુ, તું બાકીનો સામાન ગાડીમાં મૂકીને ડ્રાઈવરને કહી દે — સાહેબને વખતપર એમના ઘેર મૂકી આવે. આવજો સાહેબ, તમારો સુરો તમને ક્યારેય નહીં ભૂલે!'

સુપ્રિ. સુરૂભા ઝાલાની વાત સાંભળી ગદ્‌ગદ્ થઇ ગયેલા મણિલાલના બત્રીસ કોઠે દીવા થઈ ગયા! શિક્ષક તરીકેનો વ્યવસાય આજે એમને સાર્થક થઇ ગયેલો લાગ્યો.

*૨૮, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી-૩,*
*કલિકુંડ, ધોળકા. (જિ. અમદાવાદ)*
*મો. ૯૦૯૯૯ ૪૧૨૪૦*

પ્રવાસન

# પર્યટન ક્ષેત્રે નૂતન ક્ષિતિજ : 'ઇકો-ટૂરિઝમ'

## પ્રકૃતિ, પર્યાવરણ અને પ્રવાસન વચ્ચે સંવાદિતા

ભરત'કુમાર' પ્રા. ઠાકર

*<u>નોંધ</u> : દેશવિદેશ સહિત રાજ્યના વિકાસ માટે 'પર્યટન ક્ષેત્ર'નો ફાળો અનન્ય હોવાનું જણાઈ રહ્યું છે. કુલ ઘરેલુ ઉત્પાદન (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ)માં પ્રવાસન ક્ષેત્રનો ફાળો ગુજરાતમાં ૨.૫, ભારતમાં ૬ અને વિશ્વમાં ૧૦ ટકા જેટલો છે. 'પ્રવાસન' એ કોઈ પણ પ્રદેશના 'આર્થિક વિકાસનું માધ્યમ' પણ બની શકે છે. ભારતે પોતાનાં પ્રાકૃતિક પર્યટન સ્થળોનો આ દૃષ્ટિએ ખાસ ઉપયોગ કર્યો નથી. ભારતમાં આ ક્ષેત્રે વિપુલ તકો રહેલી છે.*

*વૈશ્વિક તાપમાન (ગ્લોબલ વૉર્મિંગ), હવામાન પરિવર્તન (ક્લાઈમેટ ચેન્જ) અને જંગલોના વિનાશને કારણે જગતભરના પર્યાવરણવિદોનું ધ્યાન હવે 'ઈકો ટૂરિઝમ'ના વિકાસ ભણી ગયું છે. નૈસર્ગિક સૌંદર્ય, લીલીછમ વનરાજી, મંદ મંદ વાતો પવન, ખળખળ વહેતાં ઝરણાં, કલરવ કરતા પશુપક્ષીઓ, હરિયાળા જંગલો - પહાડો અને સ્થાનિક પ્રજાની ઓળખ આપતો લેખકશ્રી ભરત'કુમાર' પ્રા. ઠાકરનો આ લેખ રસપ્રદ અને માણવા જેવો છે.*

*– તંત્રી મંડળ*

### ● નિસર્ગ સમીપે : 'ઇકો ટૂરિઝમ'

આધુનિક સમયમાં પ્રવાસનનાં જે વિવિધ પાસાં અને પ્રકારો વિકસી રહ્યાં છે તેમાં થોડા સમયથી 'ઈકો-ટૂરિઝમ'નું નામ ઉપસી આવ્યું છે. રોપ-વે અને ક્રૂઝ ટૂરિઝમની જેમ કુદરતની સહેલગાહનો ખ્યાલ પણ દેશ માટે તાજેતરનાં વર્ષોની જ ઘટના છે તેમ વિશ્વમાં પણ છેલ્લા દાયકાઓથી જ તેનો ઉદ્‌ભવ થયો છે. પ્રવાસ-પર્યટનના આ વિશિષ્ટ પ્રકાર વિશે જાણવું - સમજવું રસપ્રદ બની રહેશે.

પર્યટન ક્ષેત્રે પણ હવે બીચ ટૂરિઝમ, સ્પોર્ટ્સ ટૂરિઝમ, એડવેન્ચરસ ટૂરિઝમ, રુરલ ટૂરિઝમ, વાઇલ્ડલાઇફ ટૂરિઝમ, હેરિટેજ ટૂરિઝમ, મેડિકલ ટૂરિઝમ, સાયન્સ ટૂરિઝમ, ઇન્ડસ્ટ્રિયલ ટૂરિઝમ, એગ્રો ટૂરિઝમ, ક્રૂઝ ટૂરિઝમ, ડેરી ટૂરિઝમ, ડેઝર્ટ ટૂરિઝમ, બોર્ડર ટૂરિઝમ જેવા અનેક અવનવા પેટા પ્રકારોનો નવોદય થઈ રહ્યો છે. તે વચ્ચે 'ઈકો ટૂરિઝમ'નો પ્રવેશ આ ક્ષેત્રના સૌ સંબંધિતો માટે નવી દિશા ખોલી આપશે તે નિશ્ચિત છે. (આમાં ક્રૂઝ ટૂરિઝમ વિશેનો લેખ અગાઉ આપણે 'મંગલ મંદિર'ના ઓક્ટોબર ૨૦૧૮ના અંકમાં વાંચી ગયા છીએ.)

'ઈકો ટૂરિઝમ'ની સાદી સમજ એવી આપી શકાય કે વિવિધ રાજ્યો કે રાષ્ટ્રોનાં જંગલો, પહાડો અને તટવર્તીય ભ્રમણ દ્વારા જે તે દેશપ્રદેશના પ્રાકૃતિક સૌંદર્ય, વન્યજીવન અને સંસ્કૃતિને નજીકથી માણવી કે સમજવી. પ્રાકૃતિક પ્રવાસમાં ખાસ તો સ્થાનિક લોકો પ્રત્યેની જવાબદારીની (ત્યાંની પરંપરાને માન આપવું, લોકસંસ્કૃતિને જાણવી) અને પર્યાવરણ સંરક્ષણની સભાનતા અપેક્ષિત છે.

### ● 'ઇકો-ટૂરિઝમ' શી બાબત છે?

એક વિચાર તરીકે ઈકો-ટૂરિઝમને તાજેતરના વર્ષોમાં સારું એવું મહત્ત્વ મળ્યું છે. પરંતુ જીવનની એક પદ્ધતિ તરીકે દાયકાઓથી ભારતીયો તેને વ્યવહારમાં પણ ઉતારતા આવ્યા છે. ઈકો-ટૂરિઝમની વિવિધ રીતે વ્યાખ્યા કરાઈ છે. ૧૯૯૫માં હેરલ્ડ ગુડવિને તેની વ્યાખ્યા આપતાં જણાવ્યું હતું કે સ્થાનિક પ્રજાને સાથે રાખીને પર્યાવરણને સમજવા કે તેના અભ્યાસ માટે કુદરતી સંસાધનોને નુકસાન પહોંચાડ્યા વિના કરાતો હેતુલક્ષી પ્રવાસ એટલે ઈકો-ટૂરિઝમ.

આ વ્યાખ્યા મુખ્યત્વે ત્રણ પાસાં પર ધ્યાન કેન્દ્રિત કરે છે : પર્યાવરણ, પ્રવાસ અને પ્રજા. સરળ રીતે કહીએ તો, પ્રવાસન ક્ષેત્રનું પ્રબંધન અને પર્યાવરણનું જતન એ રીતે કરવું જોઈએ કે જેથી આ બંને ક્ષેત્રોની જરૂરિયાતો એકસાથે જળવાઈ રહે. બંને પ્રવૃત્તિઓના વિકાસમાં વેગ આવે અને બંને વચ્ચેનું સંતુલન પણ સચવાઈ રહે. એ જ ઈકો-ટૂરિઝમનું લક્ષ્ય છે.

પર્યાવરણ બિન-નુકસાનકારક પ્રવૃત્તિ હોવાથી ઈકો-ટૂરિઝમનો ઉદ્દેશ પર્યાવરણનાં મૂલ્યો અને સિદ્ધાંતોને પ્રોત્સાહન આપવાનો તથા પર્યાવરણનું સંરક્ષણ કરવાનો છે. સ્થાનિક લોકોને આ કાર્યક્રમમાં ભાગીદાર બનાવીને તેમના માટે આર્થિક લાભો સુનિશ્ચિત કરાય છે, જે લાંબાગાળે તેઓને વધુ સારું

અને સરળ જીવન આપે છે.

- **નિસર્ગ સાથે નિકટતા કેળવો :**

અગાઉ કરતાં હવે પર્યટનની દૃષ્ટિ બદલાઈ છે અને અધિકાધિક પર્યટકો પ્રાકૃતિક સ્થાનોની મુલાકાત લેતા થયા છે. ધીરેધીરે ભારતમાં પ્રકૃતિ સાથે તાલમેલ ધરાવતા સાહસી પ્રવાસો અને યુવા પ્રવાસોના નવા નવા પ્રયોગો પર્યટન ક્ષિતિજે વિસ્તરી રહ્યા છે.

ઈકો-ટૂરિઝમનો પાયો પ્રકૃતિ અને પર્યાવરણ સાથે એકાત્મકતા કેળવવાનો છે. આથી તેની પ્રવૃત્તિઓ ટ્રેકિંગ, માઉન્ટેનિયરિંગ, હાઈકિંગ, ફલાઈંગ, ગ્લાઈડિંગ, બોટિંગ, યૉટિંગ, રાફ્ટિંગ, સ્કિઈંગ, વોટર સ્પોર્ટસ, રણ/વનવિહાર, વરસાદમાં ભીંજાવું, પહાડો / ઝરણાં કે સરોવર-નદી-દરિયા કિનારે ફરવા જવું, અભયારણ્યોની મુલાકાત વગેરે પ્રકારની હોય છે. તેમાં 'યુથ ટૂરિઝમ' અને 'એડવેન્ચરસ ટૂરિઝમ'ના પ્રકારો પણ સંકળાઈ જાય છે.

અલબત્ત, 'સાહસ પ્રવાસ' કરતાં આ પ્રવૃત્તિ જુદી પડે છે. સાહસ માટે કરાતા પ્રવાસમાં એક પ્રકારની થ્રીલ (રોમાંચ) મળે છે, જ્યારે આ પ્રવૃત્તિ સંતોષ આપે છે. તેના પ્રેરણાદાયી અને લાગણીસભર પાસાનું આગવું મૂલ્ય છે. કેમકે તેમાં કુદરતી સંસાધનોના ઉપભોગનો આશય હોતો નથી. તેમાં કેવળ પ્રકૃતિના નજારાને તથા નિસર્ગના સાન્નિધ્યને માણવાનો અને તે રીતે ક્રમશઃ કુદરતની નજીક જવાનો ઉપક્રમ વિશેષ રહ્યો છે.

- **આ ક્ષેત્રની વિપુલ સંભાવના :**

વનસ્પતિ અને જૈવિક વૈવિધ્ય ધરાવતા વિશ્વના સાત દેશોમાં ભારતનો સમાવેશ થયેલો છે. **સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા ઉપરાંત આપણો દેશ પ્રાકૃતિક આકર્ષણો પણ ધરાવે છે અને ઇકો-ટૂરિઝમ માટે આપણી પાસે વિશાળ શક્યતાઓ રહેલી છે. જેને શોધી કાઢવાની જરૂર છે.** અત્યારે ભારત પાસે પશુ-પક્ષી અભયારણ્યો અને રાષ્ટ્રીય ઉદ્યાનોનું પણ સારું એવું માળખું છે. આવાં ઉદ્યાનો દેશના ૪.૬૮ ટકા ભૌગોલિક વિસ્તારમાં પથરાયેલાં છે.

ઈકો-ટૂરિઝમ ક્ષેત્રે પ્રવાસીઓને આકર્ષવા મુખ્યત્વે ક્ષેત્રિય સ્તરે પ્રયાસો કરવાની આવશ્યક્તા છે. તેની ચાવીરૂપ મુખ્ય બાબતોમાં ઈકો-સિસ્ટમની સારી જાળવણી, સાંસ્કૃતિક / સાહસિક પ્રવૃત્તિઓ, પર્યાવરણ માહિતી માટે સ્થાનિક પ્રજાની સામેલગીરી, ઈકો-ટૂરિઝમ સંચાલન માટે સ્થાનિક લોકોને અધિકાર આપવા વગેરેનો સમાવેશ થાય છે.

- **દેશ વિદેશમાં પ્રવાસન વર્ષો :**

આપણા દેશમાં દર વર્ષે ૯મી જાન્યુઆરીનો દિવસ 'પ્રવાસી ભારતીય દિવસ' તરીકે મનાવવામાં આવે છે. જેના પ્રણેતા પત્રકાર બાલેશ્વર અગ્રવાલ (૧૯૨૧-૨૦૧૩) હતા. ભારતમાં ૧૯૯૧, ૧૯૯૯-૨૦૦૦, ૨૦૦૩; ગુજરાતમાં ૨૦૦૬ અને મહારાષ્ટ્રમાં ૨૦૧૧-૧૨નાં વર્ષો 'પ્રવાસન વર્ષ' તરીકે જાહેર થયા હતા.

જ્યારે વિશ્વમાં દર વર્ષે ૨૭મી સપ્ટેમ્બરનો દિવસ 'વિશ્વ પ્રવાસન દિવસ' (વર્લ્ડ ટૂરિઝમ ડે) તરીકે મનાવાય છે. યુનો દ્વારા વૈશ્વિક સ્તરે ૧૯૬૭માં 'આંતરરાષ્ટ્રીય પર્યટન વર્ષ', ૨૦૦૨માં 'આંતરરાષ્ટ્રીય ઈકો-ટૂરિઝમ વર્ષ' અને ૨૦૧૭માં 'વિકાસ માટે ટકાઉ પ્રવાસનના આંતરરાષ્ટ્રીય વર્ષ' ઉજવાયું હતું. ૨૦૦૨માં 'વિશ્વ પ્રવાસન દિવસ'ની વૈશ્વિક ઉજવણી કોસ્ટારીકામાં થયેલી ત્યારે તેનો મુખ્ય મુદ્દો (થીમ) 'પર્યાવરણલક્ષી પ્રવાસન : સ્થાયી વિકાસની ચાવી' રહ્યો હતો.

- **પ્રકૃતિ - પ્રવાસનની પ્રગતિ :**

કચ્છમાં પ્રવાસીઓને આકર્ષવા વન તંત્ર દ્વારા (ગુજરાતમાં ત્યારે એકમાત્ર સાસણગીર, જિ. જૂનાગઢ પછી **કચ્છમાં આવા બીજા પ્રયોગ તરીકે) 'ઇકો-ટૂરિઝમ'ની શરૂઆત કરવાની છેક ૧૯૯૯માં જાહેરાત કરાઈ હતી;** પણ ખાતું આ દિશામાં આગળ વધ્યાનું જણાતું નથી.

૨૦૦૮માં ગુજરાતની નવી પ્રવાસન નીતિ તૈયાર થઇ તેમાં ઈકો-ટૂરિઝમના વિકાસ માટે પંદર મહત્ત્વનાં સ્થળોની પસંદગી થયેલી. તે હેઠળ વન્યજીવન અભયારણ્ય (જેસોર, જિ. ભાવનગર), કાળિયાર અભયારણ્ય (વેળાવદર, જિ. ભાવનગર), પોળોનાં મંદિરો (વિજયનગર, જિ. સાબરકાંઠા), ઈન્દ્રોડ પાર્ક (ગાંધીનગર), જાંબુઘોડા (જિ. પંચમહાલ), સનમહાલ અભયારણ્ય (દાહોદ), વધવાના પક્ષી શરણસ્થલ (ડભોઇ, જિ. વડોદરા), કિલાડ કેમ્પ સાઇટ અને પદમ ડુંગરી (બંને વાંસદા-વઘઇ રોડ, જિ. નવસારી), વાંસવન (મહાલ, જિ. ડાંગ)નો સમાવેશ કરાયો હતો.

૨૦૦૯માં કેન્દ્ર સરકારે રાજસ્થાનના રમણીય ગિરિમથક માઉન્ટ આબુને રક્ષણ આપવા તેના આખા વિસ્તારને 'ઈકો સેન્સિટિવ ઝોન' (પર્યાવરણીય સંવેદનશીલ ક્ષેત્ર) તરીકે જાહેર કર્યા છે.

*'શિવમ્', ૪૦/બી, વૃંદાવન નગર-૧,*
*ખડિયા તળાવ સામે, વૈશાલી સિનેમા રોડ,*
*અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

*જીવનમાં કઠણાઈઓ આપણને નુકસાન પહોંચાડવા નથી આવતી પરંતુ આપણી છૂપાયેલ શક્તિ અને સામર્થ્યને ઉભરાવવા તે આપણી મદદ કરે છે.*

લક્ષ્ય

# લોહીમાં બ્લડગ્રુપ કોઈપણ હોય, દિલોદિમાગમાં હંમેશાં 'બી પોઝિટિવ' હોવું જોઈએ



ભોલાભાઈ ગોલીબાર

રાજચંદ નામનો એક વેપારી જે કામમાં હાથ નાખતો, એમાંથી પૈસા કમાતો. જોકે, માણસનો સમય હંમેશાં એકસરખો નથી રહેતો. ક્યારેક દિવસ તો ક્યારેક રાત આવે છે. રાજચંદના વેપારમાં અચાનક પડતી આવી. એના ધંધામાં ધીમે ધીમે નુકસાન થવા લાગ્યું. જેના કારણે એ દુઃખી દુઃખી થઈ જતો. એક દિવસ એની એક ફેક્ટરીમાં ખૂબ જ મોટી દુર્ઘટના ઘટી અને એ બંધ થઈ ગઈ. હવે રાજચંદ ટેન્શનમાં રહેવા લાગ્યો.

એક દિવસ રાજચંદના ઘરની બાજુમાં એક પરિવાર રહેવા આવ્યો. ધીરે ધીરે રાજચંદને બાજુમાં રહેવા આવેલા ધીરુભાઈ સાથે દોસ્તી થઈ ગઈ. એક દિવસ ધીરુભાઈએ રાજચંદ પાસે જઈ કહ્યું, **'આજે હું બહુ ખુશ છું. આજે મારા દીકરા સાથે દુર્ઘટના ઘટી. એક ગાડીવાળાએ એને ટક્કર મારી દીધી. એના પગનું હાડકું તૂટી ગયું. પણ ભગવાનનો પાડ માનીએ કે એનો જીવ બચી ગયો.'** રાજચંદ આ સાંભળીને નવાઈ પામી ગયો.

આ વાતને બે-ત્રણ દિવસ થયા પછી ધીરુભાઈનું સ્કુટર ચોરાઈ ગયું. રાજચંદ મિત્ર ધીરુભાઈને સહાનુભૂતિ આપવા એને ઘેર ગયો. ઘરમાં જઈને જોયું તો એની નવાઈ વચ્ચે ઘરમાં બધા ખુશખુશાલ હતા. ધીરુભાઈએ રાજચંદને ગળે ભેટી કહ્યું, 'દોસ્ત, ભગવાનનો લાખ લાખ પાડ માનું તો ઓછો છે. સારું થયું, ચોરની નજર મારા સ્કુટર પર પડી, મારી કાર પર નહીં. નહિંતર મને મોટું નુકસાન થાત. હું મોટા નુકસાનથી બચી ગયો.' રાજચંદ તો ધીરુભાઈને ખુશ થયેલા જોઈને આભો જ બની ગયો. આ ખુશાલીના વાતાવરણમાં ધીરુભાઈની દીકરી સ્કૂલમાંથી રિઝલ્ટ લઈને આવી. એણે પિતાના હાથમાં રિઝલ્ટ મૂક્યું. ધીરુભાઈએ દીકરીનું રિઝલ્ટ જોયું. ગણિતમાં દીકરીને પાંચ માર્ક્સ આવ્યા હતા. ધીરુભાઈએ મુસ્કુરાહટ સાથે દીકરીને માથે હાથ મૂકી વહાલ કરતા કહ્યું, 'દીકરી, ગણિતને છોડ, તું બાકીના બધા વિષયમાં પાસ થઈ ગઈ. જા ભગવાનને થેન્ક્યુ કહી દે અને નેક્સ્ટ એક્ઝામમાં વધારે મહેનત કરજે.'

આ બધું જોઈને રાજચંદ ધીરુભાઈને ગળે ભેટી પડ્યો અને કહ્યું, **'દોસ્ત, તેં મારી આંખો ખોલી નાખી અને મને બતાવી દીધું કે ખુશ રહેવાની કોઈ શરત નથી હોતી.'**

મિત્રો, દુનિયાનો કોઈ પણ વ્યક્તિ પોતાની પરવાનગી વગર દુઃખી અને પરેશાન નથી થઈ શકતો. ખુશી પણ ચાલાક છે. જેવી તમે એના માટે શરત રાખશો, એ મળતા જ ખુશી એક નવી શરત રાખશે. એટલે **દરેક પરિસ્થિતિમાં ખુશ રહો અને ખુશીને જીવનનું લક્ષ્ય બનાવો. દરેક વાતમાં ખુશ થવાના કારણ જુઓ તો દુઃખી થવાનું કોઈ કારણ જ નહીં રહે.**

*ગોલીબાર પબ્લિકેશન્સ, કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ, એશિયન પેઇન્ટ્સ ગોડાઉનની બાજુમાં, બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫. ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

## ભદ્રેશ્વર - કચ્છ

(અનુસંધાન : પાના નં.-૧૩ ઉપરથી ચાલુ)

વેપારી અને દાનેશ્વર થઈ ગયો જેણે લાખો માણસોને મૃત્યુનાં મુખમાંથી ઉગાર્યા હતા. જેમ્સ મેકમર્ડોએ ૧૮૧૮નાં તેના સપોર્ટ **"એન એકાઉન્ટ ઓફ ધી પ્રોવિન્સ ઓફ કચ્છ"**માં લખ્યું : 'એક જમાનામાં પ્રખ્યાત ભદ્રેશ્વર બંદર હાલ ખંડિયેર હાલતમાં છે. જગડુશાહે બાંધેલો મહેલ અને દેરાસરનો થોડો જ ભાગ બચ્યો છે. પણ જગડુશાનાં સત્કર્મોને આજે પણ લોકો યાદ કરે છે. ત્યાર પછી એને બીજે જ વર્ષે ઇ.સ. ૧૮૧૯માં કચ્છમાં ઇ.સ. ૨૦૦૧નાં ધરતીકંપ કરતાં પણ વધારે વિનાશક ધરતીકંપ થયો. અનેક ઇમારતો જમીનદોસ્ત થઈ ગઈ. જગડુશાહનાં મહેલ અને દેરાસરનો કેટલોક ભાગ અવશેષરૂપ બચ્યો છે. જેનું જીવનકાળ ગયું તે દેહરૂપે ફરીથી સજીવન થવાનું કદી સાંભળ્યું છે? જગડુએ પુસ્તકો નહોતા વાંચ્યા, તેણે જગત નવી નવી આંખોએ જોયું - વાંચ્યું હતું. જગડુશાહના મૃત્યુને પણ આજે ૭૪૩ વર્ષ થઈ ગયા. તેમ છતાં તે મૌખિક પરંપરા દ્વારા આજે પણ લોકોની સ્મૃતિમાં જીવે છે.

કહે છે : **"કીર્તિ કેરા કોટડા પાડ્યા નવ પડંત."** આમ, ખરેખર જગડુશાહ વિશે હજી પણ સંશોધન કરવાની જરૂર છે. કચ્છ યુનિવર્સિટીમાં પીએચ.ડી. ઇન ઇતિહાસમાં આના વિશે સંશોધનની જરૂર છે તેવું મારું માનવું છે.


*(જગડુશાહ વિશે અત્રે મેં માત્ર માહિતી આપવાનો પ્રયાસ કર્યો છે.)*

*સંદર્ભ : મકરંદ મહેતા, 'ગુજરાત સમાચાર'*

*E-mail : voramihirm@yahoo.com*

આરોગ્ય

# માનસિક સ્ટ્રેસની શરીર પર અસર (સારવાર) : ૫



ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)


ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)


આગળના લેખોમાં આપણે જાણ્યું કે સ્ટ્રેસ એટલે શું? હકારાત્મક સ્ટ્રેસ તથા નકારાત્મક સ્ટ્રેસ તથા સ્ટ્રેસની શારીરિક પ્રક્રિયા વિશે પણ જાણકારી મેળવી. માનસિક સ્ટ્રેસના નિર્માણ માટે બાહ્ય પ્રસંગ કે બાહ્ય ઘટના કરતાં વ્યક્તિનો પ્રતિભાવ અને પ્રતિક્રિયા વધારે મહત્ત્વના છે. સ્ટ્રેસના નિર્માણ માટે આંતરિક પરિબળ વધારે મહત્ત્વનું છે. પ્રસંગ કે ઘટના ૧૦% ભાગ ભજવે છે જ્યારે વ્યક્તિનો પ્રતિભાવ તથા પ્રતિક્રિયા ૯૦% ભાગ ભજવે છે. સ્ટ્રેસના લક્ષણો – શારીરિક, ભાવનાત્મક તથા માનસિક વિશે પણ જાણકારી મેળવી.

આ અંકમાં આપણે જાણકારી મેળવીએ કે સ્ટ્રેસ કાબૂમાં કઈ રીતે રાખી શકાય જેથી આ ૨૧મી સદીના સૌથી ઘાતક શસ્ત્રથી આપણે દૂર રહીએ.

- **સારવાર :**

અન્ય શારીરિક બીમારીઓની જેમ માનસિક સ્ટ્રેસની બીમારીની સારવાર નીચેની પદ્ધતિઓથી કરવામાં આવે છે.

૧. **દવાઓ :** માનસિક સ્ટ્રેસમાં થયેલ રાસાયણિક, હોરમોનલ તથા ન્યુરોટ્રાન્સમિટર્સના ફેરફારો માટે દવાઓ દ્વારા સારવાર અપાય છે.

૨. **મનોવિશ્લેષણ કાઉન્સેલિંગ :** મનોવિશ્લેષણ તથા કાઉન્સેલિંગ દ્વારા સ્ટ્રેસની બીમારી તરફ ધકેલતા ખામીયુક્ત વ્યક્તિત્વ તથા અભિગમ તથા ખામીયુક્ત સામાજિક વ્યવહાર તથા અન્ય પરિબળો વિશે દર્દી સાથે ચર્ચા કરાય છે. મનોવિશ્લેષણ કાઉન્સેલિંગના આ વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા દર્દી આ નકારાત્મક પરિબળો પ્રત્યે સજાગ બને છે અને વ્યક્તિત્વ તથા અભિગમમાં સમજણપૂર્વક, જાગૃતપણે બદલવા સક્રિય પ્રયત્ન કરે છે. જેથી લાંબાગાળાના યોગ્ય પરિણામ પ્રાપ્ત થાય છે.

- **દવાઓ દ્વારા સારવાર :**

સ્ટ્રેસ પ્રતિરોધક દવાઓ (Antistress Medication) ગુણકારક દવાઓ છે. વિવિધ પ્રકારની સ્ટ્રેસ પ્રતિરોધક દવાઓ ઉપલબ્ધ છે. વ્યક્તિગત રીતે, રોગના લક્ષણો અનુસાર યોગ્ય માત્રામાં આ દવાઓ આપવામાં આવે છે.

(૧) શારીરિક બીમારીમાં (ડાયાબિટીસ, થાઈરોઈડ વગેરે) શરીરમાં રસાયણની (ઇન્સ્યુલીન, થાઈરોક્ષીનની) માત્રા ઓછી થાય છે. જેથી રોગના (ડાયાબિટીસ, થાઈરોઇડના) લક્ષણો દર્દીમાં જોવા મળે છે. (૨) દવાઓ દ્વારા રસાયણની (ઇન્સ્યુલીન, થાઈરોક્ષીનની) માત્રા નોર્મલ કરાય છે. જેથી રોગ પર કાબૂ મેળવાય છે, લક્ષણો નાબૂદ થાય છે.

સ્ટ્રેસની બીમારીમાં (મનની અન્ય બીમારીઓમાં પણ) શરીરમાં રસાયણની (એડ્રિનાલીન, સીરોટોનિન, ગામા એમિનો બ્યુટીક એસિડ) માત્રા વધઘટ થાય છે. જેથી રોગના (સ્ટ્રેસ ડિસઓર્ડરના) લક્ષણો દર્દીમાં જોવા મળે છે. (૨) દવાઓ દ્વારા આ રસાયણોની માત્રા નોર્મલ કરાય છે. જેથી રોગ પર કાબૂ મેળવાય છે, લક્ષણો નાબૂદ થાય છે.

જેવી રીતે ડાયાબિટીસ, થાઈરોઇડના દર્દીને ઇન્સ્યુલીન થાઈરોક્ષીનની જરૂરત છે, એ દર્દી એનો બંધાણી (Addict) નથી, તેવી જ રીતે સ્ટ્રેસની બીમારીના દર્દીને પણ આ દવાઓની જરૂરત છે. શરીર આ રસાયણો યોગ્ય માત્રામાં બનાવતા નથી. દર્દી એનો બંધાણી (Addict) નથી. શરીરની જરૂરત છે (Need of the Body).

- **ઔષધોપચારના સામાન્ય નિયમો :**

૧. દવાઓ નિયમિત લેવી જોઈએ.

૨. દવાઓની માત્રા, મનોચિકિત્સક, વ્યક્તિગત દર્દી પ્રમાણે તથા રોગના લક્ષણો મુજબ નક્કી કરે છે.

૩. મનોચિકિત્સકની સલાહ વગર, પોતાની જાતે કે સગાવહાલાની સલાહ મુજબ દવાઓમાં વધારો કે ઘટાડો કરવો નહીં.

૪. દવાઓની અસર આવતાં થોડો સમય લાગે છે. દવાઓ શરૂ કર્યા બાદ આશરે બે અઠવાડિયા પછી દવાની અસરનો ખ્યાલ આવશે.

૫. દર્દીને સારું લાગવા માંડે તો પણ મનોચિકિત્સકની સલાહ પ્રમાણે કોર્સ પૂરો કરવો અગત્યનું છે. જેથી બીમારીનો ઉથલો ટાળી શકાય.

૬. દવાઓ અધવચ્ચેથી છોડવી નહીં. આથી બીમારીનો ઉથલો થવાના સંજોગો વધી જાય છે તથા ફરીથી નવેસરથી સારવાર ચાલુ કરવી પડે છે.

● **દવાઓની સારવારથી સ્ટ્રેસનો સામનો કરવાની ક્ષમતામાં વધારો :**

સ્ટ્રેસ પ્રતિરોધક દવાઓથી શરીરમાં રસાયણો, હોરમોન્સ તથા ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા નોર્મલ થાય છે. આથી દર્દીની માનસિક ક્ષમતા વધે છે, મનોબળ વધે છે. મનને ખલેલ પહોંચાડનારા પરિબળોનો સામનો કરવાની ક્ષમતા વધે છે. (૧) મુશ્કેલ પરિસ્થિતિમાં યોગ્ય નિર્ણય કરી, (૨) કરેલા નિર્ણયને અમલમાં મૂકવા માટેની ઊર્જાનું નિર્માણ થાય છે. (૩) નિર્ણય અમલમાં મૂકાતા યોગ્ય સકારાત્મક પરિણામ મળે છે. (૪) આત્મવિશ્વાસમાં વધારો થાય છે.

● **કેસ સ્ટડી :**

૫૮ વર્ષના દીપકને સ્ટ્રેસ ડિસઓર્ડરની બીમારી થયેલ. યોગ્ય મનોચિકિત્સા દ્વારા સારો સુધારો થયેલ. તબિયત સુધરી હતી. સારવાર દરમિયાન દીપકના નાના ભાઈ તથા એના કુટુંબને ગંભીર કાર અકસ્માત થયેલ. સદ્‌ભાગ્યે બધા બચી ગયા હતા. પરંતુ ગંભીર શારીરિક ઈજાઓ થયેલ. નાના ભાઇને છાતીની પાંસળીઓમાં ફ્રેક્ચર થયેલ. એની પત્ની બે દિવસ બેભાન (કોમામાં) રહી હતી. લોહી ખૂબ વહી ગયું હતું. દીકરાને પગમાં ફ્રેક્ચર થયેલ. સારવાર પહેલાનો દીપક હોત તો આ સમાચાર સાંભળીને નર્વસ થઈ જાત. રડીને બેસી રહેત. અન્ય કુટુંબીજનોએ દીપકને સંભાળવો પડત.

આ ગંભીર પરિસ્થિતિમાં હતાશ થઈ નિષ્ક્રિય બેસી રહી ચિંતા કરવાને બદલે દીપકે પરિસ્થિતિનો સક્રિય રીતે સામનો કર્યો. ત્વરિત યોગ્ય નિર્ણય લઇ ત્રણેયની સારવાર કરવાની વ્યવસ્થા કરી. નાના ભાઈ તથા એના દીકરાની સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરી ફ્રેક્ચર માટેની યોગ્ય સારવારની વ્યવસ્થા કરી. ભાઈની પત્ની માટે પણ લોહીની વ્યવસ્થા કરી, લોહી ચડાવ્યું. આને લીધે ત્રણેયની તબિયતમાં ઝડપથી સુધારો થયો. અકસ્માત માટેની યોગ્ય પોલીસ કાર્યવાહી પણ કરી. સારવારથી સ્ટ્રેસનો સામનો કરવાની ક્ષમતા (Stress Management)માં વધારો થયો.

● **મનોવિશ્લેષણ (Psychotherapy) :**

મનોવિશ્લેષણ તથા કાઉન્સેલિંગની પ્રક્રિયામાં દર્દી સક્રિય રીતે ભાગ લે એ ખૂબ અગત્યનું છે. આ એક સક્રિય પ્રક્રિયા છે (Active Participation).

મનોવિશ્લેષણની પ્રક્રિયા દર્દી યોગ્ય રીતે સમજી શકે તથા પોતાના માટે યોગ્ય નિર્ણય લઈ શકે એ માટે દર્દીની મનની સ્થિતિ નોર્મલ હોવી ખૂબ અગત્યની છે. **અત્યારની પરિસ્થિતિમાં પોતાના માટે શું યોગ્ય છે એ સમજવાની ક્ષમતા દર્દીમાં હોવી એ મનોવિશ્લેષણની પદ્ધતિ માટે એક નિયમ છે.** દર્દી પોતે મનોવિશ્લેષણની પ્રક્રિયા ન સમજી શકે ત્યારે મનોવિશ્લેષણની સારવાર આપવી એ પથ્થર પર પાણી રેડવા જેવું છે. સામાન્ય રીતે દર્દીની દવાઓ દ્વારા પ્રથમ સારવાર કરાય છે. દવાઓની સારવારના સારા પરિણામો ત્વરિત મળે છે. દર્દીની મનની સ્થિતિ નોર્મલ થાય, દર્દીમાં યોગ્ય નિર્ણયો કરવાની ક્ષમતા આવે ત્યારબાદ મનોવિશ્લેષણની પદ્ધતિથી સારવાર સાથે શરૂ કરાય છે.

મનોવિશ્લેષણની પણ અલગ અલગ પદ્ધતિઓ તથા ટેકનિક છે. જેના વિશે હવે પછીના લેખમાં ચર્ચા કરીશું.

***(ક્રમશઃ)***

*E-mail : drmanilalgada@yahoo.com, E-mail : diptishah999@yahoo.co.in*


**રજિસ્ટ્રેશન ઑફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે "મંગલ મંદિર" અંગેની માહિતી ફોર્મ -૪, રૂલ - ૮**

૧. **પ્રકાશનનું સ્થળ :** અમદાવાદ

૨. **પ્રકાશનનો ગાળો :** માસિક

૩. **મુદ્રકનું નામ :**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
**મુદ્રકની રાષ્ટ્રીયતા :** ભારતીય
**મુદ્રકનું સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

૪. **પ્રકાશકનું નામ :**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
**પ્રકાશકની રાષ્ટ્રીયતા :** ભારતીય
**પ્રકાશકનું સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

૫. **સંપાદકનું નામ :**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
**સંપાદકની રાષ્ટ્રીયતા :** ભારતીય
**સંપાદકનું સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

૬. **અખબારની માલિકી :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
**સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન,
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

*હું, પ્રતાપ નારાણજી દંડ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વતી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.*

અમદાવાદ **પ્રતાપ નારાણજી દંડ**
માર્ચ ૨૦૧૯ પ્રકાશક અને મુદ્રક - "મંગલ મંદિર"

સ્વાસ્થ્ય

# માનવ શરીર માટે ખૂબ જરૂરી વિટામિન બી-૧૨

મુકુંદ મહેતા

આખી જિંદગી તમારે સંપૂર્ણ તંદુરસ્ત રહેવું હોય તો તમારા ખોરાકમાં વિટામિન બી-૧૨ની ખૂબ જરૂર છે એ યાદ રાખો.

- **વિટામિન બી-૧૨ની અગત્યની માહિતી :**

૧. વિટામિન બી-૧૨ રોજેરોજ લોહીના નવા નવા રક્તકણ બનાવે છે. રક્તકણનું કામ શરીરમાં ઑક્સિજન (પ્રાણવાયુ) લેવાનું અને શક્તિવાળા પદાર્થો (ન્યુટ્રીઅન્ટ્સ) શરીરના જુદા જુદા અવયવોને પહોંચાડવાનું છે. રક્તકણ ઓછા હોય તો રક્તક્ષીણતા (એનીમિયા) થાય.

૨. વિટામિન બી-૧૨ તમારા ડી.એન.એ. (શરીરના ઘડતરના મૂળ તત્ત્વો) બનાવે છે.

૩. તમારું શરીર વિટામિન બી-૧૨ બનાવી શકતું નથી.

૪. વિટામિન બી-૧૨ ફક્ત પ્રાણીજ પદાર્થોમાંથી મળે છે.

૫. તમારી હોજરીમાં 'ઈન્ટ્રીન્સિક ફેક્ટર' હોય તો જ તમે લીધેલા ખોરાકમાં રહેલું વિટામિન બી-૧૨ શરીર ઍબ્સોર્બ કરી શકે છે.

૬. તમારા શરીરમાં વિટામિન બી-૧૨ વધારે વખત રહી શકતું નથી.

૭. વિટામિન બી-૧૨ તમારા હાર્ટ (હૃદય)નું રક્ષણ કરે છે.

૮. મોટી ઉંમર સુધી તમારા મગજને સતેજ (શાર્પ) રાખે છે.

૯. તમારી રોગ પ્રતિકારકશક્તિ (ઇમ્યુનિટી) ખૂબ વધારે છે.

૧૦. તેમાં મિનરલ 'કોબાલ્ટ' સૂક્ષ્મ પ્રમાણમાં છે એટલે તે 'કોબાલેમાઈન' તરીકે ઓળખાય છે.

૧૧. દવાવાળાને ત્યાંથી વિટામિન બી-૧૨ સપ્લિમેન્ટ (દવા) તરીકે મળી શકે છે.

- **રોજ કેટલું વિટામિન બી-૧૨ જોઈએ?**

તમારા શરીરને કેટલું વિટામિન બી-૧૨ જોઈએ તેનું પ્રમાણ તમારી ઉંમર, તમે કયા પ્રકારનો ખોરાક ખાઓ છો, તમને કોઈ રોગ છે કે નહીં અને તમે કઈ દવાઓ લો છો તેની ઉપર આધાર રાખે છે.

- **વિટામિન બી-૧૨ શામાંથી મળે?**

વિટામિન બી-૧૨ ફક્ત પ્રાણીજ પદાર્થમાંથી જ મળે. એટલે દૂધ, છાશ, દહીં, પનીર, માખણ, ઘી, કોટેજ ચીઝ વગેરેમાંથી મળે. આ ઉપરાંત બજારમાં હવે ઘણી તૈયાર ખોરાકની ચીજો મળે છે જેના પેકેટ ઉપર લખેલું હોય છે 'ફોર્ટીફાઇડ (ઉમેરેલું) વિથ વિટામિન બી-૧૨' તેમાંથી મળે.

- **વિટામિન બી-૧૨ નીચેના કારણોથી ઍબ્સોર્બ નહીં થાય :**

૧. જેમ જેમ ઉંમર વધતી જાય તેમ તેમ.

૨. કોઈવાર વજન ઓછું કરવા ઑપરેશન કરાવીને હોજરી નાની કરી હોય.

૩. દારૂ પીવાની ટેવ હોય.

૪. એસિડિટી માટે ઘણો વખત દવાઓ લીધી હોય ત્યારે.

૫. જન્મથી એટ્રોફિક ગેસ્ટ્રાઇટિસ (હોજરીની લાઇનિંગ ઓછી હોય) હોય તો.

૬. પર્નીશિયસ એનીમિયા હોય.

૭. નાના આંતરડાના રોગો (ક્રોન્સ ડિસીઝ, સિલિયર ડિસીઝ) હોય.

૮. ગ્રેવ્સ ડિસીઝ હોય અને

૯. તમે ફક્ત 'વેગન' ખોરાક ખાતા હો (જેમાં દૂધ અને દૂધની બનાવટો ના આવે), સપ્લિમેન્ટ્સ (ગોળીઓ) અથવા ફોર્ટીફાઈડ (ઉમેરેલું) વિટામિન બી-૧૨ વાળી વસ્તુઓ ના લેતા હો તો તમારા શરીરમાં વિટામિન બી-૧૨ ની ઉણપ આવે.

૧૦. અગત્યની વાત : જો તમારા શરીરમાં (હોજરીમાં) ઈન્ટ્રીન્સિક ફેક્ટર ના હોય તો તમે વિટામિન બી-૧૨ વાળો ખોરાક લીધો હોય તો પણ તમારું શરીર વિટામિન બી-૧૨ ઍબ્સોર્બ ના કરી શકે.

૧૧. વિટામિન બી-૧૨ વોટર સોલ્યુબલ હોવા છતાં શરીરમાંથી જલ્દી નીકળી જતું નથી. એટલે વિટામિન ઓછું થઈ જશે તો શું થશે એવી ચિંતા ના કરશો.

**● વિટામિન બી-૧૨ ઓછું હોય તો?**

ખાસ યાદ રાખો કે તમે ખોરાકમાં પૂરતું વિટામિન બી-૧૨ ના લેતા હો ત્યારે પણ તમારા શરીરમાં નીચે જણાવેલા લક્ષણો ૬ મહિને દેખાય. મૂળ વાત છે આ વિટામિનની ખામીના લીધે પૂરતા રક્તકણ ના બને એટલે કે 'રક્તક્ષીણતા' એનીમિયા (લોહી ઓછું થઈ જાય) એટલે નીચે જણાવેલા લક્ષણો દેખાય.

૧. શરીરમાં ખૂબ નબળાઈ લાગે.
૨. મગજ ખાલી થઈ ગયું હોય તેમ લાગે.
૩. હૃદયના ધબકારા વધી જાય.
૪. શ્વાસ લેવામાં મુશ્કેલી પડે.
૫. ચામડી ફિક્કી પડી જાય.
૬. જીભ સુંવાળી થઈ ગઈ હોય તેવું લાગે.
૭. ખૂબ ગેસ થાય.
૮. કબજિયાત થઈ જાય.
૯. કોઈ વાર ઝાડા પણ થઈ જાય.
૧૦. જ્ઞાનતંતુના પ્રોબ્લેમ જેવા કે હાથની આંગળીઓમાં ઝણઝણાટી થાય.
૧૧. સ્નાયુની નબળાઈ લાગે.
૧૨. ચાલવામાં મુશ્કેલી પડે.
૧૩. આંખે ઓછું દેખાય.
૧૪. ડિપ્રેશન આવે.
૧૫. યાદશક્તિ ઓછી થઈ જાય.
૧૬. વર્તણૂંક બદલાઈ જાય.
૧૭. ઊંઘ બરોબર ના આવે.
૧૮. ચક્કર આવે.
૧૯. ભૂખ ઓછી લાગે.

**● વિટામિન બી-૧૨ ઓછું થવાની શક્યતા કોને હોય?**

૧. ૫૦ વર્ષની ઉંમર હોય ત્યારે હોજરીમાં પૂરતા પ્રમાણમાં ઈન્ટ્રીન્સિક ફેક્ટર બને નહીં એટલે ખોરાકમાં વિટામિન બી-૧૨ લીધું હોય તો પણ ઍબ્સોર્બ થાય નહીં.
૨. 'વેગન' ડાયેટ એટલે ફક્ત વનસ્પતિજન્ય ખોરાક (દૂધ કે દૂધની બનાવટો પણ નહીં) લેતા હોય.
૩. તાજેતરમાં બાળકનો જન્મ થયો હોય અને 'બ્રેસ્ટ ફિડિંગ' હોય ત્યારે.
૪. સિગારેટનું વ્યસન હોય.
૫. એસિડિટી માટે સતત કોઈ દવા લેતા હો.
૬. હોજરીનું ઑપરેશન થયું હોય.

**● વિટામિન બી-૧૨ ઓછું છે કે નહીં તેની ખબર કેવી રીતે પડે?**

ફક્ત ૫૦ વર્ષની ઉપરની વ્યક્તિઓને જ ઉપરના લક્ષણો દેખાય ત્યારે પેથોલોજી લેબોરેટરીમાં લોહીની તપાસ કરાવીને તેમના લોહીમાં વિટામિન બી-૧૨નું પ્રમાણ કેટલું છે તે જાણી લેવું જોઈએ.

**● વિટામિન બી-૧૨ ડેફિશિયન્સીની સારવાર કેવી રીતે થાય?**

તમારા ફેમિલી ડૉક્ટર અથવા ડાયેટિશિયનની સલાહ લઈને બજારમાં મળતા વિટામિન બી-૧૨ની સપ્લિમેન્ટ્સ લઈને સારવાર થઈ શકે. જ્યારે વિટામિન બી-૧૨ સપ્લિમેન્ટ તરીકે લો ત્યારે તેનો શરીર બરોબર ઉપયોગ કરી શકે માટે બીજા બધા જ 'બી કોમ્પ્લેક્સ વિટામિન' અને કેલ્શિયમ સાથે લેશો. આ ઉપરાંત એ પણ યાદ રાખો કે જો તમે વધારે પ્રમાણમાં વિટામિન 'સી' લીધું હશે તો વિટામિન બી-૧૨ ઍબ્સોર્બ નહીં થાય.

છેલ્લી સૂચના એ જ કે વિટામિન બી-૧૨ ના પ્રમાણની વારે વારે લોહીની તપાસ કરાવીને પૈસા બગાડવાની જરૂર નથી, ફક્ત ખોરાકનું ધ્યાન રાખશો. ■

## મુશ્કેલીઓ ટાળવા આત્મહત્યા એ માર્ગ નથી...

**(અનુસંધાન : પાના નં.-૩૯ ઉપરથી ચાલુ)**

**કોઈ વડીલ પાસે કે કોઈ સારા મિત્રો પાસે પણ પોતાની મુંઝવણો ઠાલવી નિરાશા, હતાશા દૂર કરી શકાય.** આજે તો જીવનની અનેક મુશ્કેલીઓ દૂર કરવાના અનેક ઉપાયો છે, સંસ્થાઓ છે, માર્ગદર્શકો છે. આપણા શરમ, સંકોચ દૂર કરીને જ માર્ગદર્શન મેળવવું જોઈએ.

**બાકી તો જીવાદોરી ટૂંકાવવાથી વિટંબણાઓ જરૂર વધે છે.** ભાગવત્ કથાઓમાં અધોગતિ પામેલા આત્માઓનો કોઈમાં આવિર્ભાવ થાય અને તેઓ પોતાની આ સૂક્ષ્મ યોનિઓની ઉપાધિ, ત્રાસ, વિટંબણા વર્ણવી સાબિતી આપે એવા અસંખ્યાત દષ્ટાંતો આજે મળતાજ રહ્યા છે.

આત્મઘાત એ મોક્ષનું હથિયાર નથી. પૂ. શંકરાચાર્યજી કહે છે કે :

*जातो हिको यस्य पुनर्जन्म ।*
*मृतो हिको यस्य पुनर्नमृत्युः ॥*

*અર્થાત્ :* ખરો જન્મ્યો એ કહેવાય કે જેનો હવે પછી કોઈપણ નવો જન્મ થવાનો નથી. અને ખરો મરી ગયો એ કહેવાય કે જેનું હવે પછી કદાપિ મૃત્યુ થવાનું નથી.

*લીમડા લાઇન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

જીવનમંત્ર

# મુશ્કેલીઓ ટાળવા આત્મહત્યા એ માર્ગ નથી...



પ્રો. સૂર્યકાંત ભટ્ટ

આજે આપણા સુખના સર્જન અર્થે વૈજ્ઞાનિક ક્રાંતિ થઈ છે. તો બીજી તરફ અનેક વ્યાધિ, વિટંબણાઓ અને વિનાશ વેરાયા છે. પ્રતિદિન દેશ અને દુનિયાના વર્તમાનપત્રોમાં અસંખ્ય આત્મહત્યાના દિલધડક સમાચારો વાંચવા મજબૂર બનીએ છીએ. તત્ત્વજ્ઞાનીઓના મત મુજબ મૃત્યુ, એ માત્ર ભવિષ્યમાં ઘટનારી ઘટના નથી જ. એ તો ક્ષણે ક્ષણે બનતી જ રહે છે. મૃત્યુ, એ તો જીવનની ઘટનાનો છેલ્લો મણકો છે.

મૃત્યુને આપણે અનેક નામથી નવાજીએ છીએ. મૃત્યુ એટલે મરણ, દેહાંત, અવસાન, અક્ષર નિવાસી, પરલોકવાસી, ગોલોકવાસી, શ્રીજી ચરણ, સ્વર્ગવાસ, દેહવિલય, પરધામવાસી, નિર્વાણ, અનંતધામની યાત્રા આદિ. આત્મહત્યા કે આપઘાત કરનારાઓ માટે "અપમૃત્યુ" શબ્દ ઉપયોગમાં લેવાય છે.

મજબૂત મનોબળ કરતાં નબળા મનના માનવીઓને જીવનના દુ:ખદ પ્રસંગો જેવા કે પ્રેમમાં નિષ્ફળતા, બેરોજગારી, વ્યાજખોરોનો ત્રાસ, કાર્યસિદ્ધિમાં નિષ્ફળતા, ગૃહ કલેશ, અધિકારીઓની જોહુકમી, હઠીલા રોગો આદિ આત્મહત્યા કરવા મજબૂર કરે છે. જીવનમાં ક્યાંયથી શાંતિ કે આશાનું કિરણ દેખાતું જ નથી. પરિણામે જીવાદોરી ટૂંકાવવા રસ્તો શોધી આખરે મોત વહાલું કરે છે. કેટલાક મરતા પહેલાં સ્યુસાઇડ નોટ્સ લખી જાય છે. જેના આધારે પોલીસ કાર્યવાહી થતી રહે છે.

આત્મહત્યા કરનારા મૃત્યુ પામવાના વિવિધ માર્ગ શોધે છે. આવા વર્ણનો વાંચતા પણ થોડી ક્ષણો આપણને કમકમાટી આવી જાય છે.

શાસ્ત્રોક્ત મતાનુસાર આપઘાત કરનારાઓ, અપમૃત્યુ પામી અધોગતિને જ પામે છે. તેના જીવાત્માની નિયતિના ક્રમ મુજબની ગતિ થતી જ નથી. તેનો સૂક્ષાત્મા પીડા, વિટંબણાઓમાં આમતેમ ભટકે છે.

આત્માની અમરતા વિશે ગીતામાં શ્રીકૃષ્ણ પરમાત્માએ સ્વયં કહ્યું છે કે –

*नैनंछिदन्ति शस्त्राणि, नैनं दहति मावकः ।*
*न चैनं क्लेदयन्त्यापो न शोषति मारुतः ॥*

***અર્થાત્*** : આત્માને શસ્ત્રો છેદી શકતા નથી, અગ્નિ બાળી શકતો નથી, પાણીમાં તે ડૂબી શકતો નથી, વાયુ તેને સૂકવી શકતો નથી, ભીંજાતો નથી, છેદાતો નથી, બળતો નથી, સૂકાતો નથી. તે સર્વ વ્યાપક, નિત્ય, સ્થિર, શાશ્વત, અચિંત્ય, અવ્યક્ત અને નિર્વિકાર કહેવાય છે.

ગીતાજીના ૧૫મા અધ્યાયનો આઠમો શ્લોક પણ ઊંડું જ્ઞાન પીરસે છે :

*शरीरं यद्‌वाप्नोति, यस्याप्युत्कामनीश्वरः ।*
*गृहीत्वैतानि संयाति, वायुर्गन्धा निवासयात् ॥*

***અર્થાત્*** : જીવ જ્યારે જૂના શરીરને ત્યાગી નવા શરીરને ધારણ કરે છે ત્યારે વાયુ જેમ પુષ્પમાંથી સુગંધ લઈ જાય છે તેમને આપણા સૂક્ષ્મ ઇન્દ્રિય સરીરને તેના સમૂહને સાથે લઈ જાય છે.

સર્વાવતારી શ્રી સહજાનંદ સ્વામીજીએ પોતાના અવતારી સમયમાં શિક્ષાપત્રી સ્વહસ્તે વડતાલ મધ્યે રચી. તેના ૧૪મા શ્લોકમાં વર્ણવ્યું છે કે :

*आत्मघातस्तु तीर्थोऽपि न कतृव्यश्च न कृधा ।*
*अयोग्य आचरणात् कदापिन विषेस बंधनादिना ॥*

***અર્થાત્*** : આત્મઘાત તીર્થના વિશે ન કરવો, ને ક્રોધે કરીને પણ ન કરવો અને ક્યારેક કોઈ અયોગ્ય આચરણ થઈ જાય તે થકી મુંઝાઇને પણ આત્મઘાત ન કરવો અને ઝેર ખાઇને, ગળે ટૂંપો દઈને તથા કૂવે પડીને તથા પર્વત પરથી પડીને ઇત્યાદિ કોઈ રીતે આત્મઘાત ન જ કરવો.

આજે તો અનેક ધર્મો જગતમાં વિદ્યમાન છે. **કોઈ ધર્મ આત્મહત્યા કરવા પ્રેરતો કે નિર્દેશ કરતો નથી.** જીવનને સમજવાની, જીવનને ઉન્નત બનાવવાના પ્રત્યેક ધર્મના સુંદર આધ્યાત્મિક માર્ગો છે. જે વ્યક્તિ પોતાની જાતિ કે જ્ઞાતિ મુજબના ધર્મોમાં રત હોય તેઓએ સંતો-ભગવંતો, આચાર્યો, ગુરૂજનો પાસે આધ્યાત્મિક જ્ઞાનવાર્તાઓ સાંભળવી આવશ્યક છે. **ઉપરાંત પોતાની મનોવેદનાઓ સત્પુરુષો પાસે ઠાલવી રસ્તો અચૂક મેળવી શકાય.**

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૮ ઉપર)

વાર્તા

# મારું ઘર

સુનિતા એ. શાહ

*આજની સામાજિક પરિસ્થિતિને નજરમાં રાખીને પોતાના પ્રથમ પ્રયાસ સ્વરૂપે સર્જકે લખેલ વાર્તા અત્રે પ્રસ્તુત છે. વાચકવર્ગને તે જરૂર પસંદ પડશે તેવી અપેક્ષા છે.*

*– તંત્રી મંડળ*

આજે જાનકીનું બારમા ધોરણનું રિઝલ્ટ આવ્યું હતું. તેથી તે ખૂબ જ ખુશ હતી. તે ફર્સ્ટ ડિવિઝનમાં પાસ થઈ હતી. ભણવામાં તો તે હોશિયાર હતી જ, તેને હજુ આગળ ભણવાની અદમ્ય ઈચ્છા હતી. ઘરે જઈને તેણે તેના માતા-પિતાને રિઝલ્ટ બતાવ્યું. અપેક્ષા હતી કે તેઓ ખૂબ ખુશ થશે, પણ તેમ થયું નહીં. જાનકીએ તેને ગંભીરતાથી લીધા સિવાય પોતાને આગળ ભણવાની ઈચ્છા છે તે વાત મક્કમતાથી જણાવી, પણ તેની માતાને તેની આ વાત માન્ય ન હતી. તેણે કહ્યું કે, "બસ, જેટલું ભણવું હતું એટલું અહીં ભણી લીધું. સાંભળ, તારા માટે એક ખૂબ જ સારા ઘરનું માગું આવ્યું છે. છોકરો પણ સારો છે. સારું કમાય છે અને ખાનદાન પણ છે. તારે આગળ ભણવું હોય તો તારા ઘરે જઈને ભણજે."

જાનકી ચૂપચાપ ભાવેશ સાથે પરણીને સાસરે આવી ગઈ. સાસરામાં સાસુ, સસરા અને એક નણંદ હતી. નણંદ કૉલેજમાં ભણતી હતી. સાસરે આવીને જાનકીએ બધું સરસ રીતે સંભાળી લીધું. સાસુમાએ એને એમના ઘરની બધી રીતભાત શિખવાડી દીધી. ઘરના બધા સભ્યોના ગમા-અણગમા, બધાની ભાવતી વાનગીઓ વગેરે વિશે પણ માહિતી આપી દીધી હતી. જાનકી હવે ધીમે ધીમે સાસરામાં બરાબર ગોઠવાઈ ગઈ હતી. બધું બરાબર ચાલતું હતું. બધા તેનાથી ખુશ પણ હતા. સમય ધીમે ધીમે વહેતો હતો. જાનકી સાસુ-સસરાનું ભાણું અને ભાવેશનું ટિફિન સમયસર સાચવતી હતી. નણંદ જ્યારે કૉલેજથી આવે ત્યારે તેના માટે ગરમ રસોઈ તૈયાર રાખતી હતી. એ સિવાય પણ ઘરનું અને બહારનું કામ જાનકીએ ખૂબ સારી રીતે સંભાળી લીધું હતું.

એક દિવસ એ બજારમાં ઘરની વસ્તુઓ અને શાકભાજીની ખરીદી કરવા ગઈ હતી ત્યારે તેને ત્યાં કને તેની નાનપણની સહેલી કવિતા મળી ગઈ કે જે પણ પરણીને આ શહેરમાં આવી હતી. બંને બહેનપણીઓ એકબીજાને મળીને ખૂબ ખુશ થઈ. કવિતાએ તેને સાથે બેસીને કોફી પીવાનો આગ્રહ કર્યો. પરંતુ જાનકીને ઘરે જવાની ઉતાવળ હતી. ઘરે જઈ નણંદ માટે રસોઈ બનાવવાની હતી. પણ કવિતાના આગ્રહે હવે હઠનું સ્વરુપ લીધું હતું. તેની દલીલ હતી કે તારા ઘરના લોકો તો સમજુ છે. કોઈ દિવસ થોડું ઘણું વહેલું મોડું થઈ શકે છે. આખરે જાનકીએ નમતું જોખવું પડ્યું. બંનેએ સાથે બેસીને નાનપણના કેટલાય સંસ્મરણો વાગોળ્યા.

હંમેશ કરતા મોડું થઈ ગયેલ હોઈ જાનકી ઝડપથી ચાલીને ઘરે પહોંચી. ઘરે પહોંચતા જ તેણે જોયું તો તેના સાસુ આંગણામાં જ ઊભા હતા. તેમની ક્રોધિત મુખમુદ્રા પરથી જાનકીને ખ્યાલ આવી ગયો કે તે ગુસ્સામાં છે. તે ગુસ્સાથી જાનકી પર તૂટી પડ્યા. "આ કોઈ ટાઈમ છે ઘરે આવવાનો? મારી દીકરી ક્યારની કૉલેજથી આવી ગઈ છે અને ભૂખી બેઠી છે. તને ક્યાં કોઈની પડી છે? અને સાંભળ, **આ કંઇ તારા પિતાજીનું ઘર નથી કે મરજી પડે તેમ વર્તન કર. મન ફાવે ત્યારે જવું અને મન ફાવે ત્યારે આવવું. એ અહીં નહીં ચાલે. આ અમારું ઘર છે** તેથી અમારા ઘરમાં અમારી મરજી પ્રમાણે તારે રહેવાનું છે. સમજી?"

જાનકીની આંખમાં આંસુ આવી ગયા. તે મનોમન વિચારતી રહી કે, **આટલા વરસથી આ ઘરને મારું ઘર સમજીને કામ કરતી હતી, તો આ ઘર મારું નહીં?** એ કંઈ બોલી નહીં. ચુપચાપ ઘરના કામમાં લાગી ગઈ. સમય પસાર થતો ગયો. તેનો પુત્ર પણ મોટો થવા લાગ્યો. ભાવેશ પણ બિઝનેસમાં વ્યસ્ત રહેતો હતો. બધું યંત્રવત્ ચાલતું હતું. દરમિયાન ઘર પાસેના મંદિરમાં એક સંત પધાર્યા, જેના પર જાનકીને બહુ શ્રદ્ધા હતી. તેમને ઘરે બોલાવ્યા અને યોગ્ય આગતા સ્વાગતા કરી. આ વાત ભાવેશ રાત્રે જ્યારે ઘરે આવ્યો ત્યારે તેની માએ તેને કરી. ભાવેશ આ સાંભળીને તરત ગુસ્સે ભરાઈ ગયો અને જાનકીને કહ્યું કે, "તારે આવી રીતે કોઈને

બોલાવતા પહેલાં મને પૂછવું જોઈતું હતું. **આ મારું ઘર છે. મારા ઘરમાં મારી જાણ બહાર કોઇને બોલાવે તે મને પસંદ નથી.**'' જાનકીના માનસ પર કુઠારાઘાત થયો. તેનાથી ડૂસકું મૂકાઈ ગયું. ફરીને એ જ પ્રશ્ન સળવળવા લાગ્યો. તો પછી... આટલા વરસથી હું અહીં રહું છું તો પણ આ મારું ઘર નહીં?

જાનકીનો દીકરો અજય હવે ભણીગણીને નોકરી કરવા લાગ્યો હતો. સારું ભણેલ હોવાથી સારી જગ્યા પર નિમણૂંક મળી ગઇ હતી. યુવાન અજયને તેની સાથે જ ઑફિસમાં કામ કરતી શ્વેતા સાથે પ્રેમ થઈ ગયો હતો અને બંને લગ્ન કરવા પણ ઈચ્છતા હતા. અજયે આ વાત તેના માતા-પિતા જાનકી અને ભાવેશને જણાવી. બંનેએ વાત સાંભળી અને ખુશ થયા. દીકરાની ખુશીમાં બંનેની ખુશી હતી. તેમણે અજયનાં લગ્ન ધામધૂમથી કરાવી પણ આપ્યા. ઘરમાં નવી વહુ આવી ગઇ. જાનકી ખુશખુશાલ હતી. તેને પ્રમોશન મળ્યું. હવે તે સાસુમા બની હતી. નવી વહુ માટે હોંશમાં ને હોંશમાં કેટલાય દીવાસ્વપ્નો જોઈ કાઢ્યા. પરંતુ.....

શ્વેતા વર્તમાન સમયની યુવતી હતી. સાસરે આવી ત્યારે 'જોબ' સાથે જ આવી હતી. સવારે ઉઠીને ઘરના કામમાં ધ્યાન આપવાને બદલે તૈયાર થઇ ઑફિસે જવા નીકળી જતી હતી. સાંજે પાછી આવે ત્યારે જાનકી તેના માટે ગરમ ગરમ રસોઈ તૈયાર રાખતી. જાનકીને તેમાં જરાપણ વાંધો ન હતો. તે ખુશ હતી. પરંતુ જ્યારે કપડાની વાત આવતી ત્યારે વહુનો પહેરવેશ જાનકીને જરાક ખૂંચતો હતો. તેણે એક બે વાર કહેવાની કોશિશ કરી પણ વહુએ તેનું સાંભળ્યું નહીં અને કપડા પોતાની મરજી મુજબ જ પહેરશે એમ પરખાવી દીધું. એટલું જ નહીં, તેણે કપડા બાબત મમ્મીજીની ટકોર અંગેની વાત અજયને પણ કહી.

અજય જ્યારે કામ પરથી ઘરે આવ્યો કે તરત જ મમ્મી પાસે પહોંચી વાત શરૂ કરી. ''મમ્મી, તમે અમારા જીવનમાં વધુ પડતી દખલ કરો છો. દાદીએ આ ઘર મારા નામે કરી દીધું છે. **મારા ઘરમાં મારે કે શ્વેતાએ કેમ રહેવું અથવા કયા કપડા પહેરવા, તે અમારે નક્કી કરવાનું છે.** તમે શાંતિથી રહો અને અમને રહેવા દો.'' **જાનકી વિચારતી રહી કે આખી જિંદગી જ્યાં વિતાવી એ ઘર મારું નહીં? તો પછી મારું ઘર કયું?**

*૭, દર્શન એપાર્ટમેન્ટ, કૈલાસ સોસાયટી, મહાલક્ષ્મી પાંચ રસ્તા, પાલડી, અમદાવાદ.*

*અનુકૂળ સંજોગોમાં અદૃશ્ય અને પ્રતિકૂળ સંજોગોમાં પ્રગટ થતા લોકો જ ખરા હિતેચ્છુ હોય છે.*

## ફિલ્મી ફંડા, 'જ્ઞાન ચકાસો', શબ્દ ચોરસના જવાબો

**શબ્દ-ચોરસ**

| A | | B | | C | | D | |
|---|---|---|---|---|---|---|---|
| કં | સ | પુ | ર | કા | ચ | પ્રે | મ |
| પ | ર્વ | લ | વ | થો | ર | ત | ન |

| E | | F | | G | | H | |
|---|---|---|---|---|---|---|---|
| રે | ખા | શ | ત | મો | તી | હ | વા |
| તી | ર | બિ | જ | ચી | ડ | વે | દ |

| ફિલ્મી ફંડા | જ્ઞાન ચકાસો |
|---|---|
| (૧) દીવાના મુજસા નહીં | (૧) : (અ) જહોન એટ્રીય |
| (૨) મૈં શાદી કરને ચલા | (૨) : (ક) ખુદીરામ બોઝ |
| (૩) આદમી ઔર ઇન્સાન | (૩) : (ક) રઝિયા બેગમ |
| (૪) ચાર દિલ ચાર રાહેં | (૪) : (અ) જસુ પટેલ |
| (૫) જીવન એક સંઘર્ષ | (૫) : (બ) કમલા નહેરુ પાર્ક |
| (૬) કહીં પ્યાર ના હો જાયે | (૬) : (બ) ડબલ્યુ.જી. ગ્રેસ |
| (૭) હમ તેરે આશિક હે | (૭) : (બ) સ્વીડન ઓફિસિયલ જરનલ |
| (૮) એક નયા ઇતિહાસ | (૮) : (બ) ભૂતાન |
| (૯) અબ દિલ્હી દૂર નહીં | (૯) : (ક) કલકત્તા વિશ્વવિદ્યાલય |
| (૧૦) મેરા ગાંવ મેરા દેશ | (૧૦): (અ) નેપાળ |
| (૧૧) પથ્થર ઔર પાયલ | (૧૧): (ડ) સાઉદી અરબ |
| (૧૨) આધા દિન આધી રાત | (૧૨): (ક) ૧૯૧૧ |

## જિંદગી ના મિલેગી દોબારા

*ઈમ્તહાન ઈમ્તહાન ઈમ્તહાન; જૈસે બિન બુલાયે મહેમાન,*
*બચ્ચે તો બચ્ચે મા-બાપ ભી પરેશાન.*
*પઢને બૈઠે ગુજરાતી તો આતી હૈ ઉબાસી*
*છોડ ગુજરાતી લીયા ઈતિહાસ લંબી લંબી થી બકવાસ*
*કૈસા સબ્જેક્ટ હૈ મેથ્સ આઈ જસ્ટ હેટ.*
*ભૂગોળ, કોમ્પ્યુટર, પી.ટી. બજતી માથે મેં હૈ સિટી*
*પઢતે પઢતે સો ગયે સપને મેં હમ ખો ગયે.*
*પહોંચ ગયે ઐસી જગહ હમ જહાં નહીં થા કોઈ ગમ.*
*ન કોઈ સ્કૂલ, ન થા ટ્યુશન ખેલ રહે હૈં બચ્ચે પૂરા દિન.*
*બીત ગયા જલ્દી બચપન બચ્ચે હો ગયે અબ જવાન*
*પઢાઈ લિખાઈ કુછ ભી નહીં બિના કામકે સબ હૈરાન.*
*કામબામ કુછ આતા નહીં અબ કૈસે કરેંગે ગુજરાન*
*ઈતને મેં મમ્મીને જગાયા તબ દિમાગ કો સમજ આયા*
*દટકર કરેંગે હમ પઢાઈ તબ હી કર પાયેંગે કમાઈ.*
*વક્તકા કરના ઈસ્તેમાલ પૂરા સબકો યે સંદેશ હૈ મેરા*
*ક્યોંકિ... ક્યોંકિ...* ***જિંદગી ન મિલેગી દોબારા.***

*— જાનવી બી. ચંદન*

ધારાવાહિક નવલકથા

# છોરાંવછોઇ – (૨૯)

હંસરાજ સાંખલા

## કિશોરને અકસ્માત

જ્યોતિકા અને રતનની નાનબાઈ સાથેની મુલાકાતના થોડા દિવસ પછી મહિનાના પહેલા રવિવારે કિશોર અને સમાજના મિત્રો રાબેતા મુજબ માતાજીનો રવિવાર ભરવા ગયા હતા. એ દર વખતે મોડા આવતા હોઈ તેની રાહ જોયા વગર ઘરનાં બધાએ જમી લીધું. સૂવાની તૈયારી હતી, ત્યાં રાત્રે દસ વાગે ફોન આવ્યો. તરત જ શામજીએ સુધીરને થોડી વાત કરી. સમાજના કેટલાક માણસો અને તેમના પડોશી ખાંડેકરને લઈ તરત જ નીકળી ગયા.

સુધીર સિવાય ઘરનાં કોઇને કંઈ વાત ન કરી. પણ રતનને અને મોટી વહુ શારદાને એટલી ખબર પડી કે ભાઈબંધો સાથે માતાજીનાં દર્શન કરવા અને મહિનાનો પહેલો રવિવાર ભરવા ગયેલ કિશોરની ગાડીને અકસ્માત થયો છે.

આમ તો માતાજીનાં દર્શન કરવા અને રવિવાર ભરવા બધા ભાઇબંધો લગભગ દોઢ બે વર્ષથી નિયમિત જતા હતા. પણ આવું આજે પહેલુંવહેલું બન્યું હતું. એ બધા દર્શન કરીને લગભગ બારેક વાગે આવતા ત્યારે ઘરનાં બધાં સૂઈ ગયેલાં હોય.

ધાર્મિક વાત હતી. એટલે ઘરનું કે ગામનું કોઈ વિરોધ કે શક ન કરતું બલકે આ જમાનામાં પણ સંતાનોમાં ધર્મભાવના જળવાઈ રહી છે એમ સમજી ઘરનાં અને સમાજનાં સૌ મનમાં આ દીકરાઓના સંસ્કાર બાબતે ગર્વ અનુભવતાં.

મોડે સુધી પણ કોઈ સમાચાર આવ્યા ન'તા. ઘરનું વાતાવરણ ભારેખમ અને ગંભીર બની ગયું. શારદાવહુ થોડી થોડી વારે તેની સાસુ રતનમા પાસે આવી કંઈ બોલ્યાચાલ્યા વગર પાછી જતી રહેતી હતી. એક-બે વાર આવું થતાં રતનને થયું, બિચારી કંઈ કહેવા-પૂછવા માંગેરી. પણ એની જીભ નીં ઉપડતી હોય. વહુના મનનો મૂંઝારો એ સમજી ગઈ.

રતન એની મનોસ્થિતિ અને એના મનની વેદના સમજતી હતી. તેણે આશ્વાસન પણ આપ્યું, "વહુ બેટા, જલાબાપાની માળા કરો. બધું બરાબર હશે. જલારામબાપા થ્યો હે નેં ચિંતા કરવાવાળા. પછી તમને કે મને ઢીલા થવાની શી જરૂર? આવે ટાંણે તાં પુન્ય જ કામ લાગે. **તૈયેં તાં સાસ્તર કેર્યાં પુન્યની પુરાંત હોય તો તલવારની ઘાત ટાંકણીથી ટળે. એટલે જ આપડાં માવતર રૂપિયાની ભઠડી કરતાં પુન્યની ભઠડી બાંધવામાં બહુ ધ્યાન રાખતાં.**

શારદા વહુની આંખમાં આંસુ આવી ગયાં. "જુઓ બેટા, જૈયેં એક્સીડન થ્યોં હે થોડું ઘણું તાં બધાને વાગ્યું જ હોયને. મારો દીકરો જેવો તેવો ઢાઈવર થોડો હેં. કેટલાં વરથી ગાડી હાંકલેર્યો. કદીએ કાંઈ થ્યું હે?" રતને જરા અટકીને આગળ કહ્યું, "ઈ તાં થાય. ક્યાંક હામેવાળાની ભૂલ હોય. મારો દીકરો એવો કાંય ગાફેલ થોડો હે."

"પણ ઈ...," આટલું કહી શારદા આગળ બોલી ન શકી.

"પઈ ઈ શું....?" રતને જિજ્ઞાસાથી શારદાને પૂછ્યું. શારદાની આંખમાં ફરીથી આંસુ આવી ગયાં. "બોલ બેટા શું વાત હે."

"ઈ જૈયેં દર્શન કરવા જતાં તૈયે દર વખતે પીને...!"

"...શું પીને આવતો....? અને દર વખતે...?"

રતને એક સાથે બે-ત્રણ સવાલો પૂછી નાખ્યા.

શારદાએ કંઈ જવાબ ન આપ્યો.

"ઈ દર વખતે પીને આવતો ને તમે અમને ફરિયાદે ન કરી? **બેટા, બધું સહન કરાય પણ પીવાની બાબત સહન ન કરાય. ઇ દારૂના રાકસે (રાક્ષસે) કૈંક ઘર ઉજાડી નાખ્યાં હે. એને તાં કેટલીયુંએ બાઇમણુંની જિંદગી ને છોરાંનાં ભવિષ્ય બગાડી નાખ્યાં હે.** ફેશનમાં છોરાંઉને શરૂઆતમાં એ દારૂની ભાઇબંધી હખર લાગેરી. પણ ઈ એની જાત વતાવ્યા વગર રે? જોયોંને?" રતને આંખ બંધ કરી હાથ જોડી પ્રાર્થના કરી "હે જલાબાપા, આજ મારા દીકરાનું રક્ષણ કરજો."

શારદાવહુની વાત સાંભળ્યા પછી રતનને પણ હુખ નો'તું આવતું. રતને તરત જ રાત્રે એક વાગે જલારામબાપાના ફોટા આગળ દીવો કર્યો. એ એની આગળ માળા કરવા બેસી ગઈ.

રાતના બે વાગે સમાચાર આવ્યા. "બધાં છોરાને ઓછું

વધું લાગ્યું હે. ને બધાને દવાખાને દાખલ કર્યાં હે. એમાંથી એકને થોડું વધારે વાગ્યું હે ને ઇ ઢકળાઇ ગ્યો હે (બેભાન, કોમામાં છે.) બાકી બીજાને જોખમ નથી.

"એક કીયા છોરાને વધારે વાગ્યું હે?" એ પૂછવાની રતનની હિંમત ન ચાલી. કદાચ એના જવાબમાં એના...! રતનને આગળ વિચારતાં એના મનમાં એક બિહામણી કલ્પના આવી ગઈ. રતનને એવી બીક લાગી તેથી એ વાત એણે મેઘમ રહેવા દીધી.

ઘરમાં કોઈને ઊંઘ નો'તી આવતી.

માળા કરતી રતન ઘડી ઘડી ઘડિયાળ જોતી હતી કે હવારને હજી કેટલી વાર હે? કૈયેં હવાર થશે? રતનને થયું, "આજે ઘડિયાળ કેટલું ધીમું હાલેર્યું? ના, આમ તો ઘડિયાળને ફિક્સ ગતિ હોયરી. પણ કૈંયેક આવી કસોટીનાં મહત્ત્વનાં ટાંણે સમયમાં મિનિટ અને કલાક લાંબા થઈ જતા હોયર્યાં (લાગે છે.)"

દરરોજ પલકારામાં પૂરી થઈ જતી રાત આજ ખૂટતીં કાં નથી? દરરોજ દોડતાં જતાં ઘડિયાળની એક એક મિનિટ આજે એને એક એક કલાક જેવડી લાગતી'તી. એ બબ્બે મિનિટે ઘડિયાળ સામે જોતી'તી. ક્યારે હવાર પડે ને ક્યારે કોઈ સારા સમાચાર લઈને આવે.

છેક...સવારે છ વાગ્યે સમાચાર આવ્યા. "**કિશોરને માથામાં બૌં લાગ્યું હે ને ઇ સિરિયસ હે. ડોક્ટર કેર્યાં બોત્તેર કલાક જોખમ હે. કાંઈ કહેવાય નીં.** બીજા બધાને ઓછો વધુ ખાટલો હે, પણ બૌ જોખમ નથી."

આ સમાચારથી રતન સમજી ગઈ. કિશોર ગાડી ચલાવતો હશે. એણે દારૂ પીધો હશે ને વધારે થઈ ગ્યો હશે.

રતનને થયું, "વઉને થોડી વહું કે આ બધું દોઢ બે વરહથી હાલતું'તું તો તેં આવડું બધું લકાડ્યું કાં?" અને તરત જ વિચાર આવ્યો "આજે એને વઢવાનો સમય નથી. એને આશ્વાસન અને હિંમત દેવાનો સમય હે. મારો તો કદાચ એ... દીકરો હે. પણ એનો તો સૌહાગ હે ને!" તેથી રતન તેને આશ્વાસન અને હિંમત દેવા માગતી હતી. પણ એ કંઈ બોલી શકતી ન હતી. છેલ્લા સમાચારથી હતપ્રભ થયેલ રતનને સમજાયું નહીં કે વહુને કયા શબ્દોમાં આશ્વાસન દેવું?

ઘરનાં બધાંને એવો આઘાત લાગ્યો હતો કે અહીં કોણ કોને આશ્વાસન આપે એ સવાલ હતો. ત્યાં બાજુનાં ગામમાં રહેતાં રતનનાં ફઈજીવાળા વિગતવાર હમાચાર લેવા હવારના પોરમાં આઠ વાગે પોચી આવ્યાં.

હાલ હવાલ પૂછ્યા, "વાંધો નીં આવે એવા હમાચાર હે." એવું કહ્યું. બીજી પણ થોડી વાતો કરી એટલે ઘરનું વાતાવરણ થોડું હળવું થયું.

રતનનાં ફઈજી આવ્યાં એટલે સારું રહ્યું. નૈંતો ત્રણે સાસુ-વહુ ચિંતામાં અને અઘટિત બીકનાં ઓછાયા તળે મૂરઝાઈ ગઈ હતી. ત્રણેના મોઢે જાણે તાળાં લાગી ગયાં હતાં એવા અબોલા હતા. તેથી બધાનો સમય પસાર થતો ન હતો. હવે ઉંમરલાયક ફઈજીની વાતોથી વાતાવરણ કંઇક હળવું થયું હતું.

ઘરના બધાં માટે બીજા દિવસની સાંજ જેમતેમ કરીને માંડ માંડ આવી.

બહારથી સગાંવહાલાંના ફોન ચાલુ હતા.

બધાને સુધીર 'ઠીક હે! ઠીક હે!' સમાચાર આપતો હતો - લેતો હતો.

એ રીતે બીજો દિવસ પૂરો થઈ ગયો.

છતાં કોઈ સારા સમાચાર ન હતા. તેથી રાત્રે વાતાવરણ વધુ ગંભીર બની ગયું. રતનની નણંદ પણ ખબર પૂછવા અને હિંમત આપવા આવી ગયાં. જાગો-મીંચો કરતાં રાત પસાર કરવામાં ઘરનાં બધાંને જુગ જેટલો સમય લાગ્યો.

બીજા દિવસે સવારે રતનનાં મોટાં ફઈજી અને ફુઆજી પણ આવી ગયા. આઠ વાગે શામજીનાં કૌટુંબિક ભાઈઓ અને સમાજનાં માણસો બાઈમણું સાથે આવી ગયાં. સંબંધીઓ પણ આવવા લાગ્યાં.

રતન સમજી ગઈ. રાત્રે જરૂર કંઇક અઘટિત બની ગયું હશે. પણ હજી એને કોઈએ કાંઈ કહ્યું ન હતું. અને આવેલ એનાં ફઈજીવાળાં તથા સમાજનાં માણસોને કાંઈ પૂછવાની એની હિંમત ચાલતી ન હતી. તેનું હૃદય તેજ ગતિએ ચાલતું હતું. એ આ દૃશ્યથી હેબતાઈ ગઈ હતી.

થોડી વાર થઈ. ત્યાં બાજુવાળાની જીપ ઘર આગળ ઊભી રહી. અને બીજી ગાડીઓ પણ આવી. એક ભાઈએ આવી ફઈ, **ફુવા અને રતનને કિશોરના મૃત્યુના સમાચાર આપ્યા** અને ઘરમાં હૈયાફાટ રોક્કળ થઇ ગઇ. સમાચાર જાણતાં શારદા ઢકળાઈ ગઇ. થોડી વારે ભાનમાં આવી. હૈયાફાટ રુદન કરવા લાગી. સાથે નાની વહુ, સુધીર અને રતને પણ કલ્પાંત કરી મૂક્યું.

જ્યારથી શારદાવહુએ દારૂની વાત કરી હતી ત્યારથી રતનના હૈયામાં છૂપી ફડક તો બેસી જ ગઈ હતી. ત્યારથી એનું મન સતત ગભરાતું હતું. એના મનમાં એક અઘટિત છૂપી દહેશત વ્યાપી ગઈ હતી. ત્યારથી એ જ્યારે જ્યારે નવરી પડતી ત્યારે "હે જલાબાપા! આ ઘાતમાંથી મારા પરિવારને ઉગારજો" આવું વારંવાર સ્મરણ કર્યા કરતી હતી ને મનને આશ્વાસન આપતી હતી.

જ્યાં આ સમાચાર આવ્યા ત્યાં શારદાવહુની સાથે એ પણ ભાંગી પડી. પરંતુ તરત જ એણે વિચાર્યું "હવે ઢીલી થયે કાંય નીં વળે. મારે તો હવે હૈયું કઠણ કરવું જ પડશે." એણે આંસુ

લૂછી નાખ્યાં. એ શારદાવહુ પાસે ગઇ. એને ભેટીને બંનેએ હૈયાફાટ રુદન કર્યું. આમ તો એ શારદાવહુને આશ્વાસન આપવા માંગતી હતી. પણ સ્થિતિ એવી થઈ ગઈ કે લાગણીશીલ રતન પોતે જ આશ્વાસનને લાયક બની ગઈ. શારદાવહુને કયા શબ્દોમાં આશ્વાસન આપવું એ જ એને ન સમજાયું.

ત્યાં પાટાપીંડીથી ઘણા બધા ઢંકાયેલા ચહેરાવાળા કિશોરના મૃતદેહને ઘરમાં લાવવામાં આવ્યો. ફરી વાતાવરણ ગમગીન બની ગયું. સગાંવહાલાં ને પડોશી વડીલો, બધાને શાંતિ રાખવાનું કહેતાં હતાં પણ સ્થિતિ અને સંજોગો જ એવા હતાં કે એ બધું કાબૂમાં રાખવું અઘરું હતું.

રોક્કળને લઇને વાતાવરણ એટલું કરુણ થઈ ગયું હતું કે ભલભલા કઠણ કાળજાવાળાને પણ રોવું આવી જતું હતું. રાતનો બનાવ હોઈ મોટાભાગનાં લાગતાં વળગતાં આવી ગયાં હતાં. ફક્ત દીકરી જ્યોતિકાની રાહ જોવાઇ રહી હતી. ત્યાં જ્યોતિકાને લઇ એનાં સાસરિયાં આવી ગયાં.

ફરી રોક્કળ શરૂ થઈ ગઈ. શારદા અને રતનને મળતાં ત્રણે જણાં ફરી ઢકળાઈ ગયાં.

બધાંને એકબીજાથી અલગ પાડી માંડ માંડ શાંત પાડ્યાં અને સ્મશાનયાત્રાની તૈયારી શરૂ થઇ.

તૈયારી પૂરી થતાં સમાજના ભાઇઓની ગોઠવણી મુજબ સ્મશાનયાત્રા અને અંતિમક્રિયા પૂરી થઈ.

દિવસના અને સાંજના બેસવાના કાર્યક્રમો નિયમ મુજબ ચાલતા હતા. ચોથે દિવસે સમાજનું બેસણું હતું. હજી સુધી દેશમાં રહેતાં શારદાના માવતરવાળાં આવ્યાં ન હતાં.

પાંચમા દિવસે શારદાનાં માવતરવાળાં આવ્યાં.

કઠણ કાળજાં કરીને દીકરી શારદાને તથા સૌને મળ્યાં.

શારદાનું કલ્પાંત જોઈ એનાં માવતરવાળાં તો ઠીક, પણ હાજર રહેલ બધી મહિલાઓ હીબકે ચડી ગઈ. સૌનાં દિલમાં શારદા માટે કરુણા થઈ હતી, પણ થાય શું? નિયતિને કોણ રોકી શક્યું છે?

દેશમાંથી આવેલ વેવાઇ પરિવાર સ્વાધ્યાય પ્રવૃત્તિ સાથે સંકળાયેલો હતો. એણે જ સૌને સારા શબ્દોમાં આશ્વાસન આપ્યું. વાતાવરણ જેટલું કરુણ હતું તેના પ્રમાણમાં હળવું કરવામાં એ પરિવારે સારો ભાગ ભજવ્યો. ત્યાંથી આવેલ એક ભાઇએ **"કર્મના સિદ્ધાંત", "કર્મના કાયદા"ની, "અજર અમર આત્મા"ની, આત્મા અને પરમાત્માની** તથા

*"જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુ ધ્રુવં જન્મ મૃતસ્ય ચ ।*
*તસ્માદપરિહાર્યેઽર્થે ન ત્વં શોચિતુમર્હસિ ॥*

*(ગીતા, ૨-૨૭)*

**જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે અને મરેલાનો જન્મ નિશ્ચિત છે.** તેથી આ આપણાં માટે ઉપાય વિનાના વિષયમાં શોક કરવો યોગ્ય નથી.

આત્મા સાથેનો આપણો સંબંધ અને શરીર સાથેના સંબંધ વિશે પણ ગીતામાં આપેલા જ્ઞાન વિશે એમણે સારી ભાષામાં દાખલા સાથે વિવરણ કરી વાતાવરણને હળવું કર્યું.

છતાં શારદાની માને માટે જમાઇના મૃત્યુનો આઘાત ખૂબ વસમો હતો. એ આ બનાવથી ખૂબ જ નર્વસ થઈ ગયાં હતાં. બનાવ પણ ખૂબ જ કરુણ અને ગંભીર હતો. નાની ઉંમરની દીકરીને વિધવાના પરિવેશમાં ને એવી સ્થિતિમાં જોવું એક માતા-પિતા માટે એની જિંદગીનું એનાથી મોટું દુર્ભાગ્ય બીજું કંઈ ન હોઈ શકે. છતાં વાસ્તવિક્તા સ્વીકાર્યે જ છૂટકો.

આમ તો અત્યારે બીજી કોઈ વાતો કરવાનો યોગ્ય સમય ન જ કહેવાય છતાં ઘરમાં થતી ગુસપુસ પરથી રતનને વાતનો થોડો અણસાર આવી ગયો.

એને જે બીક હતી એ જ વાત આવીને ઊભી રહી.

રતનના પતિ શામજી, પરિવારનાં કેટલાંક વડીલો જેમાં રતનની બે નણંદો અને બે ફઇજી બધાં કહેતાં હતાં. "આ તો ભર્યું ભાદર્યું ઘર હે. દીકરો ને દીકરી કાલ મોટા થઈ રેશે. એટલે અમને લાગેર્યું એને નવું ઘર કરવાની કાંય જરૂર નથી."

સામે વેવાઇવાળા એવો આગ્રહ કરતાં હતાં "આ ઉંમર કાંય ન કહેવાય! એને બેસાડી થોડી રખાય એને ઉઠાડી લેશું ને નવું ઘર કરાવશું. નૈ તો કાળામાંથી ધોળા કરવા ઘણાં ઓખા હે."

વેવાઈવાળાની આ વાત સાથે રતન સહમત હતી. પણ એના દિલની વાત પરિવારમાં રજૂ કરવાની તેનામાં હિંમત ન'તી. એને એ બીક હતી. કોઈ મહેણાં મારશે ને ધારશે કે "ઇ એમ જ કેં. એને એવા જ વિચાર આવે. ઇ એવી હતી તૈયેં તાં ઇ એની ઉંમરમાં પોતના હુખ હારું ભાન ભૂલી'તી. ને છોરાંનોય વિચાર નો'તો કર્યો."

રતને પોતાના પતિ શામજી આગળ બીતાં બીતાં પોતાના વિચારો તો રજૂ કર્યાં જ હતા. પણ જેને રતન આટલા વર્ષે સમજી શકી ન હતી એ માણસને રતનની લાગણીવાળી વાતની કોઈ અસર ન થઈ.

હવે આ વાતનો દોર એ એકલાં પતિ-પત્નીનાં હાથમાં ન હતો. હવે એ બાબતનો નિર્ણય એની બે ફઈજી અને નણંદો કરે તેમ થાય એમ હતું. જ્યારે શારદાવહુના માવતરવાળાએ શારદાને ઉઠાડી જવાનો બહુ આગ્રહ કર્યો અને સ્પષ્ટ કહી દીધું, 'હો વાતની એક વાત. અમે અમારી દીકરીને ઉઠાડી

જશું.' ત્યારે રતનની બે નણંદોએ કહ્યું, "તમારી દીકરીને ભલે ઉઠાડી જાઓ પણ છોરાં તો ઈંયાં જ રેશે. તમે કોર્યાં એમ કરીયે તો દીકરો તાં જતોર્યો પણ **તમે છોરાંય તેડી જાઓ તો અમારા દીકરાના ઘરને તાળાં લાગી જાય ને એનું નામ નિશાનેય મટી જાય હમોળું.**"

વાત અહીં ગૂંચવાઈ.

શારદા કહે, **"છોરાં તાં મને ખપશે. હું એના વગર નીં રૈ હકું. ને છોરાં નીં ઘો તો હું એ નીં ઊઠું."**

રતનથી હવે ન રહેવાયું. એને પોતાના છૂટકા વખતના દિવસો યાદ આવ્યા. તે વખતની પોતાની પીડા, વેદના અને હૃદયના જખમો યાદ આવ્યા. એની આંખમાં આંસુ આવી ગયાં.

એનું માથું ઘૂમવા લાગ્યું. એને પૃથ્વી ફરતી લાગી. એ પરસેવે રેબઝેબ થઈ ગઈ. એ પડતાં પડતાં માંડ બચી. એ જોઈ કોઈએ એને પાણી આપ્યું. પાણી પી, એ માથું પકડી સૂનમૂન બેઠી હતી. એની આંખમાં આવતાં આંસુ એ ઘડી ઘડી લૂછતી રહી.

બધાને થયું કે આ રતનમાને ઓચિંતું શું થયું કે એ રોવા લાગ્યા.

એણે થોડીવારે સ્વસ્થ થઇ હિંમત કરી કહ્યું, "જ્યાં શારદાવહુ રેશે ત્યાં જ છોરાં રેશે. છોરાંથી એની મા અલગ નીં રે."

શારદાનાં માવતરવાળાં તો જીદ કરીને જ બેઠાં હતાં કે શારદાને ઊઠાડી જ લેશું ને નવું ઘર કરાવશું.

"ઈ જે કરવું હોય ઈ કરો પણ છોરાંને એની માથી અલગ નીં થવા દઉં." રતનના મોંએથી આ વાત સાંભળી શારદાને હૈયામાં ટાઢક થઇ. પણ રતનનો પરિવાર આવું બોલવા બાબતે રતન ઉપર ખફા થયો. એનાં મોટા નણંદ બોલ્યાં, "રતુભાભી કને એટલી બધી સત્તા નથી કે ઈ કેમ એમ થશે. આ છોરાંવાળી વાતમાં વચ્ચે બોલવાનો એને કાંય અધિકાર નથી. ઈ આ છોરાંની હગી ડાડી થોડી હે! જો હગી ડાડી હોત તો દીકરાનાં અંશ અને વંશની બાબતમાં આવું બોલતાં એની જીભ જ ન ઊપડી હોત. **ઓરમાન ડાડીને પોત્રા પ્રત્યે હાચી લાગણી થોડી હોય. ઓરમાન ઇ ઓરમાન.** ઓરમાન એનું ઓરમાનપણું વતાડ્યા વગર રે'તી હશે?" એણે પોતાની બંધ મુઠ્ઠી વતાડતાં કહ્યું, "આ બધું કહેવાય થોડું, આમ રખાય."

આ સાંભળી રતનની હાલત કાપો તો લોહી ન નીકળે તેવી થઈ ગઈ. એ એની નણંદને કાંઈ જવાબ ન દઈ શકી. એ ઓરમાન ડાડી હતી ને? જુદા જુદા ઉત્તર-પ્રત્યુત્તર થયા પણ કોઈ નિર્ણય ન લઈ શકાયો.

રાત પડી. સાંજે થોડો સત્સંગ રાખ્યો'તો. પરંતુ રતનનો સત્સંગમાં જરીકે જીવ ન લાગ્યો. દસ વાગે સત્સંગ પૂરો થતાં બધાં સૂતાં પણ રતનને ઊંઘ ન આવી.

એણે પોતે પોતાના છૂટકા વખતે બાળકોથી વિખૂટાં પડી તે વખતની પોતાની હાલત એને યાદ આવી. એ રડી પડી. એ વારંવાર નકારમાં માથું હલાવતી રહી ને આંસુ વહાવતી રહી. એને થયું ગમે તેમ થાય મને જે પણ મેંણાં ટોણાં હાંભળવા પડે તે હાંભળીશ પણ એક માથી એનાં બાળકોને વિખૂટાં પડવા નીં જ દઉં. એના માટે મને જે કાંઈ સહન કરવું પડશે તે કરીશ પણ એમ તો થવા નીં જ દઉં.

રતને વિચાર્યું : શારદાવહુનાં માવતરવાળાં સમજે ને ન ઉઠાડે તો હું હૈશ ત્યાં હોદી દુઃખી થવા નીં દઉં. એમ કરે તો વાંધો નીં. આમ તો એકલપંડે લાંબી ઉંમર કાપવી ઓખી હે. પણ છોરાં વગર જીવવાની પીડા કરતાં ઇ ઓછું પીડાકારક થશે. એટલે એમ કરે તોય વાંધો નીં.

રતન, તારી વાત હાચી. પણ હથવારા વગર ઇ કઈ રીતે સંસારની કાંટાળી લાંબે કેડી ઉપર એકલી ચાલી શકશે? તારો જમાનો જુદો હતો ને આ જમાનો જુદો હે.

તોય ઈંયા મજૂરી નથી, અછત નથી. કોઈ દુઃખ નથી. ઈંયા તાં હુખ ને હુખ ને હુખ જ હે. તો તું ધારોરી એવી એને તકલીફ નીં પડે.

તકલીફ કાં નીં પડે? એને પોતાની લાગણી કે એના મનની વાત હશે તો કોના આગળ કે'શે? એને કોઈ સુખ-દુઃખના પ્રસંગે પોતાનું હૈયું હળવું કરવું હોય તો ઇ કોના આગળ હૈયું હળવું કરશે? છેવટે ઇ યે એક બાઇમણ જ હે ને? રતન તે અછત જોઈ હે, દુઃખ જોયા હે, એકલતા જોઇ હે, અસહયા બાઇમણ અને એની આજુબાજુની દુનિયાયે તેં જોઈ હે. ઇ આજુબાજુવાળાની સહાનુભૂતિ અને સહાનુભૂતિ પાછળનાં કારણો પણ તે જોયાં હે. **એનાથીયે માંથે અસહાય અને છોરાંવછોઇ માની વેદના પણ જોઈ હે.** શરૂશરૂમાં પરિવારની હૂંફથી કદાચ એના દિ જતા રે'શે પણ જૈયે ઘા ઠરશે ને દુઃખશે તૈંયે શું? ગેઢપણમાં દીકરી એના સાસરે જતી રશે, દીકરો એના ધંધામાં ને સંસારમાં રચ્યાપચ્યા હશે, તૈંયે પોતાના પેટનાં જણ્યાની સુખ-શાંતિ અને ભવિષ્ય માટે પોતાની યુવાનીમાં બહુમૂલ્ય વર્ષો મનમારીને વિતાવનાર એક દુખિયારી અને ઓશિયાળી મા એ સમયે એકલતાની વેદના કેમ ખમી હકશે? રતન, તૈંયે ઇ ક્યાંયની નીં રે, એના કરતાં હમણાં મન કઠણ કરીને જે થાય તે લાંબો વિચાર કરીને થાય તો ધજ. **નૈ તો પાણી વૈ ગ્યા પછી પાળ બાંધવાનો અર્થ નીં રે.**

રતનને જલારામબાપા યાદ આવ્યા. "હે જલાબાપા, ગમે તેમ થાય પણ એક માથી એનાં છોરાં અલગ ન થાય એવું કરજો."

આવી પ્રાર્થના કરતાં એના મગજમાં એક ઝબકારો થયો. "આમાં મને મારી દીકરી જ્યોતિકા જરૂર મદદ કરશે. એને મારી વાત મગજમાં જરૂર બેહશે." સાથે થોડી શંકા પણ થઈ. એ લોહીના સંબંધને લઇને કદાચ શારદાવઉની લાગણી ન સમજે ને એને એની ફઇની વાત હાચી લાગે તો પછી હું કાંય ન કરી હકું. મારા કપાળે તો ઓરમાનનું લેબલ લાગેલું હે ને?"

મને એને એકલીને એક બાજુ બેહાડી આ વાત કેવી ખપે. પણ આવામાં ઇ વાત એના કને કેયેં થૈ હકેં? એવું એકાંત ને નિરાંત મલી તાં ખપે?

રાત્રે એક વાગે રતન પાણી પીવાના બહાને ઊભી થઈ. પાણિયારા પાસે ગઇ. એણે અવાજ થાય એ રીત જ લોટો સ્ટીલનાં ઢાંકણાં સાથે ભુસકાવ્યો. એને એમ હતું, આ અવાજ સાંભળી કદાચ જ્યોતિકા જાગે તો આ વાત કરું.

રતનની ધારણા સાચી પડી.

એને પણ ઊંઘ નીં આવતી હોય કે કેમ, અવાજ સાંભળી એ પણ પાણી પીવા આવી.

ઝીરો લાઇટના ઝાંખા અજવાળામાં રતનમાનો ચિંતાયુક્ત, બોઝિલ ચહેરો જોઈ એણે પૂછ્યું, "મા, તમને ઊંઘ નથી આવતી કે શું?"

**"આવામાં ઊંઘ ક્યાંથી આવે બેટા!" આવું કહેતાં એની આંખમાં આંસુ આવી ગયાં. જ્યોતિકાએ ઝાંખા અજવાળામાં પણ એની માની આંખમાં આંસુ જોયાં.**

"મા, દુઃખ તો બધાને થાયર્યું, પણ ભગવાન આગળ આપેં શું કરી હકનારા હૈયે? ઇ જીવની આપણાથી લેણાંદેણી પૂરી થઈ ગઈ હમજો."

"એને તાં ભગવાને કાંક હારા કામ હારુ લઇ લીધો, પણ પાછળવાળાં બીજાની હાલતનો ભગવાને કાંય વિચારેય નીં કર્યો હોય? આ રીતે પાછળવાળાં જીવીયે ન હકે ને મરીયે ન હકે એવું થ્યું." આંસુ લૂછતાં રતને કહ્યું.

**"મા કર્મના કાયદાથી ખુદ રામ સીતાયે નથી છટકી હક્યાં. તૈયે આપેં તાં પામર જીવ હૈયેં. પોતપોતાનાં ભાગ્યનું ભોગવ્યે જ છૂટકો."**

રતને જ્યોતિકાનો હાથ પકડ્યો અને એક બાજુ રૂમમાં લઈ ગઈ. જ્યોતિકાને રતનમાનું આ વર્તન ન સમજાયું.

"જો બેટા, મારે તને એક વાત કરવી હે." કહેતા રતન પલંગ પર બેઠી.

"બોલોને મા" જ્યોતિકા પણ એની માની બાજુમાં બેસી ગઈ.

"બેટા! તું મને તારી જશોદામા માનો રી ને?" રતને જ્યોતિકાની આંખમાં આંખ મેળવી વાત કરી.

"હોવે મા, ઇતાં દુનિયા આખી જાણેરી. તમે મારી જશોદામા હો."

"આ તારી જશોદામાને તારા કનેથી કાંક ખપેર્યું" કહેતાં રતને જ્યોતિકાના હાથ પોતાના હાથમાં લીધા.

"મારા કનેથી મા?" જ્યોતિકાએ આંખ ઝીણી કરતાં કહ્યું.

"હોવે. તારા કનેથી જ મને ખપેર્યું મારી દીકરી. તારા સિવાય ઇ મને કોઈ નીં દઈ હકે. તુ ધારે તો જ ઇ કામ થાય."

"મારાથી થાય એવું હશે ને હું નીં કરું એવું આજ તમે કેમ ધારી લીધું? **મા હું તમને વચન દૌરી, ઇ કામ કરીને જ રૈશ હું. હવે કો મને શું કરવું હે?"**

રતનમાના હાથમાં દીકરી જ્યોતિકાના હાથ હતા. રતનમાં કાંઈ બોલી ન શકી, ઊંડા ઊંડા શ્વાસ લઇ વિચારતી હતી.

"મા, મોડું ન કરો, કઇ નાખો. તમારું ઇ કામ હું હરુભરુ કરીશ, બસ" જ્યોતિકાએ માને ફરી વિશ્વાસ દેવરાવ્યો.

"જો કામ ઇ હે... આપણી શારદાભાભીના માવતરવાળાં કેર્યાં એને ઉઠાડી લેવી હે. અને હુંયે કૌંરી હજી બિચારીની ઉંમરે શું હે? તારા જેવડી તાં હે. આપડે એને ઇયાં બેહાડી રાખીએ ઇ એના માથે જુલમ જ કર્યો કહેવાય. અને આપુંને એનું પાપે લાગે. આપડાં બધાં કેર્યાં, છોરાં નીં દઇએ. ને ઇ કેંરી જ્યાં છોરાં ત્યાં હું ને હું ત્યાં છોરાં. ને ઇ હેય હાચી બેટા! એક મા એના છોરાં વગર કેમ જીવી હકે? મને મા થી એના છોરાં અલગ નથી કરવાં. **બેટા છોરાંવછોઇ માની શું હાલત થાયરી ઇ તને નથી ખબર.** ઇ એનાં છોરાં વગર કેવી રીબાયરી ઇ મેં જોયું હે. ખુદ મેં અનુભવ્યું હે. એટલે મને ઇ તાં નથી જ થવા દેવું. હું તને પગે લાગુરી." કહેતાં પલંગ ઉપર બેઠેલી રતનમા બાજુમાં બેઠેલી દીકરીના પગ બાજુ નમી હાથ લંબાવ્યા.

"મા... મા... આ શું કરોર્યાં. મને પાપમાં કાં નાખોર્યાં" કહેતા દીકરીએ માના હાથ પકડી લીધા અને એને ભેટી પડી. દીકરીની આંખમાં પણ આંસુ આવી ગયાં.

"બેટા, મેં તને મારી પેટની દીકરી માનીને ઉછેરી હે તો એના બદલામાં હું તારી કને હાથ જોડી ખોળો પાથરું રીં. આ બધાને તું હમજાવ. હું તો ઓરમાન ડાડી હૌં. હું કૌરી તો બધા અવળો અર્થ કરેર્યાં. ઇં તું જ કરી હકીશ એટલે તને કૌં રીં. એક માને છોરાંવછોઇ થતી બચાવ. આપડાં કેર્યાં ઇ આપડા દીકરાનો અંશ ને વંશ હે એટલે છોરાં નીં દઇએ. બેટા, ઇ છોરાં આપું કને રે તો આપડો વંશ ર્યો કેવાયને બીજે મોટા

થાય તો આપડો વંશ કેમ ન ગણાય? ઇ છોરાં ગમે ત્યાં મોટા થાય ઇ આપડું જ ગોત્ર ને આપડું જ લોહી કેવાશે એની મા ભેળા જશે તો આપડો વંશ થોડો મટી જનારો હે...

"...આપડું લોહી હે એટલે આપુંને બધાને લાગણી હોય, ઇયે વાત હાચી હે. તો ભલે ઇ આપું કને આવે જાય દીકરી થૈને. આ આપડે થોડું કર્યું હે, ઇ તાં ભગવાને કર્યું હે. એમાં કોઇનો વાંક નથી. આપડા બધાના નસીબનો વાંક હે. એનું પરિણામ ઇ એકલીનેં ભોગવવાનું કાં કરેર્યાં.

"એક તાં બિચારીએ એનો જીવનસાથી ગુમાવ્યો હે એનું એને કેટલું દુઃખ હશે ઇ તને કે મને નીં હમજાય. ને ઉપરથી આપણે એના કાળજાંના કટકા જેવાં છોરાં લૈ લઇએ તો એની હાલત કેવી થાય? ઇ તું નિરાંતે વિચારજે. ઇ બિચારીનો તો પૂરો સંસાર... અરે સંસાર નીં, એની પૂરી જિંદગી જ ઊજડી જાય. ઇ એમ જીવી નીં હકે.

...જૈયેં આટલા વરથી આપડા બધાંના લાગણીના સંબંધ હે તો એને તોડવા ને ભૂલવા સહેલા નથી. દીકરી, ઇ બધું હું ભોગવી ચૂકી હૌં. એટલે જ તને હાથ જોડું રી. મને રાતની ઊંઘ નો'તી આવતી. મેં જલારામબાપાને પ્રાર્થના કરી તો બાપાએ કેધું જ્યોતિને તું કે. એટલે જ તને કૌંરી ને તારા કને આટલું માંગુરી. હવે એટલું તું કરાવી દે. પછી મારા છેલા દિ હોદી તારા કનેથી કાંય નીં માંગું."

રતનમાની વાત સાંભળી જ્યોતિ વિચારમાં પડી ગઈ.

એને થયું, "મારી માને ભગવાને કઈ માટીમાંથી ઘડી હે? આટલી ઊંચી ભાવના અને સંસ્કારવાળી મારી મા પોતે મનથી બહુ જ દુઃખી હે. પોતાના કરતાં બીજા હારું બૌ જીવ બાળેરી. **આપડાં કણબીમાં લોહીના સંબંધ કરતાં લાગણીના સંબંધ કંઇ કમ નથી,** ઇ મારી રતનમાએ સાબિત કરી દીધું. મારી મા જાણે પોતા હારુ નથી જીવતી, પણ બીજા હારું જીવે રીં."

જ્યોતિકાને થયું, "માની વાત છે તો હાચી. આટલી નાની ઉંમરે વિધવા થાય એને ખરેખર બીજાં લગ્ન કરવાં જ ખપે. **હથવારા વગર જન્મારો કાઢવો ઘણો ડોલચો થઈ પડે.** વડીલોની મર્યાદા અને પરિવારની લાગણીને લઇને લાગણીમાં આવીને કે બીજાં શું વાતું કરશે એ બીકે ભલે હમણાં કદાચ ના પાડે. ને લગ્નનો વિચાર માંડી વાળે. પણ ખરેખર તાં બંને પક્ષના માવતરોની ફરજ ઇ હે એને હમજાવીને બીજા લગ્ન કરાવવાં ખપે. અને આ ઘરથી લાગણી હોય તો મારી મા કેર્યાં એમ ભલેને દીકરી થઈને આ ઘરે પણ આવે જાય. આ તો કોઇ વ્યક્તિની ભૂલ કે વાંકથી કે જાણી જોઈને આ થોડું થ્યું હે. આ તો ભગવાને કર્યું હે.

જ્યોતિકાએ કહ્યું, "ભલે મા, તમે ચિંતા ન કરો. તમને વચન દૌંરી તમે કેર્યાં એમ જ થશે. હવે તમે બીજું કંઇ વિચાર્યા વગર હુઈ જાવ."

અને રતન પલંગમાં આડી પડી.

મા-દીકરીની વાત થયા પછી રતનને થોડી હળવાશ લાગી. એને શાંતિ થઇ ને એને ઊંઘ પણ આવી ગઈ. પણ જ્યોતિકાને ઊંઘ ન આવી. એ વિચારોએ ચડી ગઈ.

"હવે શું કરવું? આનો રસ્તો શો કાઢવો?" એને એની ફઇની વાત યાદ આવી. "અમે ક્યાં કૈયેર્યાં. ઇ ઊઠી જાય. ઇયાં રેશે તો આ માલ-મિલકતમાં એનો ભાગ હે ને આ છોરાં એનાં જ હે. ને જવું હોય તો છોરાં મૂકીને જાય."

જ્યોતિકાને થયું, "આપણે દીકરા અને દીકરીમાં કેટલો ભેદ રાખીયેંર્યાં? નૈં તો આ ઉંમરની મારા જેવડી મારી ભાભી માટે એમ ન જ કેવું ખપે કે 'એને કોણ કેર્યું ઊઠી જાય? ઇ નવું ઘર નીં કરે તોયે દુઃખી નીં થાય.' એમ કેર્યાં તૈયે એની જ પિસ્તાલી વરની (વર્ષની) કૌટુંબિક દેરાણી જતી'રી. તૈયે એમ કેર્યાં એના દેરનું ઘરગેણું કરાવવું હે. થોડું હલકું ભારે પાત્ર હશે તોય નિભાવશું. ગેઢપણમાં હથવારો તો ખપે નાં! તો આ બાઇમણને શું હથવારો ન ખપે? આવડી લાંબી જિંદગી હથવારા વગર કેમ કપાય?

એના દેર હારું તાં બે વરતી દોડધામ કરેર્યાં. જ્યાં વાવડ મલે ત્યાં ધોડેર્યાં. એના હારું આખો દેશ ખૂંદી નાખ્યો. ને આજ હાવ નાનકડી મારી ભાભી હારું એમ કેર્યાં "એને કોણ કેર્યું ઊઠી જાય? આ બધું એનું જ હે ને?" જ્યોતિકાને હમજણ ન પડી. "આમ દીકરા-દીકરી હારું લેવા-દેવાના કાટલાં જુદાં કાં રાખેર્યાં માહણ? આ તો પુરુષપ્રધાન સમાજનાં બધા નિયમો પુરુષોને અનુકૂલના જ હોયને? આ રીતે આજે મારી શારદાભાભી માટે આવું કોંક ભાઇમણ કે તો ઠીક પણ આ તો મારી ફઇયું બાઇમણું થઇને આવી વાતું કરે ઇ કેવું કહેવાય?

"આમ તો એના દેરનું કે ઇ ઉંમરના બીજા કોઈ પણ ભાઇમણનું ઘરગેણું કરવું કાંય ખોટી વાત નથી. જમાના પ્રમાણે ખરેખરતાં હરૂભરૂ કરાવ્યું જ ખપે. આવાં ઘરગેણાં કરાવ્યાં ખપે ઇ હાચું પણ કઇ બાઇમણ હાથે ઘરગેણું કરાવે? હામે જૈયેં આવા સંજોગો ઊભા થાય તૈયેં બાઇમણુંને પણ આ રીતનું પ્રોત્સાહન મળે તૈયેંને? પણ આપણી અભણ અને ગરીબ જેને ગૃહ જીવનની સાચી અનુભૂતિ જ નથી એવા - ખેતીમાં મજૂરી કરનાર સમાજમાં જો કોઈ આવી વાત કરવા જાય તો બધા એને તોડી નાખે. અને એવું કે "એનું ફરી ગ્યું હે કે શું હે? આ ઉંમરે જ્યાં છોરાં પૈણાવ્યા જેવડાં થૈર્યાં હે તૈયેં ઇ બીજે ઘરે થોડી જાય? અને એ એવું કરે તો છોરાંનું શું?

"અરે છોરાં તાં હવે બધું હમજેર્યાં. ને છોરાંને વાંધોય

નથી. તૈયેં તાં શેંરમાં ભણેલાં ને સુધરેલાં પરિવારોમાં હવે ક્યાંક એવું બનેર્યું કે એકલાં પડી ગયેલાં મા-બાપને ગેઢપણમાં હથવારા હારું એને એનાં પૈણેલાં છોરાં જ હથવારો ગોતી દઈ બધું ગોઠવી દેર્યાં.''

જ્યોતિકાને યાદ આવ્યું. થોડા સમય પહેલાં પેપરમાં આવો જ બનાવ વાંચ્યો તો તૈયેં થોડું વિચિત્ર લાગતું'તું. પણ જૈયેં આપેં વાસ્તવિક્તાની નજીક જૈયેંર્યા તૈયેં જ એની ગંભીરતા અને જરૂરિયાત હમજાયરી. ખરેખર એવા નિર્ણય લેતા દીકરા દીકરીયુંને ધન્યવાદ દેવાં ખપે.

**આપડામાં પુનર્લગ્નની છૂટ હે, રિવાજ હે ઇ હાચું પણ જે રીતનું પ્રોત્સાહન દેવું ખપે એ રીતથી પ્રોત્સાહન નથી દેવાતું.** એકલડોકલ કોઇ વ્યક્તિ આવું કરવા પ્રયત્ન કરે તો એને ગાંડામાં ખપાવી નાખે. નહિ તો મારા હાહરાવાળા પરિવારમાં હમણાં જ બે બનાવ બન્યા હતાં કે માધાબાપાના પિસ્તાલી વરના દીકરા લાલજીકાકા ગુજરી ગ્યા. ને એક વર્ષ પછી એના ભાઈ નથ્થુબાપાનાં ઘરમાં એકતાલી વરના એક વહુ શાન્તાકાકી ગુજરી ગ્યાં. આ રીતે એક બાજુ ભાભી હથવારા વગરના થૈર્યાં ને હામે એનો કાકાઈ દેર હથવારા વગરના થૈર્યાં. તો આ પરિવારનું કેવું સરસ મર્જર થઈ હક્યું હોત.'' એને યાદ આવ્યું કોઈ વાત કરતું હતું. તે વખતે જ્ઞાતિ બહારના પણ એની બેઠકના એક ભણેલ ગણેલ ને સુધારાવાદી ભાઈએ ''આમ ગોઠવો તો સરસ ગોઠવાય'' એવા પોતાના વિચાર રજૂ કર્યાં તો એને આ બાબતે મગજમારી ન કરવા કહ્યું ને તમને અમારી સમાજની ખબર ન પડે કહી એને ડછોડછ કરી અપમાનિત કર્યા. પણ આ વાત ગંભીરતાથી જો વિચારી હોત તો બે ખંડિત પરિવારમાંથી એક પૂર્ણ, સુખ, શાંતિ અને સંતોષવાળો સુરક્ષિત પરિવાર બની ગયો હોત.

બેયને ગેઢપણનો હથવારો મલી ગ્યો હોત. ઓશિયાળાપણું મટી ગયું હોત. એકબીજાને હૈયાનો હિલો ઠાલવવાનું ઠેકાણું મળી ગ્યું હોત. અને એથીય વિશેષ સારા માઠા દિવસોમાં માથું મૂકીને રડવાનો ઘરનો ખભો મલી ગ્યો હોત.

''આ તો એક જ પરિવારનું હતું. પણ ક્યાંક આવું બને અને બંને જુદા પરિવાર હોય તોય થતું હોય તો આવું કરવું જ ખપે. અરે પરિવારે કે સમાજુંએ આવું કરાવવું ખપે. આ એક પ્રકારે પુન્યનું કામ કેવાય.'' નાની ઉંમરની જ્યોતિકાની સોચ બિલકુલ જમાનાને અનુરૂપ હતી. અને એ એના બાહ્ય વાંચનના શોખને આભારી હતી.

સંસ્કૃતિથી હટી, રૂઢિચુસ્તતાની પરંપરાઓ તોડીને કંઈક નવું કરવાનું હોય તો એકલદોકલ વ્યક્તિ હિંમત ન કરી શકે. અને કોઇ હિંમતવાળું એવું કાંઈ કરવા જાય તો પ્રજા એને એમ ન સ્વીકારે. એને થૂ થૂ કરી નાખે. એને નિષ્ફળતા અને નિરાશા જ સાંપડે. **ત્યારે દૂરંદેશી આગેવાનોએ આવાં કામ એમના એજન્ડામાં લેવાં જોઇએ અને જ્ઞાતિના રીત-રિવાજો અને નિયમોનું સમયે સમયે રિનોવેશન કરાવવું જોઈએ.**

કોઈ પણ કામ સફળ બનાવવું હોય તો એને કોઈ પણ સ્ટેજ ઉપરથી રજૂ કરવું પડે. એમાંય ધર્મગુરુ દ્વારા ધાર્મિક ગાદીના સ્ટેજથી મૂકેલી વાત જલદી અને સરળતાથી સ્વીકારાય. છતાંય સામાજિક રિવાજની વાત હોય ત્યારે આવાં કામ સમાજ લેવલથી થાય તો પણ અવશ્ય સફળ થાય.

જ્યોતિકાએ વિચાર્યું, ''**આના માટે સમાજમાં મહિલા કાર્યકરોની આગેવાનીમાં પુનર્લગ્ન કમિટી બનાવવી ખપે.** અને એની આગેવાનીથી આ કામ થાય તો કોઈ ટીકા ન કરે. મહિલાને સમજાવી તેના મગજમાં વાત બેસાડવાનું કામ મહિલા જ કરી શકે. નહીં તો કોઈ પણ સમાજમાં કોઈ પણ નવા પગલાંની કે નવી રીતની કે સુધારાની ટીકા થવાની જ. જેમજેમ સમય બદલાય ર્યો તેમ ભણતર અને આર્થિક સધ્ધરતાને લઇને જીવનશૈલી બદલાય ઇ સ્વાભાવિક હે. **આવા સમયે આપડે આપડું જડપણું છોડી બદલાવને આવકારવો જોઈએ અને દરેક જ્ઞાતિએ પોતપોતાના રિવાજો બદલવા જોઈએ.** સંસ્કૃતિથી હટીને કેટલીક પરંપરાઓ તોડવી પડે અને જ્યાં આવા પ્રયોગો ન થાય ત્યાં કાં તો વિદ્રોહ થાય ને કાં તો બહારથી અકબંધ દેખાતી સંસ્કૃતિ અને સંસ્કારો અંદરથી બોદા થઈ જાય. તેને દંભ રૂપી ઊધઈ અંદરથી ખલાસ કરી નાખે. પરિણામે અંદરથી ઘણું-બધું પોલાણ થઈ જતું હોય છે. બહારથી ભલે એ ન દેખાતું હોય, એ સંસ્કૃતિ અને સંસ્કારોથી અકબંધ દેખાતો મહેલ ક્યારે કડડભૂસ થાય એ કંઈ ન કહેવાય. એટલે જ જ્ઞાતિના આગેવાનોએ સમયસૂચકતા વાપરી જમાનાને અનુરૂપ બદલાવ લાવવો પડે. એ બદલાવને સામાજિક સ્વરૂપ આપવું જોઈએ.

— જ્યોતિકા, તારા મગજના ક્રાંતિચારી વિચારો તારા ભણતર અને વાંચનનું પરિણામ હશે, પરંતુ ખાલી વિચારો કરવાથી કંઈ ન વળે. વિચારોને અમલમાં મૂકાવી પરિણામ લાવવું પડે. જ્યોતિકા, એવા જ એક પરિણામ માટે તારી હવે કસોટી થશે. જ્યોતિકા, વિચારવું અને વાતો કરવી એક બાબત હે, જ્યારે હિંમતપૂર્વક અમલ કરવો અને કરાવવો બીજી બાબત હે. જોઈએ, હવે તું કેવી હિંમત કરી તારી ભાભીના ભવિષ્ય અને લાગણી માટે શું કરી હકોરીં? ઇ સમય જ કેંશે.

— ના, હું એમ નીં બીઉં. મારા મનનું ને મારું ધાર્યું કરીને જ રૈશ.

આવા વિચારો કરતાં-કરતાં એની આંખ મળી ગઈ.

*(ક્રમશઃ)*

# આંજો કાગર

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વયસ્ક સમિતિ

### 'મંગલ મંદિર'માં પ્રકાશિત થયેલા પત્રનો પ્રત્યુત્તર

'મંગલ મંદિર'ના માસ ફેબ્રુઆરી-૨૦૧૯ના અંકમાં પ્રકાશિત થયેલ ભાઈશ્રી નીતિન સંઘવીના પત્રમાં જણાવેલ સજેશન આવકારદાયક છે. વધુમાં, પત્રની વિગતથી એવું જણાય છે કે તેઓ વયસ્ક સમિતિના કાર્યક્રમમાં ક્યારેક જ આવતા હોય છે. સિનિયર સિટીઝન દ્વારા અત્યાર સુધી એટલે કે તા. ૨૫-૩-૨૦૦૬થી તા. ૧૮-૧૨-૨૦૧૮ – લગભગ ૧૨ વર્ષ દરમિયાનના કુલ ૨૯ જેટલા કાર્યક્રમો પૈકી ૨૫ કાર્યક્રમોમાં અલગ અલગ કલાકારોના ગ્રુપને આમંત્રિત કરવામાં આવ્યા હતા. (કલાકારોની વિગત જોઈએ તો આ સમિતિનો સંપર્ક કરીને મેળવી શકાય છે.) આમાં ઉચ્ચ શ્રેણીના કલાકારો પણ સામેલ છે. જેમના કાર્યક્રમ કરવા સામાન્ય રીતે ૧થી ૨ લાખ રૂપિયાનો ખર્ચ થાય. જેમાં ચેતન વ્યાસ, કલ્પેશ વ્યાસ અને રાજેશ પરીખ જેવા કલાકારો રિપિટ હતા એટલું જ. બીજી વાત, વિના મૂલ્યે યોજાતા કાર્યક્રમમાં અમુક લોકો વાતોના ગપગોળા હાંકીને કલાકારોનું સન્માન જાળવતા નથી. આમાં સમિતિ શું કરે? એવી રીતે હાઉસી રમતનો સમય ૩.૩૦નો હતો પરંતુ સભ્યોની હાજરીના અભાવે તે રમત ત્યારબાદ શરૂ થઈ. તે સાથે, અન્ય કાર્યક્રમ પણ આગળ ધપાવવાનો હતો. આ મુદ્દામાં પણ સમિતિ શું કરે – જ્યાં સભ્યો જ સમયસર આવે નહીં.

તેમનું અન્ય સજેશન વક્તૃત્વ સ્પર્ધા અને નિબંધ હરિફાઈ અંગેનો છે. જણાવતા દુઃખ થાય છે કે બાલ સમૃધ્ધિ સમિતિ તરફથી બાળદિન નિમિત્તે દસ-દસ વિષયો આપીને અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં નિબંધ હરિફાઈ રાખવામાં આવેલ હતી. ૬૦ દિવસમાં સમાજના લગભગ ૨૫૦૦ વિદ્યાર્થીઓમાંથી માત્ર પાંચ નિબંધો મળ્યા છે. આ સંજોગોમાં વડીલો માટે આવી સ્પર્ધા કેટલી યોગ્ય છે? શરૂમાં, સમિતિ તરફથી તા. ૮-૧-૨૦૧૦ અને તા. ૧૭-૪-૨૦૧૦ના રોજ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન થયું જ હતું. માત્ર ૫-૬ વડીલોએ ભાગ લીધો હતો. કાર્યક્રમ ૧૫ મિનિટમાં પૂરો થઈ ગયો. સમિતિએ આ ઉપરાંત વિવિધ કાર્યક્રમો યોજ્યા છે. જેમાં વિવિધ તીર્થોની યાત્રા, પિકનિક, વિદેશ પ્રવાસ, હાસ્ય કલાકારનો કાર્યક્રમ, મેજિકનો કાર્યક્રમ, લોક-સાહિત્ય, પેપર કટિંગ કાર્યક્રમ, ફિલ્મ શો, ઈસરોની મુલાકાત, વિવિધ વિષયોના તજજ્ઞોના પ્રવચન... આમ વિવિધતા જાળવવા વિવિધ પ્રકારના કાર્યક્રમો આપવા હંમેશાં પ્રયાસ કર્યો છે. સમિતિના લોકો તન, મન અને ધનથી કાર્યો કરે છે. સમિતિના સભ્યો પોતે જવાબદારી લઈને કામ કરે છે. તેમાં કોઈ ઉપકારની ભાવના નથી. પરંતુ પત્ર લખનારે પોતાની જાતને અમારી જગ્યાએ ગોઠવી હોત તો સમિતિના કાર્યક્રમોને ચોક્કસ ન્યાય મળી શકે એમ સભ્યોને લાગે છે.

સમાજ અને સમિતિનો મુખ્ય ઉદ્દેશ્ય વડીલો આજના ઘૂંટાતા ઘરના વાતાવરણથી દર મહિને બહાર નીકળી જીવન જીવવાનો આનંદ મેળવે તે છે. વળી, કાર્યક્રમોમાં ભાગ લેનાર સભ્યોની સંખ્યા પરથી ચોક્કસ કહી શકાય કે સમિતિ તેના ધ્યેયમાં સફળ થઈ છે.

*રજનીકાંત ધરમશી પારેખ*

*કન્વીનર, વયસ્ક સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## કેટલા રૂપિયાદાર છો એ મહત્ત્વનું નથી, આબરૂદાર કેટલા છો એ મહત્ત્વનું છે

૧. કેટલું ખાવ છો એ મહત્ત્વનું નથી,
કેટલું પચાવો છો એ મહત્ત્વનું છે.

૨. કેટલું જીવો છો એ મહત્ત્વનું નથી,
કેવું જીવ્યા એ મહત્ત્વનું છે.

૩. કેટલું બોલો છો એ મહત્ત્વનું નથી,
કેટલું સાચું બોલ્યા એ મહત્ત્વનું છે.

૪. કેટલું વાંચ્યું છે એ મહત્ત્વનું નથી,
કેટલું સમજ્યા છો એ મહત્ત્વનું છે.

૫. કેટલું કમાયા છો એ મહત્ત્વનું નથી,
કેટલું દાન કર્યું એ મહત્ત્વનું છે.

૬. કેટલું વાવો છો એ મહત્ત્વનું નથી,
કેટલું લણો છો એ મહત્ત્વનું છે.

૭. કેટલું ફર્યા છો એ મહત્ત્વનું નથી,
કેટલી જાત્રા કરી એ મહત્ત્વનું છે.

૮. કેટલું ભણ્યા છો એ મહત્ત્વનું નથી,
કેટલું ગણ્યા છો એ મહત્ત્વનું છે.

૯. કેટલું રળ્યા છો એ મહત્ત્વનું નથી,
કેવી રીતે રળ્યા છો એ મહત્ત્વનું છે.

૧૦. કેટલું સાંભળો છો એ મહત્ત્વનું નથી,
શું સાંભળ્યું એ મહત્ત્વનું છે.

**૧૧. કેટલી કથાઓમાં ગયા એ મહત્ત્વનું નથી,
આચરણ કેટલું કર્યું એ મહત્ત્વનું છે.**

૧૨. કેટલી સલાહ આપી એ મહત્ત્વનું નથી,
સહાય કેટલી કરી એ મહત્ત્વનું છે.

૧૩. કેટલા મકાનો છે એ મહત્ત્વનું નથી,
સહાય કેટલી કરી એ મહત્ત્વનું છે.

૧૪. કેટલા કામ કર્યા એ મહત્ત્વનું નથી,
સત્કર્મો કેટલા કર્યા એ મહત્ત્વનું છે.

*– પી. એમ. પરમાર*

*ફૂંક મારીને દીવાને ઓલવી શકાય, અગરબત્તીને નહીં.
જે સુગંધ ફેલાવે છે તેને કોઈ ઓલવી શકતું નથી.*

ટિપ્સ

# ઘર ઉપયોગી વાતો – ટિપ્સ



નજમા ગોલીબાર

રસોડામાં કામ કર્યા પછી રસોડું અને રસોડામાં વપરાતા સાધનો ખરાબ ન થાય એ માટે અહીં કેટલાક કુદરતી ક્લિનરની જાણકારી આપવામાં આવી છે, જેનાથી રસોડું અને એમાં વપરાતા સાધનો ચોખ્ખાચટ રહેશે.

● **ઑવન સાફ કરો સૉસથી :**

ઑવનમાં ખાવાનું બનાવતી વખતે ખાવાના અમુક કણ એમાં ચોંટી જાય છે. એને સાફ કરવા માટે ઑવનને થોડું ગરમ કરો અને પછી બંધ કરીને એ ડાઘ - ધબ્બા પર સૉસ લગાવો. એ પછી હલકા હાથે સ્ક્રબ કરો અને પછી પાંચ મિનિટ માટે એને એમને એમ છોડી દો. હવે એક સાફ - સુતરાઉ કપડાંથી ડાઘને સાફ કરો. એ જ રીતે સ્ટીલના કોપર પ્લેટે વાસણોમાં કાળા પડી ગયેલા તાંબાના ભાગને સાફ કરવા માટે તમે ટોમેટો સૉસનો ઉપયોગ કરી શકો છો. એનાથી વાસણો ચમકી ઊઠશે.

● **કાટ દૂર કરો મીઠા - નમકથી :**

વાસણ માંજવાવાળા સ્પંજ પર થોડુંક મીઠું છાંટો. હવે એનાથી કૉફી મગ, કાચના વાસણો પર લાગેલા ડાઘ સાફ કરો. વાસણો ચમકી ઊઠશે. કડાઈને માંજ્યા પછી અડધો કપ મીઠું લઈને એને વાસણમાં નાખીને બ્રશથી સાફ કરો. એ પછી સાફ કપડાંથી સારી રીતે લૂછી નાખો. આ કડાઈ પર કોઈપણ વેજિટેબલ ઑઈલનો એક પાતળો કોટ લગાવો. હા, એ પછી એનો ઉપયોગ કરતાં પહેલા સારી રીતે સાફ જરૂર કરી લો.

● **ટુથપેસ્ટથી કરો દીવાલને સાફ :**

ઘરની દીવાલો જો ગંદી હોય તો તમે થોડા પ્રમાણમાં નોન-જેલ ટુથપેસ્ટ લો અને એને ડાઘ-ધબ્બાવાળી જગ્યા પર લગાવો અને હલકા હાથથી એની પર ઘસો. એ પછી પાણીથી એ જગ્યાને સાફ કરો. એ ધ્યાન રાખો કે તમારા ઘરનો પેઈન્ટ વોશેબલ – ધોવાય એવો હોવો જોઈએ. નૉન જેલ ટુથપેસ્ટનો ઉપયોગ બાથરૂમ સિંકને સાફ કરવામાં પણ કરી શકાય છે.

● **સંતરાની છાલથી ડાઘ દૂર કરો :**

સંતરાની છાલથી વાસણમાં પડેલા સફેદ ડાઘ અથવા સિંકના ડાઘ સહેલાઈથી હટાવી શકાય છે. બસ, ડાઘ પર છાલને સહેજ ઘસી નાખો.

● **સાફ કરો ફ્રિજની ગંદકી :**

જો તમારા ફ્રિજને સફાઈની બહુ જરૂરત હોય તો એમાં તમારી મદદ કરી શકે છે લીંબુ. કૉટન બોલ્સને લીંબુના રસમાં ડુબાડો અને એને ફ્રિજમાં થોડાક કલાક માટે આમને આમ મૂકી દો. ફ્રિજમાં લાગેલા ડાઘ-ધબ્બાને દૂર કરવા માટે લીંબુના બે ટુકડા કરી નાખો અને પછી એ કપાયેલા ભાગ પર થોડું મીઠું લગાવીને ડાઘવાળી જગ્યા પર ઘસો. આવું કરવાથી ડાઘ-ધબ્બા પણ દૂર થઈ જશે અને લીંબુના રસને કારણે ફ્રિજમાંથી આવતી ગંધ પણ ખતમ થઈ જશે.

★ જો વોશબેઝિન પીળું પડી ગયું હોય તો એને ટર્પેન્ટાઈન અને મીઠાના મિશ્રણથી સાફ કરો. થોડીકવાર પછી એને ગરમ પાણીથી ધોઈ નાખો.

★ સૂપને વધારે સ્વાદિષ્ટ બનાવવા માટે સૂપમાં ક્રીમ, દૂધ અને થોડો ટામેટો સૉસ નાખો.

★ ગુલાબજાંબુને નરમ અને ફૂલેલા બનાવવા માટે ગુલાબજાંબુની સામગ્રીને દસ મિનિટ સુધી પ્રેશર કૂકરમાં પકાવી લો અને પછી બનાવો.

★ રસોડામાં ફટકડીનો ધુમાડો કરવાથી ત્યાં ગરોળી નહીં આવે.

★ જો જમીન પર શાહીના ડાઘ પડી ગયા હોય તો એની પર દૂધ નાખીને કપડાંથી ઘસો અને પછી ભીના અને સૂકા કપડાથી લૂછો.

★ કારેલાની છાલને સૂકવીને દાળ અને ચોખાના ડબ્બામાં મૂકી દો. એનાથી અનાજમાં જીવાત નહીં પડે.

★ દહીંવડા મુલાયમ બનાવવા માટે અડદની દાળમાં થોડો મેંદો મેળવો.

★ કપડાં પર શાકના રસાના ડાઘ પડી જાય તો એની પર થોડું ગ્લિસરીન નાખીને ઘસી નાખો. એ પછી ઠંડા પાણીથી ધોઈ નાખો.

★ ફૂલદાનીમાં ફૂલ લગાવતાં પહેલા પાણીમાં એક ચમચી કોલસાની ભૂકી નાખી દો. એનાથી પાણી બદલ્યા વગર જ ફૂલ ઘણા દિવસ સુધી તાજા રહેશે.

*ગોલીબાર પબ્લિકેશન્સ, કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ,*
*એશિયન પેઇન્ટ્સ ગોડાઉનની બાજુમાં,*
*બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫.*
*ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

સોશિયલ મીડિયા – એક સમસ્યા

## બાળકોના માનસિક વિકાસ માટે તેને માતૃભાષામાં જ શિક્ષણ આપવું જોઈએ

### ૨૧મી સદીમાં પડકારો અને તકોની સાથે માનવ વિકાસ વિશે એમ.એસ. યુનિવર્સિટીમાં સેમિનાર

મોટાભાગના વાલીઓ પોતાના બાળકોને અંગ્રેજી મિડિયમ શાળામાં ભણાવવાનો આગ્રહ રાખે છે. પરંતુ બાળકનો વિકાસ જેટલો માતૃભાષામાં થાય તેટલો અન્ય ભાષામાં શિક્ષણ લેવાથી થતો નથી. અન્ય ભાષામાં શિક્ષણ લેવાથી બાળકોની ક્રિએટીવિટી રુંધાય છે, જે આજે સમાજની મુખ્ય સમસ્યા છે. એમ, દિલ્હીની જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના પ્રો. અજિત મોહંતીનું કહેવું છે.

એમ.એસ. યુનિ.ના હ્યુમન ડેવલપમેન્ટ એન્ડ ફેમિલી સ્ટડીઝ વિભાગ દ્વારા '૨૧મી સદીમાં પડકારો અને તકોની સાથે માનવ વિકાસ' વિશે ત્રિ-દિવસીય આંતરરાષ્ટ્રીય સેમિનારનું તાજેતરમાં આયોજન કરાયું હતું. જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, કર્ણાટક સહિત અમેરિકા, ન્યુઝીલેન્ડ અને નેપાળથી ૧૫૦ વિદ્યાર્થીઓ સાથે વક્તાઓ આવ્યા હતા. હ્યુમન ડેવલપમેન્ટ એન્ડ ફેમિલી સ્ટડીઝ વિભાગના પ્રો. શગુફા કાપડિયાએ કહ્યું કે, ભારતમાં અત્યારે ટેકનોલોજીકલ અને સોશિયલ મિડિયાના વધુ પડતા ઉપયોગની સાથે બાળઉછેર અને કુટુંબ માળખાની સમસ્યા પડકારરૂપ બની છે. તેના નિરાકરણ અને ઉપાય માટે આ સેમિનારનો હેતુ છે.

જે.એન.યુ.ના પ્રો. અજિત મોહંતીએ પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું કે, ભારતમાં ગરીબી ત્યારે જ દૂર થશે જ્યારે લોકો એકબીજા પર આધારિત ન બનીને સંશોધનોનો ઉપયોગ કરીને સ્વાવલંબી બનશે. સરકાર જે ટેક્સ તરીકે નાગરિકો પાસેથી પૈસા લે છે તેનો ઉપયોગ લોકોના વિકાસ માટે કરવો જોઈએ તેને બદલે તેઓ મત મેળવવા કરી રહ્યા છે. અમેરિકાથી આવેલા લોવા સ્ટેટ યુનિવર્સિટીના પ્રો. પીટર માર્ટીને જણાવ્યું કે, એક તરફ સોશિયલ મિડિયા મોટા પ્રમાણમાં યુવાનોને જોડી રહ્યું છે તો બીજી તરફ યુવાનોને એકલતામાં પણ ધકેલી રહ્યું છે. હાવભાવથી જે લાગણીઓ દર્શાવી શકાય તે સોશિયલ મિડિયામાં આવતી ઈમેજથી દર્શાવી શકાતી નથી. ફક્ત ભારત જ નહીં અમેરિકામાં પણ સોશિયલ મિડિયા માતા-પિતા માટે ચિંતાનો વિષય બન્યો છે.

*ટાઈટેનિકની ચીમનીઓ એટલી મોટી હતી કે તેમાંથી બે ટ્રેઈન પસાર થઈ શકે.*

## ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી દ્વારા વિદેશની ધરતી પર ભારતીય સંસ્કૃતિનો પાયો નાખીને જૈન દર્શનના પ્રચાર પ્રસારનું કાર્ય કરનાર ભારતીયોનું સન્માન

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉપપ્રમુખ તેમજ ગૂર્જર સાહિત્ય પ્રકાશન પરિવારના મનુભાઈ શાહના અતિથિ વિશેષ પદે કાર્યક્રમનું આયોજન થયું

અમેરિકામાં ભારતીય સંસ્કૃતિ અને જૈન દર્શનની જાળવણી માટે અપ્રતિમ યોગદાન આપ્યું છે તેવી વ્યક્તિઓને ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી દ્વારા ચાર મહાનુભાવોને લાઇફટાઇમ એચિવમેન્ટ ઍવોર્ડ એનાયત કાર્યક્રમનું આયોજન તાજેતરમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં વિનોદ કપાસી, નરેશ શાહ, ડૉ. મણિભાઈ મહેતા અને પ્રવીણભાઈ શાહનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ અને મનુભાઈ શાહ (ગૂર્જર પરિવાર) ઉપસ્થિત રહ્યા હતા. આ ઍવોર્ડ વિશે વાત કરતા કુમારપાળ દેસાઈએ કહ્યું કે, અપૂર્વ વિદ્યાનિષ્ઠા અને ધર્મનિષ્ઠાથી કામ કરીને આ ચાર મહાનુભાવોએ યુવાન વયે વિદેશમાં જઇને જીવન સંઘર્ષોનો સામનો કરીને વિદેશમાં જૈન ધર્મનો બહોળો પ્રચાર કરવાનું કામ કર્યું છે. ધર્મનું જ્ઞાન મળે તો વ્યક્તિનું આત્મકલ્યાણ થાય છે. આ ચારેય વ્યક્તિઓએ વિદેશની ધરતી પર ભારતીય સંસ્કૃતિનો પાયો નાખીને જૈન ધર્મનું જ્ઞાન વિદ્યાર્થીઓ અને ત્યાં વસતા ભારતીય લોકો સુધી પહોંચાડીને તેને વ્યવહારિક જીવનમાં ધર્મના જ્ઞાનનો ઉપયોગ કેવી રીતે કરવો તેની સમાજના લોકોને ઝાંખી કરાવી છે. બ્રિટનમાં ધાર્મિક, સાહિત્યિક, સામાજિક કાર્ય કરવા બદલ વિનોદ કપાસીને બ્રિટનના મહારાણી દ્વારા ઓ.બી.ઇ.નો ઍવોર્ડ આપવામાં આવ્યો હતો. જ્યારે ડૉ. મણિભાઈ મહેતાને 'જૈના'ના પ્રમુખ તરીકે તેમજ જૈન સેન્ટર ફોર સધર્ન કેલિફોર્નિયાના અગ્રણી તરીકે યશસ્વી કામ કર્યું છે તેમજ તેઓ દર વર્ષે ગુજરાતના કચ્છમાં ડૉક્ટર તરીકે વિનામૂલ્યે સેવા આપીને માનવસેવાનું કાર્ય કરવા માટે ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. અમેરિકામાં 'જૈના' ઇ-લાઇબ્રેરી દ્વારા બે લાખ પુસ્તકો ઓનલાઇન મૂકીને જૈન ધર્મનું જ્ઞાન આપવાનું કાર્ય કરવા બદલ પ્રવીણ શાહને ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. નરેશભાઈ શાહને ન્યુયોર્કમાં જૈન સેન્ટરમાં મહત્ત્વની કામગીરી કરીને વિદ્યાર્થીઓને સંસ્કાર તેમજ જૈન ધર્મની પ્રાથમિક જ્ઞાનની જાણકારી આપવાનું કાર્ય કરવા બદલ ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સાહિત્યકારો તેમજ બીજા લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદના પ્રાચીન જિનાલયો – (૫)

## હાજા પટેલની પોળના જિનાલયો : ૯

★ **શ્રી સુમતિનાથ જિનાલય, પીપરડીની પોળ :** જે પ્રતિમાજીમાંથી અવારનવાર વાસક્ષેપ ઝરે છે તેવી શાંતિનાથ ભગવાનની ચમત્કારિક પ્રતિમાજી ભોંયરામાં બિરાજે છે તેવી સાધના સ્થળી છે.

★ **શ્રી આદેશ્વર જિનાલય, પાછીયાની પોળ.**

**શ્રી અજિતનાથ જિનાલય, પાછીયાની પોળ :** ૭ ગૃહ જિનાલય, ૨ ઘુમ્મટબંધી જિનાલયના મૂળનાયક જ્યાં એક જ જિનાલયમાં બિરાજે છે, તેવું ૪ ગર્ભગૃહ, ૯ મૂળનાયકજી ધરાવતું અતિ પ્રાચીન તથા વિશાળ પરિસર ધરાવતું ભવ્ય જિનાલય જ્યાં કલરકામ તથા કાષ્ઠની ભવ્ય કલા જોવા મળે છે.

★ **શ્રી સંભવનાથ જિનાલય, ખારાકુવાની પોળ :** ખારા પથ્થરની ભવ્ય કોતરણીની કલા મનમોહક છે. કાચની કલાથી સમૃદ્ધ કોટવિસ્તારનું વિશાળ ભવ્ય જિનાલય.

★ **શ્રી શ્રેયાંસનાથ જિનાલય, ટંકશાળ :** હરકુંવર શેઠાણીના સંકલ્પથી માત્ર ૬૭ દિવસમાં બનેલું પોળનું સર્વપ્રથમ શિખરબંધી જિનાલય. ખારા પથ્થરમાં બનેલા આ જિનાલયમાં ઘુમ્મટ - જાળી આદિમાં ભવ્ય કલા જોવા મળે છે. ત્રણ બાજુ પગથિયા આદિ રચના સુંદર છે.

★ **શ્રી મહાવીરસ્વામી જિનાલય. શ્રી સુપાર્શ્વનાથ જિનાલય - રામજી મંદિરની પોળ :** મહાવીર જન્મ વાંચનના દિવસે સમગ્ર અમદાવાદના લોકો ૫ મહાવીર સ્વામીના દર્શને પોળમાં પધારે છે. તેમાંથી એક મહાવીર સ્વામીનું જિનાલય.

★ **શ્રી શાંતિનાથ જિનાલય, શાંતિનાથની પોળ :** અદ્વિતીય દેવાંગનાઓ, ગોખલા, તોરણ, ઘુમ્મટ, બારશાખ, પાટમાં ભવ્ય રચનાઓ આ જિનાલયમાં છે. પોળ વિસ્તારનું વર્તમાનમાં અદ્વિતીય - સર્વશ્રેષ્ઠ કાષ્ઠકલા ધરાવતું જિનાલય છે.

★ **શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જિનાલય, શાંતિનાથની પોળ :** પોળની મધ્યમાં સન્મુખ આવેલું ઘુમ્મટબંધી ભવ્ય જિનાલય છે. ભોંયરામાં ભવ્ય પ્રતિમાજી બિરાજે છે તેવું સાધના સ્થળ છે.

★ **શ્રી ચંદ્રપ્રભુસ્વામી જિનાલય, શાંતિનાથની પોળ :** સંગેમરમરમાં સમવસરણની રચનામાં અષ્ટાપદજીની ભવ્ય રચનાવાળું ભોંયરાવાળું જિનાલય છે. જિનાલયના મુખ્ય દરવાજા પર સરસ્વતી દેવીની કૃતિ ખારા પથ્થરમાં મનમોહક છે.

## દેવસાનો પાડો - રતનપોળના જિનાલયો : ૧૦

★ **શ્રી પાર્શ્વનાથ જિનાલય, દેવસાનો પાડો :** તમામ પ્રાચીન વિશિષ્ટ તીર્થોના પટ્ટ ધરાવનાર મૂળનાયક અભિનંદન સ્વામી તથા ધર્મનાથ ભગવાનનું જિનાલય.

★ **શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય, દેવસાનો પાડો :** મનોરથોને પુરનાર. કલીકાલ કલ્પતરૂની પ્રાચીન પ્રતિમાજીની સાથે ગર્ભગૃહમાં વિશિષ્ટ પ્રતિમાજીની શ્રેણી ધરાવનાર જિનાલય છે તથા તેમાં કાળ ભૈરવનો ગોખલો છે. બે હાથ જોડેલી રાજાની અતિ પ્રાચીન મૂર્તિ ગર્ભગૃહમાં છે.

★ **શ્રી પાર્શ્વનાથ ગૃહ જિનાલય, દેવસાનો પાડો :** ત્રણ પ્રકારના રત્નોની પ્રતિમાજી આ જિનાલયમાં બિરાજે છે.

★ **શ્રી શાંતિનાથ જિનાલય, દેવસાનો પાડો :** ભોંયરામાં ૭૧ ઇંચના પ્રાચીન મૂળનાયક શાંતિનાથ ભગવાન ધરાવતું અમદાવાદનું એકમાત્ર જિનાલય જ્યાં વારંવાર શાંતિનાથ પ્રભુજીને અમીઝરણાં થાય છે તથા અનેક ચમત્કારો થાય છે. સાધકો માટે અનન્ય સાધના ભૂમિ છે.

★ **શ્રી શામળા પાર્શ્વનાથ જિનાલય, દેવસાનો પાડો :** શાંતિદાસ ઝવેરીના જિનાલયના ચાર મૂળનાયકમાંથી એક મૂળનાયક પાર્શ્વનાથ પ્રભુજી અહીં બિરાજે છે. તથા ભોંયરામાં ચમત્કારિક આદિનાથ પ્રભુ બિરાજે છે. સાધના માટે અનન્ય સ્થળ છે. જિનાલયમાં સંગેમરમરની કલા મનમોહક છે. સમગ્ર અમદાવાદમાં એકમાત્ર આ જિનાલયમાં રંગમંડપમાં સૂર્યના ૧૨ અવતારના વિશાળ સ્વરૂપ બિરાજે છે.

★ **શ્રી શાંતિનાથ જિનાલય, દાદા સાહેબની પોળ :** પ્રાચીન પ્રભુ પ્રતિમાજીનો ભવ્ય દરબાર બિરાજે છે. ભવ્ય કલરકામવાળો વિશાળ રંગમંડપ - છતોમાં સુંદર કોતરણી તથા વિશાળ ગુરૂમંદિર ધરાવતું જિનાલય.

★ **શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલય, ગોલવાડ, રતનપોળ :** આ જિનાલયમાં અદ્‌ભુટ પટ્ટની કલાના દર્શન - વિશિષ્ટતમ રચના છે.

★ **શ્રી આદેશ્વર જિનાલય, નગીના પોળ, રતનપોળ :** વિશિષ્ટ કોતરણીવાળું ગર્ભગૃહમાં કતારબંધ પ્રભુ પ્રતિમાજી ધરાવતું ભવ્ય જિનાલય છે.

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ***

*આંખો બંધ કરવાથી મુસીબત જતી નથી*
*અને મુસીબત આવ્યા વિના આંખ ઊઘડતી નથી.*

## વેસ્ટ ગ્લાસને રિસાઇકલ કરીને કોંક્રિટ તૈયાર કરાશે

એસ.ડી. સ્કૂલ ઑફ કોમર્સ ગુજરાત યુનિવર્સિટી દ્વારા 'એન્ટરપ્રિનિયોરશિપ કોન્કલેવ - ૨૦૧૮'નું આયોજન કરાયું હતું. આ કોન્કલેવમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે રાજ્યના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રીમાબેન નાણાવટી, ઇ.ડી.આઈ.ના ડાયરેક્ટર સુનીલ શુક્લા અને ગુજરાત યુનિ.ના કુલપતિ હિમાંશુ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. આ કોન્કલેવમાં ૮૭૦ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત ઘાના, સાઉથ આફ્રિકા, ઇરાક અને અફઘાનિસ્તાનમાંથી પણ સ્ટુડન્ટ્સ આ કોન્કલેવનો ભાગ બન્યા હતા. અમદાવાદ અને ગાંધીનગરની કોલેજના ૩૦ વિદ્યાર્થીઓએ તેમના ઇનોવેટિવ આઈડિયાથી બિઝનેસ મોડેલ અને ૨૨ વિદ્યાર્થીઓએ રિસર્ચ પેપર રજૂ કર્યા હતા. આની સાથે કોન્કલેવમાં યંગ એન્ટરપ્રિન્યોર દ્વારા 'ઇન્ડિયન ઇકોસિસ્ટમ ફોર સ્ટુડન્ટ એન્ટરપ્રિન્યોર્સ' વિષય પર પેનલ ડિસ્કશન કરાયું હતું.

ગ્લોબલ વોર્મિંગનું એક કારણ સિમેન્ટ પણ છે. તેથી સિવિલ એન્જિનિયરના સ્ટુડન્ટ્સ હોવાથી નોંધ્યું કે, **વેસ્ટ ગ્લાસનો આપણા દેશમાં કોઈ જ ઉપયોગ થતો નથી અને ૪૫ ટકાજેટલા વેસ્ટ કાચ રિસાઈકલ પણ થતો નથી. તેથી વેસ્ટ ગ્લાસનો ઉપયોગ કરીને કોન્ક્રિટ બનાવ્યો. આને બનાવતા ઇકોનોમિકલ, ઇકો ફ્રેન્ડલી અને એન્હાસ પ્રોપર્ટીને ધ્યાનમાં રાખીને અનોખું ઇનોવેશન કર્યું. આજે સિમેન્ટ ૭/- રૂા. કિલો છે જ્યારે કાચ સિમેન્ટ ૧/- રૂા. પ્રતિ કિલો મળશે.** એટલે ઇકોનોમિકલ ફાયદો થશે. અને આ ગ્લાસ કોન્ક્રિટ વધારે પ્રમાણમાં પાણી પણ સોશી લે છે.

## ક્રાંતિકારી 'જમ્બો જેટ'ની અડધી સદી

| બોઇંગ-૭૪૭ | |
|---|---|
| લંબાઈ | : ૨૩૨ ફીટ ૪ ઈંચ |
| પહોળાઈ | : ૧૯૫ ફીટ, ૮ ઈંચ |
| વજન | : ૩,૩૩,૩૯૦ કિ.ગ્રા. |
| મહત્તમ ઝડપ | : ૧,૦૩૦ કિ.મી. |
| રેન્જ | : ૯,૬૬૦ કિ.મી. |
| ઉડ્ડયન ઊંચાઈ | : ૪૫,૦૦૦ ફીટ |

**બોઇંગ કંપની**એ બોઇંગ-૭૪૭ નામે ઓળખાતું વિમાન બનાવ્યું છે. બિગ બર્ડ નામે ઓળખાતા આ વિમાને પ્રવાસનો સમય ટૂંકો કરવાનું મહત્ત્વનું કામ કર્યું છે. માટે જાણે કે આખી દુનિયા ટૂંકી થઈ ગઈ છે. એ વિમાને બરાબર અડધી સદી પહેલા ૧૯૬૯ની ૮મી ફેબ્રુઆરીએ પહેલી ઉડાન ભરી હતી.

૧૯૦૩માં વિમાનની શોધ થયા પછી અડધી સદી સુધી વિમાની ટેકનોલોજીમાં ખાસ ક્રાંતિકારી પરિવર્તન આવ્યું ન હતું. એ પછી અમેરિકાની ૧૯૧૬માં સ્થપાયેલી બોઇંગે કદાવર અને ઝડપી વિમાન બનાવવાની શરૂઆત કરી. એ સિરીઝમાં જે નોંધપાત્ર વિમાન બન્યું એ બોઇંગ-૭૪૭, જે 'બિગ બર્ડ' અથવા 'જમ્બો જેટ' તરીકે પણ ઓળખાય છે.

★ અમેરિકાના સિએટલ પાસે આવેલા એવરેટ ખાતેના કારખાનામાં પહેલું વિમાન બન્યું. તેને જોવા માટે ૧૯૬૮ની ૩૦મી સપ્ટેમ્બરે જાહેરમાં મૂકાયું હતું. એ પછી ૯મી ફેબ્રુઆરીએ પહેલી ફ્લાઇટ પેરિસના એર શૉ માં યોજાઈ હતી.

★ ૨૦મી સદીમાં હવાઈ મુસાફરી ક્ષેત્રે ડંકો વગાડનારી **'પાન અમેરિકન એરલાઇન્સ'**ના સ્થાપક જુઆન ટ્રીપે સૌથી પહેલા મોટા વિમાન માટે બોઇંગ કંપની સમક્ષ વિચાર રજૂ કર્યો હતો. એ વખતે સૌથી મોટું વિમાન બોઇંગ-૭૦૭ હતું. જુઆનના આઇડિયા પછી બોઇંગે ૭૦૭ કરતાં ક્યાંય મોટું, લાંબી મુસાફરી કરી શકે એવું અને વધુ મુસાફરોને સમાવી શકે એ પ્રકારનું વિમાન બોઇંગ-૭૪૭ તૈયાર કર્યું. કદાવર વિમાન તૈયાર કરવાનો આઇડિયા કંપનીને નહીં પણ ગ્રાહકને આવ્યો હતો. **એ વિમાને ઉડવાની શરૂઆત કરી એ સાથે હવાઇયાત્રાના સમીકરણો પણ બદલાવા લાગ્યા.**

★ એ વિમાનના કદનો એ વાતે પણ ખ્યાલ આવે કે એવડું વિમાન તૈયાર કરવા બોઇંગ કંપનીએ નવી ફેક્ટરી સ્થાપવી પડી હતી. જે ફેક્ટરી હતી એમાં વિમાન સમાઈ શકે એમ ન હતું. **વિમાન સર્જન માટે ૫૬ લાખ ઘન મીટર જગ્યાની જરૂર પડતી હતી.** એ પછી બોઇંગે જે ફેક્ટરી બનાવી, એ કદની દૃષ્ટિએ દુનિયાનું સૌથી મોટું બિલ્ડિંગ હતું. **એમાં પ્રથમ વિમાન તૈયાર કરવા માટે ૫૦ હજાર માણસોએ કામ કર્યું હતું.**

★ સમય પ્રમાણે નવાં નવાં ફેરફારો થતાં ગયા એટલે બોઇંગ-૭૪૭ પાછળ વિવિધ નામો લાગતા ગયા જેમકે બોઇંગ-૭૪૭-૨૦૦, બોઇંગ-૭૪૭-૩૦૦, બોઇંગ-૭૪૭-૮ વગેરે.

★ કંપનીએ અત્યાર સુધીમાં ૧૫૪૮ વિમાનો તૈયાર કર્યા છે, જ્યારે અત્યાર સુધીમાં મળેલો ઑર્ડર ૧૫૭૨ છે. એટલે કે બાકીના વિમાનો બની રહ્યા છે. ૨૦૧૪ની ૨૮મી જૂને લુફથાન્સાને જે બોઇંગ-૭૪૭ની ડિલીવરી આપી એ ૧૫૦૦મું વિમાન હતું. ૧૫૦૦થી વધુ વિમાન બન્યા હોય એવું આ એકમાત્ર પેસેન્જર પ્લેન છે. હવે ઓર્ડર ઓછા થઈ રહ્યા છે. અત્યારે સૌથી મોટા વિમાનનો વિક્રમ બોઇંગની હરીફ **એરબસના વિમાન એ-૩૮૦ના નામે છે.** બીજા ક્રમે બેશક બોઇંગ-૭૪૭-૮ છે. સૌથી લાંબી ફ્લાઇટનો વિક્રમ બોઇંગ-૭૪૭-૮ના નામે છે.

★ અમેરિકાના પ્રમુખના સત્તાવાર પ્લેન તરીકે તેનો ઉપયોગ થાય છે, જેનું નામ એરફોર્સ વન છે. **ભારતમાં પણ વડાપ્રધાનની મુસાફરી માટે આ જ વિમાન વપરાય છે.**

# ફેસબુકના ૧૫ વર્ષ

## પરિવર્તનનો સમય

*જેના વગર લોકોને પળવાર પણ ચાલતું નથી એ ફેસબુકને ૪થી ફેબ્રુઆરીના દિવસે ૧૫ વર્ષ પૂરા થયા છે. સફળતા માટે દોઢ દાયકો મોટો સમય ન કહેવાય, પણ ફેસબુકે તો પંદર વર્ષમાં દુનિયાના ખૂણે ખૂણે સફળતાના ઝંડા ખોડી દીધા છે. ઈન ફેક્ટ, ફેસબુક ખોલ્યા વગર સવાર નથી પડતી અને સાંજ પણ નથી પૂરી થતી એવી વસતી દુનિયામાં બહુ મોટી છે. તેની વિગતો અહીં પ્રસ્તુત છે.*

*– તંત્રી મંડળ*

● **હજાર ડોલરથી શરૂઆત :**

વર્ષ ૨૦૦૪માં માર્ક ઝકરબર્ગે ફેસબુકની સ્થાપના કરવા એક હજાર ડોલર ઉછીના લેવા પડ્યા હતા. હવે પંદરમે વર્ષે માર્ક ઝકરબર્ગની સંપત્તિ જાન્યુઆરી-૨૦૧૯માં ૫૩.૯ અબજ ડોલર નોંધાઈ છે.

માર્ક ઈલિયેટ ઝકરબર્ગના પિતા એડવર્ડ ઝકરબર્ગ દાંતના ડૉક્ટર હતા જ્યારે માતા કેરન સાઈકોથેરાપિસ્ટ તરીકે કામ કરતા હતા. બહુ સમૃદ્ધ નહીં એવા પરિવારે દીકરા માર્કને નાનપણમાં જ કમ્પ્યુટર અપાવી દીધું હતું. માર્કે ૧૨ વર્ષની વયે 'ઝકનેટ' નામે એક સુવિધા ઊભી કરી હતી. ઝકનેટનો ઉપયોગ માર્કના પિતાના દવાખાનામાં કરતા. દવાખાનામાં બહાર બેઠેલી રિસેપ્શનિસ્ટ ઝકનેટ દ્વારા જ અંદર રહેલા ઍડવર્ડને જાણ કરે કે ફલાણા - ઢીંકણા ભાઈને જમણી બાજુનો દાંત દુખે છે. ઝકનેટ દ્વારા ઘરના સભ્યો પણ એકબીજા સાથે સંપર્ક કરી શકતા હતા. એ રીતે કનેકટિંગ કરતી સુવિધા વિકસાવવાની તો માર્કે નાનપણથી જ ફાવટ મેળવી લીધી હતી. હાવર્ડમાં ભણતી વખતે માર્કે પહેલા હાવર્ડના જ વિદ્યાર્થીઓ એકબીજા સાથે ગપ્પા ગોષ્ઠી કરી શકે એવી અને પછી આખા દેશના વિદ્યાર્થીઓ સંપર્કમાં રહી શકે એવી સગવડ ઊભી કરી. એ સગવડ હવે ફેસબુક તરીકે ઓળખાય છે. ૨૦૦૪ના ફેબ્રુઆરીમાં હાવર્ડના પોતાના રૂમમાંથી જ ઉછીના પૈસા લઇ તૈયાર કરેલી સાઈટ ફેસબુકનું લોન્ચિંગ કર્યું. ફેસબુકની સફળતા જોયા પછી ઝકરબર્ગે ભણવાનું પડતું મૂકીને ફેસબુકને જ પોતાનો ફુલટાઈમ વ્યવસાય બનાવી દીધો અને એ પછી આજે ફેસબુકની લોકપ્રિયતા, ત્રેવડ, પહોંચ, અસરકારકતા વગેરેથી આખું જગત વાકેફ છે.

● **ફેસબુક તમારા વિશે શું જાણે છે?**

ફેસબુક તેના યુઝર્સ વિશે ઘણું બધું જાણે છે. તેની જાણકારી ફેસબુક એકાઉન્ટમાંથી જ મળી શકે છે. એ માટે ફેસબુકના સેટિંગ્સમાં ડાઉનલોડ અ કોપી પર ક્લિક કરવાથી આખી ફાઈલ ડાઉનલોડ થશે. થોડીવાર પછી સમગ્ર માહિતી એકઠી થશે અને તે ઝીપ ફાઈલ સ્વરૂપે ડાઉનલોડ કરી શકાશે. તેમાં તમે ફેસબુકમાં શરૂઆતથી અત્યાર સુધી શું કર્યું, કયા ફોટા શૅર કર્યા, કોને લાઈક કર્યા, કેવી પોસ્ટ લખી વગેરે માહિતી હાજર થશે. આપણને યાદ હોય કે ન હોય, ફેસબુકને હશે.

● **ડેટા ચોરી થઈ એમાં પ્રતિષ્ઠા ગઇ :**

માર્ચ ૨૦૧૮માં વિગત સામે આવી કે ફેસબુક પરથી અંદાજે ૫ કરોડ વપરાશકર્તાનો ડેટા ચોરી કરીને બ્રિટિશ ડેટા એનાલિસ્ટ કંપની 'કેમ્બ્રિજ એનાલિટિકા'એ મેળવ્યો હોવાનો ખુલાસો અમેરિકન બ્રિટિશ મિડિયાના સ્ટીંગ ઑપરેશન દરમિયાન સામે આવ્યો હતો. **વાત એમ છે કે અમેરિકી રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી વખતે બ્રિટિશ કંપની કેમ્બ્રિજ એનાલિટિકાએ ટ્રમ્પની મદદ કરી હતી.** આ કંપની ત્યારે ટ્રમ્પની ચૂંટણી પ્રચારની કામગીરી સંભાળતી ટીમમાં સામેલ હતી. તેનો ઉપયોગ મતદાન વખતે લોકોને ગેરમાર્ગે દોરવા માટે થયો હતો.

ભારતમાં પણ આગામી ચૂંટણી વખતે આવી ગરબડ ન થાય એટલા માટે સરકાર સક્રિય છે. અત્યારની આખી દુનિયા ડેટા પર એટલે કે માહિતી પર ચાલે છે. **લોકોના નંબર, સરનામું, ધાર્મિક વિચારધારા, રહેણાંક, શોખ વગેરેની જાણકારી રાખવી એ ડેટા એકઠો કર્યો કહેવાય.** લોકોની પસંદ - નાપસંદ જાણીને તેના આધારે વિવિધ કંપનીઓ તેનું માર્કેટિંગ પ્લાન કરતી હોય છે. ફેસબુકના ૫ કરોડ યુઝર્સની માહિતીનો ઉપયોગ માર્કેટિંગ માટે થઈ રહ્યો છે. **આ બધા યુઝર્સ શું વિચારે છે, ક્યાંના છે, શું લાઈક કરે છે, તેના આધારે તેના સુધી જે - તે રાજકીય પક્ષનો પ્રચાર પહોંચાડવામાં આવે છે.** સતત રાજકીય માહિતી ધરાવતા સાચા કે ખોટા મેસેજ આવ્યા કરે એ પછી મતદારની વિચારધારાને અસરકર્તા હોય છે. ડેટા એનાલિસિસ કંપનીનું એ જ કામ છે. ચૂંટણી વખતે ફેસબુક - વૉટ્સએપ પર અસંખ્ય માત્રામાં ખોટી માહિતી સાથેના રાજકીય મેસેજીસ ફરતા થતા હોય છે. **એ ખોટો પ્રચાર કરવા માટે મતદારોનો સંપર્ક જોઈએ અને એ સંપર્ક મેળવી આપવાનું કામ કેમ્બ્રિજ એનાલિટિકા જેવી કંપની કરતી હોય છે.** અમેરિકામાં કેમ્બ્રિજ એનાલિટિકાએ એ જ કર્યું હતું. જેના કારણે ફેસબુક પર પસ્તાળ પડી રહી છે. ફેસબુકમાં અપાયેલી માહિતી સલામત નથી, એ આવા ઘટનાક્રમથી સાબિત થઈ ચૂક્યું છે.

એ પછી વેબ બ્રાઉઝર મોઝિલાએ ફેસબુક કન્ટેનર નામે

ઍડ-ઓન ફિચર ઉમેરી દીધું છે. **એક ટેબમાં ફેસબુક ખુલ્લું હોય અને બીજી ટેબ્સમાં તમે વિવિધ સાઇટ ખુલ્લી રાખીને કામ કરતા હો ત્યારે ફેસબુકને તમારી ઘણી જાણકારી મળી રહે છે. કેમકે બધી કામગીરી એક જ બ્રાઉઝરમાં ચાલતી હોય છે. ફેસબુકની વેબસાઇટ અને અન્ય વેબસાઇટ વચ્ચે દીવાલનું કામ મોઝીલાનું ફેસબુક કન્ટેનર કરશે. એ એડ ઓન ચાલુ કરી દીધા પછી ફેસબુક તમારી અન્ય વેબસાઇટની પ્રવૃત્તિ જાણી નહીં શકે.**

## Facebook Factfile

★ ફેસબુક પર પહેલા માત્ર લાઇકનું બટન હતું. હવે તો એમાં વૃદ્ધિ કરીને ફેસબુકે ૬ જાતના ઇમોટિકોન લાઇક બટન સાથે જોડી દીધા છે. ૨૦૧૬માં ફેસબુકે આ નવા ઇમોટિકોન દાખલ કર્યા હતા. ફેસબુકના કહેવા પ્રમાણે આ રિએક્શન વિકસાવવા માટે ફેસબુકની ટીમે એક વર્ષ સુધી મહેનત કરી હતી. લોકો કયા પ્રકારની લાગણી વધારે વ્યક્ત કરે છે, તેનો અભ્યાસ કર્યા પછી લાઇક ઉપરાંતના આ પાંચ રિએક્શન્સ ઉમેર્યા હતા.

★ ફાસ્ટફુડ ચેઇન ચલાવતી કંપની મેકડોનાલ્ડની સ્થાપના થઇ એ પછી તેના એક અબજ ગ્રાહકો થતાં ૪૦ વર્ષ લાગ્યા હતા. ફેસબુકે સાત વર્ષમાં જ આ આંકડો હાંસલ કરી લીધો હતો. **અત્યારે ૯૫ અબજ ડોલરની નેટવર્થ સાથે ફેસબુક જગતની સૌથી મોટી બ્રાન્ડ છે.**

★ કેનેડાના વાનકુંવર શહેરમાં ચંક નામના કાગડાનું ફેસબુક પેજ છે. તેના ૨૫ હજાર ફોલોઅર્સ પણ છે.

★ નવેમ્બર ૨૦૧૬માં ફેસબુકની ગરબડથી તેના માલિક માર્ક ઝકરબર્ગ સહિત ૨ લાખ ફેસબુક યુઝર્સ મૃત જાહેર થઈ ગયા હતા.

★ ઝકરબર્ગ, આમ તો ચીનનો જમાઈ છે પણ ચીને જ ફેસબુક પોતાને ત્યાં બ્લોક કરી દીધું છે. ચીનમાં તો એવી ઘણી સાઇટ બ્લોક છે.

★ **ફેસબુકે દુનિયાને એક કરી છે. ફેસબુકે પરિવર્તન કર્યું છે.** ફેસબુકે લોકોને પોતાની વાત રજૂ કરવાની તક પૂરી પાડી છે અને સૌથી મહત્ત્વની વાત કે ફેસબુકે દર વ્યક્તિને સેલિબ્રિટી બનવાની તક પૂરી પાડી છે.

★ સરકારી સિસ્ટમમાં પણ ફેસબુકનો અમલ શરૂ થયો છે. ઑસ્ટ્રેલિયામાં કોર્ટ પણ સત્તાવાર રીતે ફેસબુકનો વપરાશ કરે છે. મતલબ કે તમને ફેસબુક દ્વારા કોર્ટ નોટિસ મળી શકે છે!

★ ફેસબુકના શરૂઆતી હોમપેજ પર હોલિવુડ સ્ટાર અલ પચિનોનો ચહેરો ગોઠવાયેલો હતો.

## ફેસબુક આંકડાશાસ્ત્ર

★ ફેસબુકમાં અત્યારે ૨.૨૭ અબજ એક્ટિવ મન્થલી યુઝર્સ છે. એટલે કે દર મહિને ઓછામાં ઓછું એક વખત ફેસબુક જુએ છે.

★ ફેસબુકના કુલ વપરાશકર્તા પૈકી ૨૯.૭ ટકા વપરાશકારો ૨૫થી ૨૪ વર્ષની વયના છે.

★ દર સેકન્ડે નવા પાંચ ફેસબુક એકાઉન્ટ ખૂલે છે.

★ દરેક યુઝર ફેસબુક પર સરેરાશ ૨૦ મિનિટ પસાર કરે છે.

★ દર મિનિટે ફેસબુક પર સરેરાશ ૫,૧૦,૦૦૦ કોમેન્ટ પસાર થાય છે. ૨,૯૩,૦૦૦ સ્ટેટ પોસ્ટ થાય છે. જ્યારે ૧,૩૬,૦૦૦ ફોટોગ્રાફ્સ અપલોડ થાય છે.

★ ફેસબુક પર રોજના ૪.૭૫ અબજ કન્ટેન્ટ (સામગ્રી) શૅર થાય છે.

## ફેસબુક ટાઇમલાઇન

૨૦૦૪ સ્થાપના થઇ.

૨૦૦૫ ૧૦ લાખ યુઝર્સ થયા.

૨૦૦૬ મોબાઇલ માટે ફેસબુક લૉન્ચ થયું.

૨૦૦૭ બિઝનેસ માટે માર્કેટપ્લેસ સુવિધા શરૂ થઈ.

૨૦૦૮ ફેસબુક ચેટની શરૂઆત થઈ.

૨૦૦૯ લાઇક બટન શરૂ કર્યું.

૨૦૧૦ નવા ગ્રુપ (ન્યુ ગ્રુપ)ની સુવિધા શરૂ કરી.

૨૦૧૧ વીડિયો કોલિંગની સુવિધા દાખલ કરી.

૨૦૧૨ ઇન્સ્ટાગ્રામની ખરીદી કરી.

૨૦૧૩ ફેસબુકના વપરાશકારોની સંખ્યા ૧ અબજને પાર થઈ.

૨૦૧૪ ફેસબુકે વોટ્સઍપની ખરીદી કરી.

૨૦૧૫ ઇન્સ્ટન્ટ આર્ટિકલની સવલત શરૂ કરી.

૨૦૧૬ ૬૬ નવા ઇમોજી (રિએક્શન્સ) લૉન્ચ કર્યા.

૨૦૧૭ બ્લડ ડોનેશન, કિડ્સ મેસેન્જર જેવી સુવિધા શરૂ કરી.

૨૦૧૮ ડેટા લીકથી ફેસબુકની પ્રતિષ્ઠા ખરડાઈ. સિક્યુરિટીના નવાં ફિચર્સ ઉમેરાયા.

## ગોમટેશ્વર મૂર્તિ - કર્ણાટક

*ગોમટેશ્વર બાહુબલી મૂર્તિ ગ્રેનાઇટની એક વિશાળ શિલાને કાપીને બનાવવામાં આવી છે. આ વિશ્વની સૌથી ઊંચી મૂર્તિઓમાંથી એક છે. તેને ગંગ રાજવંશના શાસકે બનાવી હતી.*

## ભુજના લોકો

★ ભુજ સંપૂર્ણપણે વર્તમાનકાળમાં જીવતું શહેર છે. આ શહેરને ભૂતકાળનો બહુ ખાસ રંજ નથી અને ભવિષ્યકાળની બહુ ફિકર પણ નથી.

★ આ શહેરના લોકો વર્તમાનમાં મજા કરી લેવામાં માને છે.

★ અમુક લોકો રાતે ત્રણ વાગે ચા પીને ઘરે જાય છે તો અમુક લોકો ત્રણ વાગે ચા પીવા ઘરમાંથી બહાર નીકળે છે. ટૂંકમાં, ગામ રેઢું ન રહેવું જોઈએ બસ...!

★ જુદા જુદા ગામડાંમાંથી માઈગ્રેટ થઈને જુદી જુદી જાતના-ભાતના લોકોએ ભુજને પચરંગી બનાવ્યું છે. એટલે જ તો ભુજનું કોઈ એક કલ્ચર નથી. બસ, એ જ ભુજનું 'કલ્ચર' છે.

★ ભુજ ગુજરાતીઓનું 'અમેરિકા' છે.

★ ભુજમાં કરોડ રૂપિયાની ગાડીવાળા મોજમાં છે તો રિક્ષાવાળો પણ ઉદાસ નથી.

★ અહીં દરેક માણસ પોતાને પરવડે એવી મોજની ખોજ કરી લે છે.

★ ભુજમાં અગિયારસો રૂપિયાની થાળી લગ્ન પ્રસંગમાં જમાડવાવાળા કેટરિંગનું પણ ચાલે છે, તો ફુટપાથ પર ડબલ રોટી, પાણીપુરી વેચનારો પણ ફ્રી નથી.

★ અહીં ફુટપાથ કોઈની પણ મંજૂરી વગર ચાની લારી માટે પાંચ પાંચ લાખમાં કોઈ પણ જાતના દસ્તાવેજ વગર વેચાઈ જાય છે.

★ એક વાર નરકમાં કેટલાક લોકો આરામથી વડલા હેઠે પાણાનું (પથ્થરનું) ઓશિકું કરીને ઘસઘસાટ સૂતા હતા. ચિત્રગુપ્તે યમરાજાને પૂછ્યું કે, 'આ કોણ છે?' યમરાજ કહે, 'આ ભુજના લોકો છે. તેઓ ગમે ત્યાં સેટ થઈ જાય છે.'

★ ભુજમાં ચાલે, એ આખા ગુજરાતમાં ચાલે.

***હવે ભુજવાસીઓ માટે લખાયેલી એક હળવીફુલ કવિતા માણો....***

એક હાથમાં ફૂલડા રાખે, બીજા હાથમાં ધોકો,
સાવ અનોખા યાર અમારા, ભુજના લોકો...

આંખોમાં સપના લઈ વહેલા ઉઠતા રોજ,
લોકો જ્યાં મસ્તી લૂંટવાનો કાયમ ગોતે મોકો.
સાવ અનોખા યાર અમારા ભુજના લોકો...

ગજબનું શહેર છે યાર આ ભુજ.
રોડના એક કાંઠે તમને પૂર્ણ ભારતીય પોશાકવાળી,
સાડી સેંથાવાળી ગુજરાતણ સ્ત્રી જોવા મળે,
તો સામે કાંઠે બોલ્ડ ટાઈટ જીન્સ અને સ્લીવલેસ ટી-શર્ટમાં, ગલીમાં છાનીમાની સિગારેટ પીતી કન્યા પણ જડી આવે...

જમીનના જ્યાં ભાવ, માણસ કરતાં મોંઘા થઈ રહ્યા છે...
સીંગ રેવડી જેટલા થઈ ગયા શેરદલાલો સોંઘા,
ભાવ અને સ્વભાવ ગયા છે ઊંચા એને રોકો
સાવ અનોખા યાર અમારા ભુજના લોકો....

કો'ક કરોડનું ફૂલેકું ફેરવે તોય એની ગામ નોંધ ન લે,
અને અડધી ચાનો આગ્રહ ન કરો તો ખોટું લાગી જાય.
અહિંયા લોકો સૂઝથી નહીં પણ સેન્ટિમેન્ટ્સથી ધંધો કરે છે

અહિંયાં મોંઘાદાટ લગ્નો થાય ઇ તો સમજ્યા પણ કરોડ કરોડ રૂપિયા પ્રાર્થનાસભા કે સાદડીના સામિયાણાના લોકો ચૂકવે છે. ભુજના લોકોને મોત પણ શાનદાર જ ખપે છે.

મોંઘેરી ગાડી નખરાળી લાડી લઈને ભમવું
ગામ આખાને રવિવારની સાંજે બહાર જ જમવું.
ફેશન સાથે નીકળી પડેલા જુવાનિયાઓને ટોકો,
સાવ અનોખા યાર અમારા ભુજના લોકો....

સેવાના અવતાર સમી છે જ્યાં સંસ્થાઓ સધ્ધર,
સ્વાભિમાનથી જેના લોકો હાલે વેંત એક અધ્ધર...
સાવ અનોખા યાર અમારા ભુજના લોકો...

***સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ (ભુજ) - અમદાવાદ***

## યાદ છે!

ઢળતી સાંજે ગામને ગોંદરે,
ચૂપકીદીથી મળ્યાનું યાદ છે.

તળાવની પાળે વડલાની છાંયે,
પાણીમાં છબછબિયાં કર્યાનું યાદ છે.

અમરાઈવાડીની ઘેઘૂર ઘટામાં,
પરસ્પર સ્પર્શ કર્યાનું યાદ છે.

નદી કિનારે કલકલ સૂરે,
પ્રેમની પળોને વાગોળ્યાનું યાદ છે.

છૂટા પડતાં એકબીજાથી હર્ષાશ્રુ આંખે,
ફરી મળવાનો કોલ દીધાનું યાદ છે.

***– મહેન્દ્ર એચ. મહેતા***
*૨૫, નયનદીપ એપાર્ટમેન્ટ, ચીફ જસ્ટિસ બંગલાની પાછળ, જજિસ બંગલા રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૭૨૪૫ ૧૮૮૨૧*



# બાલુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે ફ્લેટ જે સામે જગુ રેતો સે જડેં બાર ફરેલા વેનેતો તડેં પંઢજી ઘરવાળી જો હથ પંઢજે હથમેં જલ્યો વેતો... અનીંકે પેણે પચ્ચીસ વરે થે વ્યા... તોય જગુજો પ્રેમ ભારી ચોવાજે... કુરો કારણ હુંધો?

બચુડો : (તપાસ કે ને ચેં) જગુકે ઘરવાળી મથે પ્રેમ તા આય પણ અનજી ઘરવાળીજી આદત આય કે જડે સેલજો પાટીયો દસે તેરંઇ દુકાનમેં ઘુસે વેને ને કીં પણ ખરીદી કરે ગેને. અતરે જગુ હાણે પંઢજી ઘરવાળીજો હથ પંઢજે હથમેં જલ્યો જ વેતો.

## ખિલજા મ ભલા

વિનોદ : તારા મતે પત્નીઓના કેટલા પ્રકાર હોઈ શકે?

ચીમન : બે પ્રકાર. એક કેર કરે એટલે કાળજી લે અને બીજો પ્રકાર કાળો કેર કરે એ.

☺ ☺ ☺ ☺ ☺

ચેતન : પ્રિયે... આમ ગુમસુમ કેમ લાગે છે?

ચેતના : તમે ગુસ્સે ન થાવ તો મારે એક વાત કહેવી છે.

ચેતન : બોલને, એમાં આટલી બધી કેમ ગભરાય છે?

ચેતના : તમે મને બહુ ગમતી હતી તે હીરાની વીંટી લઈ આપી હતી, તે ખોવાઈ ગઈ છે.

ચેતન : ખોવાઈ ગઈ તો ગઈ... નારાજ નહીં થાઉં પણ બીજી વાર મારા ખિસ્સા તપાસતી નહીં... તારી વીંટી મારા ખિસ્સામાં પડી ગઈ હતી.

ચેતના : હાશ... હવે ખિસ્સા તપાસતા વધુ ધ્યાન રાખવું પડશે.

☺ ☺ ☺ ☺ ☺

ધનિયો : બાળપણમાં મમ્મીની વાત સાંભળી હોત તો આજે આ દિવસ જોવો ન પડ્યો હોત.

કનીયો : શું વાત હતી મમ્મીની?

ધનિયો : ખબર નહીં... સાંભળી જ નહોતી.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : સુંદર છોકરીને અંગ્રેજીમાં શું કહેવાય?

બંટી : આઈ લવ યુ.

☺ ☺ ☺ ☺ ☺

છગન : આ પત્નીથી તો તોબા પોકારી ગયો છું.

મગન : કેમ શું થયું?

છગન : અરે યાર, ટાઈમ પાસ કરવા હું જૂના ગીતો વગાડીને સાંભળી રહ્યો હતો, ત્યાં પત્નીએ કહ્યું તમે કોની યાદમાં તડપી રહ્યા છો?

મગન : પછી?

છગન : પછી મેં નવા ગીતો વગાડવાના ચાલુ કર્યા.

મગન : હવે તો તકલીફ નહીં થઈ હોય ને?

છગન : ના... હવે પત્નીએ કહ્યું, આ ઉંમરે હવે શેની જવાની ફૂટી રહી છે?

☺ ☺ ☺ ☺ ☺

મોહન : હું રોજ બપોરે ત્રણ કલાક આરામ કરું છું.

સોહન : તો તું બપોરે સૂઈ જાય છે એમ ને?

મોહન : ના ભાઈ, ના... બપોરે પત્ની સૂઈ જાય છે.

☺ ☺ ☺ ☺ ☺

રાજુ : યાર, આ ચોકીદાર રાખવા મોંઘા પડે છે. કોઈ સસ્તો રસ્તો બતાવને...

સંજુ : બાબાને નેટ પૅકનું ફૂલ ચાર્જ કરાવી આપ. આખી રાત જાગ્યા કરશે.

☺ ☺ ☺ ☺ ☺

ચંપકચાચા: યાર, આજે તો જબરું થયું. હું મોટી હોટલમાં ગયો હતો ને ત્યાં ચા મંગાવી. તો વેઈટર ટ્રેમાં ગરમ પાણીનું થર્મોસ, ટી બેગ, દૂધ પાવડરનું પાઉચ અને સુગર ક્યુબ આપી ગયો. માંડ માંડ મેં ચા બનાવી...

જેઠાલાલ : પછી શું થયું?

ચંપકચાચા: વેઈટરે કહ્યું, બીજું કાંઈ લાવું?

જેઠાલાલ : તમે શું કહ્યું?

ચંપકચાચા: આમ તો ગરમાગરમ ભજીયા ખાવાની ઈચ્છા હતી. પણ આટલા નાના ટેબલ ઉપર ચણાનો લોટ, કાંદા, મરચા, તેલની કડાઇ, તેલનો ડબ્બો, ગેસનો ચૂલો ક્યાં મૂકીશ? વેઈટર ભાગી ગયો.

☺ ☺ ☺ ☺ ☺

મનુ : દોસ્ત કનુ, તારા ચાચાને બધા ભમરો કેમ કહે છે? શું ફૂલો પાછળ મંડરાયા કરે છે કે બધાને ડંખ માર્યા કરે છે?

કનુ : ના એવું કાંઈ નથી. એમનું નામ ભવસુકભાઈ મનસુખભાઈ રોહિણીવાળા છે. એટલે ટૂંકમાં એમને બધા 'ભમરો' કહીને બોલાવે છે.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

# જ્ઞાન-ગમ્મત

સંકલન :
શ્રીમતી કિરણબેન પી. ઠક્કર

## ફિલ્મી ફંડા

*દોસ્તો, નીચે આપેલા શબ્દ કોષ્ટકમાં ૮ અક્ષરની ફિલ્મોના નામના શબ્દો વેરવિખેર કરીને મૂકવામાં આવેલા છે. આ શબ્દોને યોગ્ય રીતે ગોઠવી, ફિલ્મનું નામ બનાવી, બાજુમાં આપેલ કોષ્ટકમાં જવાબ લખો. દા.ત. શબ્દ કોષ્ટકમાંથી 'દિવાના', 'મુજસા' અને 'નહીં' શબ્દોને પસંદ કરી યોગ્ય ક્રમાંકમાં ગોઠવતા ''દિવાના મુજસા નહીં'' ફિલ્મનું નામ બનશે....*

चार एक
रात दिल्ही एक
मुजसा मेरा शादी
प्यार पथ्थर आधा कहीं
इन्सान चला देश तेरे
नया मैं राहें दिवाना
दिल
आशिक जाये
संघर्ष दूर आदमी नहीं
चार आधी
ओर
और करने इतिहास
मेरा
गांव जीवन
नहीं
ना हो
अब है

**જવાબો**

(૧) दिवाना मुजसा नहीं
(૨) ____________
(૩) ____________
(૪) ____________
(૫) ____________
(૬) ____________
(૭) ____________
(૮) ____________
(૯) ____________
(૧૦) ____________
(૧૧) ____________
(૧૨) ____________

**(જ્ઞાન-ગમ્મતના બધા જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલા છે.)**

---

*શિક્ષક* : મનુ, તારી હાજરી ઓછી હોવાથી તને પરીક્ષામાં બેસવા દેવામાં નહીં આવે.
*મનુ* : કશો વાંધો નહીં. હું ઊભા ઊભા જ પરીક્ષા આપીશ.

---

*છગન* : જે કોઈ મારી ઈચ્છા પૂરી કરશે તેને હું એક લાખ રૂપિયા આપીશ.
*મગન* : તારી ઈચ્છા શું છે?
*છગન* : મારે બે લાખ રૂપિયા જોઈએ છે.

*વેઈટર (ગ્રાહકને)* : પાંચેક રૂપિયા જેટલી બક્ષીસ લેવામાં હું મારું અપમાન સમજું છું.
*ગ્રાહક* : તો કેટલા આપું?
*વેઈટર* : પાંચ રૂપિયા બીજા આપો.
*ગ્રાહક* : ના. હું બીજીવાર તારું અપમાન કરવા નથી માંગતો!

☺ ☺ ☺

# જ્ઞાન ચકાસો

*આ રમતમાં સામાન્ય જ્ઞાનને અનુરૂપ પ્રત્યેક સવાલના ચાર વિકલ્પો આપેલાં છે. યોગ્ય વિકલ્પ પસંદ કરી તેની સામે (✓) કરો.*

**(૧) વન-ડે ઇન્ટરનેશનલમાં પ્રથમ મેન ઓફ ધ મેચ કોણ હતું?**

(અ) જહોન એડ્રીચ ............ ☐
(બ) કીચ ફ્લેચર.............. ☐
(ક) ડર્ક વેલ્હામ .............. ☐
(ડ) કીમ હ્યુજીસ .............. ☐

**(૨) ભારતીય ક્રાંતિકારીઓમાં સૌથી પ્રથમ ફાંસી કોને અપાઈ?**

(અ) ભગતસિંહ................ ☐
(બ) સુખદેવ .................. ☐
(ક) ખુદીરામ બોઝ ........... ☐
(ડ) ચંદ્રશેખર આઝાદ ......... ☐

**(3) ભારતની પ્રથમ મુસ્લિમ શાસન કરવાવાળી સ્ત્રી કોણ હતી?**

(અ) નૂરી ..................... ☐
(બ) બેનઝીર ભુટ્ટો ............ ☐
(ક) રઝિયા બેગમ ............ ☐
(ડ) બેગમ અખ્તર ............ ☐

**(૪) કયા ક્રિકેટરે નવ વિકેટ એક જ ઇનિંગ્સમાં લીધી હતી?**

(અ) જસુ પટેલ ............... ☐
(બ) કરસન ઘાવરી............ ☐
(ક) દીપક શોધન ............. ☐
(ડ) અંશુમન ગાયકવાડ ....... ☐

**(૫) આમાંથી મુંબઈમાં કઈ જગ્યા સ્થાપિત છે?**

(અ) ગોળ ગુંબજ.............. ☐
(બ) કમલા નહેરુ પાર્ક ........ ☐
(ક) રૉક ગાર્ડન............... ☐
(ડ) ગાંધી આશ્રમ ........... ☐

**(૬) ક્રિકેટના પિતાનો ખ્વાબ કયા ખેલાડીને અપાયો છે?**

(અ) ચાર્લ જેમ્સ.............. ☐
(બ) ડબલ્યુ.જી. ગ્રેસ .......... ☐
(ક) ઈયાન બોથમ ............ ☐
(ડ) એલન બોર્ડર ............. ☐

**(૭) વિશ્વનું સૌથી જૂનું સમાચાર પત્ર કયું?**

(અ) ન્યુયોર્ક ટાઈમ્સ ........... ☐
(બ) સ્વીડન ઑફિશિયલ જરનલ ..... ☐
(ક) ટાઈમ્સ ઑફ ઈન્ડિયા .... ☐
(ડ) ડોન ..................... ☐

**(૮) વિશ્વનો સૌથી ગરીબ દેશ કયો?**

(અ) નેપાળ ................... ☐
(બ) ભૂતાન .................. ☐
(ક) ઈઝરાયલ................. ☐
(ડ) ઈજિપ્ત.................. ☐

**(૯) ભારતમાં સૌથી મોટી વિશ્વવિદ્યાલય કઈ?**

(અ) મુંબઈ વિશ્વવિદ્યાલય ...... ☐
(બ) મદ્રાસ વિશ્વવિદ્યાલય ...... ☐
(ક) કલકત્તા વિશ્વવિદ્યાલય .... ☐
(ડ) દિલ્હી વિશ્વવિદ્યાલય ...... ☐

**(૧૦) વિશ્વનો કયો દેશ ક્યારેય ગુલામ નથી થયો?**

(અ) નેપાળ ................... ☐
(બ) સિલોન .................. ☐
(ક) ફિજી..................... ☐
(ડ) કુવૈત..................... ☐

**(૧૧) કયા દેશમાં એક પણ નદી નથી?**

(અ) દક્ષિણ આફ્રિકા ........... ☐
(બ) ઈજિપ્ત................... ☐
(ક) ઈઝરાયલ................. ☐
(ડ) સાઉદી આરબ............ ☐

**(૧૨) દિલ્હી ભારતની રાજધાની કઈ સાલમાં બન્યું?**


(અ) ૧૯૦૫ .................. ☐
(બ) ૧૯૦૬ .................. ☐
(ક) ૧૯૧૧ .................. ☐
(ડ) ૧૯૧૨ .................. ☐

## બંધારણીય સુધારા કરતા, સત્તાધીશોની નિષ્ઠા જરૂરી છે

૨૨૫ વર્ષ પહેલાં તૈયાર કરાયેલા અમેરિકાના બંધારણમાં માંડ ૨૭ વાર સુધારા કરાયા છે, જ્યારે આપણે ૭૦ વર્ષમાં ૧૦૦ વાર સુધારા કર્યા છે અને આ પ્રોસેસ આજે પણ ચાલુ છે. બંધારણ ગમે તે હોય પણ જરૂરી નિષ્ઠા સત્તાધારીઓમાં હોવી જરૂરી છે.

## શબ્દ ચોરસ

*મિત્રો, આ રમતમાં આડી ચાવી અને ઊભી ચાવીને અનુરૂપ યોગ્ય શબ્દ શોધી કાઢો.*





**આડી ચાવી**

૧. તહેવાર
૨. શ્રીકૃષ્ણના મામા

**ઊભી ચાવી**

૨. ધ્રુજારી
૩. બધું, સઘળું





**આડી ચાવી**

૧. શ્રીરામના એક પુત્ર
૨. શહેર

**ઊભી ચાવી**

